કા.સ.ઠ.નં.૬૧ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૧.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના કાયમી કર્મચારી શ્રી સુરેશચંદ્ર જે. ખંભાતી વિગેરે જુદા જુદા શાખાના નિવૃત્ત થયેલ કાયમી કર્મચારીઓની કુલ–૩૦૦ (ત્રણસો) હકક રજા જમા, પગારના ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

**<u>ઠરાવ.:</u>**

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના કાયમી કર્મચારી શ્રી સુરેશચંદ્ર જે. ખંભાતી વિગેરે જુદા જુદા શાખાના નીચે જણાવેલ નામોવાળા નિવૃત્ત થયેલ કાયમી કર્મચારીઓની કુલ–૩૦૦ (ત્રણસો) હકક રજા જમા, પગારના ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તીની તારીખ. |
|---|---|---|---|
| ૧ | શ્રી સુરેશચંદ્ર જે. ખંભાતી | વારીગૃહ | ૩૦–૧૧–૨૦૨૦ |
| ૨ | શ્રી અશોક ભાણાભાઈ પટેલ | ઓકટ્રોઈ | ૩૧–૦૩–૨૦૨૧ |
| ૩ | શ્રી પ્રમોદ એન. રાણા | વહીવટી | ૩૦–૦૪–૨૦૨૧ |
| ૪ | શ્રી જયંતીભાઈ રમણભાઈ પટેલ | વારીગૃહ | ૩૦–૦૬–૨૦૨૧ |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૬૨ / તા.: ૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૨.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા, વલસાડના જુદા જુદા શાખામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા પટેલ ધનસુખ હરીભાઈ વિગેરેઓ નિવૃત્ત થતાં ગ્રેજયુઈટી, પેન્શન, વિગેરે ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, વલસાડના કાયમી ફરજ બજાવતા જુદા જુદા શાખાના નીચે જણાવેલ કાયમી કર્મચારીઓ નિવૃત થતાં તેમની નિયમોનુસાર નીકળતી નીચે જણાવ્યા મુજબની ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન વિગેરેની ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ નં | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | ગ્રેજયુઈટી રૂા. | રૂપાંતરીત પેન્શન | પેન્શન રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | પટેલ ધનસુખ હરીભાઈ | આરોગ્ય | ૨૯–૦૪–૨૦૨૧ (મરણ) | ૭,૨૨,૩૦૪/– | ––– | ૫૭૦૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૨ | કુંકણા પ્રવીણ છનીયાભાઈ | આરોગ્ય | ૦૯–૦૫–૨૦૨૧ (મરણ) | ૧૦,૦૦,૦૦૦/– | ––– | ૬૨૭૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૩ | પટેલ જયંતિ રમણભાઈ | વારિગૃહ | ૩૦–૦૬–૨૦૨૧ | ૬૦૩૧૯૦/– | ૩૨૭૮૭૫/– | ૮૧૬૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૪ | સોલંકી ધનેશ હરીભાઈ | આરોગ્ય | ૩૧–૦૭–૨૦૨૧ | ૫૨૯૬૮૩/– | ૨૩૯૧૩૪/– | ૬૦૮૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૫ | દલગશ ગોપી મંગાભાઈ | આરોગ્ય | ૩૧–૦૭–૨૦૨૧ | ૫૪૬૨૪૯/– | ૨૪૬૬૦૭/– | ૬૨૭૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૬ | મહિડા જગદીશસિંહ માનસિંહ | હોસ્પીટલ | ૩૧–૦૮–૨૦૨૧ | ૧૦૦૦૦૦૦/– | ૫૪૬૮૬૧/– | ૧૩૬૧૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૭ | પટેલ અજીતભાઈ જેરામભાઈ | બાંધકામ | ૩૧–૦૮–૨૦૨૧ | ૫૪૬૨૪૯/– | ૨૪૬૬૦૭/– | ૬૨૭૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૬૩ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૩.

વિષયઃ– વલસાડ નગરપાલિકા–વલસાડના મોગરાવાડી ઝોન ઓફિસમાં કલાર્ક તરીકે ફરજ બજાવતાં રોજમદાર પગારદાર કર્મચારી મિસ્ત્રી ભાવનાબેન નવીનભાઈ વિગેરેઓ નિવૃત થયેલ હોય, તેમને ઔદ્યોગીક એકટ મુજબ ગ્રેજયુઈટી ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના જુદા જુદા શાખામાં ફરજ બજાવતાં રોજમદાર પગારદાર કર્મચારી મિસ્ત્રી ભાવનાબેન નવીનભાઈ વિગેરેઓ જુદા જુદા શાખાના નીચે જણાવેલ નામોવાળા નિવૃત્ત થયેલ / મરણ પામેલ રોજમદાર પગારદાર કર્મચારી આદ્યોગિક એકટ મુજબ નીચે જણાવ્યા મુજબની ગ્રેજયુઈટીની રકમ ચુકવવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | ગ્રેજયુઈટી રૂા. |
|---|---|---|---|---|
| ૧ | મિસ્ત્રી ભાવનાબેન નવીનભાઈ | મોગરાવાડી ઝોન ઓફીસ | ૩૧–૧૨–૨૦૨૦ (સ્વૈ.નિવૃત) | ૧,૦૯,૯૯૯/– |
| ૨ | સવિતાબેન બાબુભાઈ માંગ | બાંધકામ | ૩૧–૦૫–૨૦૨૧ | ૧,૨૫,૩૪૮/– |
| ૩ | આસિફ ઈસ્માઈલ શેખ | લાઈટ | ૨૨–૦૪–૨૦૨૧ (મરણ) | ૨,૮૨,૭૩૫/– |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૬૪ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૪.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી શ્રી વિજયભાઈ ડાહયાભાઈ દેસાઈ વિગેરે જુદા જુદા શાખાના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના દરો વધવાથી તે આધારિત ગ્રેજયુઈટી તફાવતની ચુકવવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના નિવૃત્ત થયેલા કર્મચારીઓને નિવૃત્તિના સમયે વલસાડ નગરપાલિકામાં પ્રવર્તમાન મોંઘવારી ભથ્થાના દરો નીચે પ્રમાણે ગ્રેજયુઈટી હકક રજાની ચુકવણી ચુકવવામાં આવેલ હતી. પરંતુ નિવૃત્તિ સમયે મોંઘવારી દરોમાં વધારો થતાં તેઓને નીચે મુજબની વિગતે તફાવતની રકમ ચુકવવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| કર્મચારીનું નામ. | નિવૃતિ તારીખ | ગ્રેજયુઈટી/ હકક રજા | ચુકવેલ મોંધવારી ભથ્થા દર | ચુકવવા પાત્ર મોંધવારી ભથ્થા દર | ચુકવેલ ગ્રેજયુઈટી | ચુકવવાપાત્ર ગ્રેજયુઈટી | તફાવત |
|---|---|---|---|---|---|---|---|
| વિજય ડાહયાભાઈ દેસાઈ | ૩૧/૦૭/૨૦૧૫ | ગ્રેજયુઈટી | ૧૧૩ | ૧૧૯ | ૫૭૨૮૬૪ | ૫૮૯૦૦૦ | ૧૬૧૩૬ |
| વિજય ડાહયાભાઈ દેસાઈ | ૩૧/૦૭/૨૦૧૫ | હકકરજા | ૧૧૩ | ૧૧૯ | ૩૪૭૧૯૦ | ૩૫૬૯૭૦ | ૯૭૮૦ |
| ગુલામહુસેન એ.ખલીફા | ૨૮/૦૨/૨૦૧૫ | ગ્રેજયુઈટી | ૧૦૦ | ૧૧૩ | ૩૪૫૬૨૧ | ૩૬૦૬૪૮ | ૧૫૦૨૭ |
| અશોક ડી. પટેલ | ૩૦/૦૯/૨૦૧૬ | ગ્રેજયુઈટી | ૧૨૫ | ૧૩૨ | ૩૦૫૬૫૬ | ૩૧૫૧૭૨ | ૯૫૧૬ |
| ભગુભાઈ એમ. પટેલ | ૩૧/૦૩/૨૦૧૩ | ગ્રેજયુઈટી | ૬૫ | ૮૦ | ૨૫૪૩૮૫ | ૨૭૫૦૯૪ | ૨૦૭૦૯ |
| કાંતિલાલ એન.ભંડારી | ૨૮/૦૨/૨૦૧૫ | ગ્રેજયુઈટી | ૧૦૭ | ૧૧૩ | ૫૫૬૭૨૭ | ૫૭૨૮૬૪ | ૧૬૧૩૭ |
| જયોતિષ એન. સોલંકી | ૩૧/૦૩/૨૦૧૦ | ગ્રેજયુઈટી | ૩૫ | – | ૨૫૫૭૨૪ | ૩૬૦૦૫૨ | ૧૦૪૩૨૮ |
| સુરેશભાઈ આર. પટેલ | ૩૦/૦૬/૨૦૧૯ | ગ્રેજયુઈટી | ૧૪૨ | ૧૫૪ | ૪૫૭૫૯૫ | ૪૮૦૨૮૨ | ૨૨૬૮૭ |
| રમેશ એન. પટેલ | ૩૦/૦૬/૨૦૧૮ | ગ્રેજયુઈટી | ૧૩૬ | ૧૪૨ | ૩૮૮૩૩૫ | ૩૯૮૨૦૫ | ૯૮૭૦ |
| ગોકુળભાઈ સી. પટેલ | ૩૦/૦૬/૨૦૧૯ | ગ્રેજયુઈટી | ૧૪૨ | ૧૫૪ | ૩૧૭૪૧૨ | ૩૩૩૧૪૪ | ૧૫૭૩૨ |
| જયંતી સોમાભાઈ પટેલ | ૩૧/૦૩/૨૦૧૮ | ગ્રેજયુઈટી | ૧૪૨ | ૧૩૬ | ૨૭૮૯૬૦ | ૨૯૫૨૭૪ | ૧૬૩૧૪ |
| મંગુભાઈ સી. નાયકા | ૩૧/૧૦/૨૦૧૮ | ગ્રેજયુઈટી | ૧૩૬ | ૧૪૮ | ૪૫૯૮૮૮ | ૪૮૩૨૫૨ | ૨૩૩૬૪ |
| મંગુભાઈ સી. નાયકા | ૩૧/૧૦/૨૦૧૮ | હકક રજા | ૧૩૬ | ૧૪૮ | ૨૭૮૭૨૦ | ૨૯૨૮૮૦ | ૧૪૧૬૦ |
| બાબુભાઈ બી.પટેલ | ૩૦/૦૪/૨૦૧૬ | ગ્રેજયુઈટી | ૧૧૯ | ૧૨૫ | ૫૮૧૦૪૮ | ૫૯૬૯૭૦ | ૧૫૯૨૨ |
| બાબુભાઈ બી. પટેલ | ૩૦/૦૪/૨૦૧૬ | હકક રજા | ૧૧૯ | ૧૨૫ | ૩૫૨૧૫૦ | ૩૬૧૮૦૦ | ૯૬૫૦ |
| મંગાભાઈ ફૂલજીભાઈ | ૩૧/૦૭/૨૦૧૯ | ગ્રેજયુઈટી | ૧૪૨ | ૧૬૪ | ૪૭૧૫૭૦ | ૫૧૪૪૩૭ | ૪૨૮૬૭ |
| મંગાભાઈ ફૂલજીભાઈ | ૩૧/૦૭/૨૦૧૯ | હકક રજા | ૧૪૨ | ૧૬૪ | ૨૮૫૮૦૦ | ૩૧૧૭૯૦ | ૨૫૯૯૦ |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૬૫ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૫.

વિષયઃ– વલસાડ નગરપાલિકા–વલસાડમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતાં કર્મચારીશ્રી રામુભાઈ પી. સોલંકીનું તા.: ૨૬–૦૭–૨૦૨૦ ના રોજ અવસાન થયેલ છે. તેઓના વારસદાર ધર્મપત્નીને નગરપાલિકા ધ્વારા નિયમોનુસાર નાણાં / પેન્શન ચુકવવાપાત્ર થાય છે. પરંતુ આ નાણાં મેળવવા માટે તેઓના વારસદાર તરીકે બે પત્નીઓ ધ્વારા માંગણી કરવામાં આવેલ છે. જે અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા–વલસાડમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતાં કર્મચારી, સોલંકી રામુભાઈ પરસોત્તમ તા.: ૨૬–૦૭–૨૦૨૦ ના રોજ મરણ પામેલ જેમને નિવૃત્તિ / મૃત્યુ પછી નિયમોનુસાર મળવાપાત્ર રકમની ચુકવણી કરવા માટે, સોલંકી રામુભાઈ પરસોત્તમના સર્વિસ બુકમાં વારસાઈ ફોર્મમાં નિયુકતા તરીકે ભગવતીબેન રામુભાઈ સોલંકીનું નામ ચાલી આવેલ છે. પરંતુ આ અંગે આશાબેન રામુભાઈ સોલંકી ધ્વારા પણ મરતોત્તર લાભ આપવા અંગે અરજ કરેલ છે. તે માટે તેઓ ધ્વારા સરકારશ્રી ધ્વારા આપવામાં આવતાં આધારકાર્ડ, પાનકાર્ડ, રેશનકાર્ડ તથા ચુંટણી કાર્ડની નકલ આધાર પુરાવા તરીકે રજુ કરેલ છે.

વધુમાં, જણાવવાનું કે, મૃત્યુ પામેલ કર્મચારીના હકકના નાણાંની માંગણી કર્મચારીના વારસદાર તરીકે ભગવતીબેન રામુભાઈ સોલંકી અને આશાબેન રામુભાઈ સોલંકી ધ્વારા અરજી કરીને ગ્રેજયુઈટી, પેન્શનની માંગણી કરવામાં આવેલ છે. વલસાડ નગરપાલિકા આવક નં.–૨૧૯૨ તા. ૨૪–૦૯–૨૦૨૦ અને આવક નં. ૪૧૬૪ તા.૩૦–૧૨–૨૦૨૦, આવક નં. ૪૩૮૩ તા.૦૭–૦૧–૨૦૨૧, આવક નં. ૫૬૨ તા.૨૬–૦૪–૨૦૨૧, થી આશાબેન રામુભાઈ સોલંકી ધ્વારા પણ સ્વર્ગીય સોલંકી રામુભાઈ પરસોત્તમનાં નીકળતાં નાણાં ચુકવવા વારસદાર તરીકે મળવાપાત્ર લાભ આપવા બાબતની અરજીઓ કરેલ છે. સાથે જ વલસાડ નગરપાલિકા આવક નં. ૪૭૯૩ તા.૨૮–૦૧–૨૦૨૧ થી ભગવતી રામુભાઈ સોલંકી ધ્વારા સ્વર્ગીય સોલંકી રામુભાઈ પરસોત્તમનું ચાલુ નોકરીએ અવસાન થવાથી હકક, દાવા અધિકારની રકમ મેળવવા બાબતની અરજી કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ મરણ પામેલ કર્મચારીના હકકના નાણાંની માંગણી ભગવતીબેન રામુભાઈ સોલંકી અને આશાબેન રામુભાઈ સોલંકીનાઓ ધ્વારા કરવામાં આવેલ હોય, ગુજરાત મુલ્કી સેવા ( પેન્શન ) નિયમો ૨૦૦૨, ના નિયમ ૯૧ (૨) (૧) મુજબ, " જયારે કુટુંબ પેન્શન એક કરતાં વધુ વિધવાઓને ચુકવણીને પાત્ર હોય ત્યારે વિધવાઓને તે સરખા હિસ્સે ચૂકવવામાં આવશે. " તેવું ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨માં નાણાંકીય જોગવાઈનાં નિયમોમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે મુજબ કર્મચારીના વારસદાર તરીકે અરજદાર બંને વિધવાઓને સરખે હિસ્સે નીકળતાં નાણાં ચુકવવા અંગેની નિયમોનુસાર જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૬૬ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૬.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા આવક નં.૭૩૭ તા.: ૧૩/૦૫/૨૦૨૧ થી વકીલશ્રી યોગી ગઢીયાનું બીલ નં.YKG / 13 / 21-22 તા.:૧૦–૦૫–૨૦૨૧ થી રૂા.૧૯૯૫૦/– આવેલ બીલ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડનું ઈપીએફઓ રિજનલ ઓફિસ, વાપી ખાતે 7-A અંગેનો ફાઈનલ ઓર્ડર આપવામાં આવેલ છે. જેમાં વલસાડ નગરપાલિકામાં કામ કરતાં કોન્ટ્રાકટરો અને વલસાડ નગરપાલિકા ખાતે કામ કરતાં કર્મચારીઓનું ઈપીએફ કોન્ટ્રીબ્યુશનની રકમ ભરપાઈ કરવા જણાવેલ હતું. આ રકમ ભરપાઈ ન કરતાં આ રકમ નગરપાલિકાના એકાઉન્ટમાંથી કાપી લીધેલ હતી. સદર બાબતે વકીલશ્રીનો અભિપ્રાય મંગાવતા વકીલશ્રી યોગી ગઢીયાનું બીલ નં.YKG / 13 / 21-22 તા.:૧૦–૦૫–૨૦૨૧ થી રૂા.૧૯૯૫૦/–પુરાનું આવેલ છે. જેનું બીલ બનાવી ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૬૭ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૭.

વિષયઃ– ના.ભારત સરકારશ્રીના નિયમો  હેઠળ કોન્ટ્રાકટર / સપ્લાયર્સના બીલોમાંથી TDS ની કપાત કરવામાં આવે છે. જે  અંગેના આવેલ પત્ર મુજબ u/s 234E થી ઈન્ટરેસ્ટની રકમ  જમા કરાવવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા – વલસાડ ધ્વારા નામદાર ભારત સરકારશ્રીના નિયમો હેઠળ કોન્ટ્રાકટર / સપ્લાયર્સના બીલોમાંથી TDS ની કપાત કરવામાં આવે છે. જે મુજબ નગરપાલિકા ધ્વારા બધા કોન્ટ્રાકટરના બીલોમાંથી TDS  કપાત કરી સરકારશ્રીના સદરમાં જમા કરાવવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ થી વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન TDS રિટન ફાઈલ કરવામાં વિલંબને કારણે વર્ષ ૨૦૧૨–૧૩  થી વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન ઈન્કમ ટેક્ષ એકટ–૧૯૬૧ u/s 234E મુજબ વલસાડ નગરપાલિકા આવક નં.–૩૨૬૦ / તા.૦૧–૦૩–૨૧ માં જણાવ્યાથી નીચે મુજબ ઈન્ટરેસ્ટની રકમ ભરપાઈ કરવાની થાય છે. જે રકમ ભરપાઈ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | નાણાંકીય વર્ષ | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૧૪૯૬૦૦.૦૦ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૩૬૪૦૦.૦૦ |
| ૩ | ૨૦૧૪–૧૫ | ૧૩૬૦૦.૦૦ |
| ૪ | ૨૦૧૫–૧૬ | ૧૮૦૦.૦૦ |
| ૫ | ૨૦૧૬–૧૭ | ૦.૦૦ |
| ૬ | ૨૦૧૭–૧૮ | ૦.૦૦ |
| ૭ | ૨૦૧૮–૧૯ | ૦.૦૦ |
| ૮ | ૨૦૧૯–૨૦ | ૧૨૦૦.૦૦ |
| | કુલ.. | ૨૦૨૬૦૦.૦૦ |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૬૮/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૮.

વિષય:– વલસાડ નગરપાલિકાના કાયમી કર્મચારીશ્રી જયેશ નાનુભાઈ કુંકણાની તા.:૩૧–૦૭–૨૦૨૧ ના રોજની ફરજ બજાવી સ્વૈચ્છીક નિવૃતીની માંગણી કરતી આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના કાયમી કર્મચારીશ્રી જયેશ નાનુભાઈ કુંકણા મૂળ નિમણુંક તા.: ૧૯/૦૯/૧૯૯૧ થી ઓકટ્રોઈ શાખામાં કલાર્ક તરીકે થયેલ હતી. તેમને તેમની નાદુરસ્ત તબીયતના કારણે તા.: ૩૧/૦૭/૨૦૨૧ થી તેમની ફરજમાંથી સ્વૈચ્છીક નિવૃતિ માંગેલ છે.

જી.સી.એસ.આર. ( પેન્શન )ના નિયમો–૨૦૦૨ ના પ્રકરણ (૩) (નિવૃત્તિ) ૫ (પાંચ) ની જોગવાઈ..

આ નિયમના પેટા નિયમ (૧) અને (૨) માં કોઈપણ મજકુર હોય તેમ છતાં નીચેના કિસ્સા મુજબના કોઈપણ કર્મચારી–૦૩ માસથી ઓછી નહી તેવી લેખીત નોટીશ યોગ્ય અધિકારીને આપી નિવૃત્ત થઈ શકશે.

(૧) પેટાનિયમ (૪) (ક) (૧) માં દર્શાવેલ સરકારી કર્મચારીઓ, પચાસ વર્ષની ઉમર પુરી થયેથી.

(૨) પેટાનિયમ (૪) (ક) (૨)અને ૪(અ) માં દર્શાવેલ સરકારી કર્મચારીઓ, પંચાવન વર્ષની ઉમર પુરી થયેથી.

ઉપરોકત દર્શાવેલ જોગવાઈઓ પૈકી જોગવાઈ ૫(૧) મુજબ સદર કર્મચારીની ઉમર હાલે ૫૫ ( પંચાવન ) વર્ષની હોઈ આ જોગવાઈ તેમને લાગુ પડતી હોઈ તેઓ સ્વૈચ્છીક નિવૃતિ લઈ શકે છે. બીજું તેમણે નગરપાલિકાને ૦૩–માસ અગાઉ આ બાબતે જાણ કરતી એડવાન્સ નોટીશ પણ તા.: ૨૨–૦૪–૨૦૨૧ ના રોજ આપેલ છે. જે જોતાં તેમની સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવા પાત્ર જણાય છે.

ઉપરોકત હકીકતોથી વિદિત થતાં અરજદારની સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવા તથા નિવૃત્તી બાદના લાભો આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૬૯ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૯.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના કાયમી કર્મચારીશ્રી ડૉ.શ્વેતા ટી. દેસાઈની તા.:૦૧–૦૮–૨૦૨૧ ના રોજની ફરજ બજાવી સ્વૈચ્છીક નિવૃતીની માંગણી કરતી આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના કાયમી કર્મચારીશ્રી ડૉ.શ્વેતા ટી. દેસાઈ મૂળ નિમણુંક તા.: ૦૧/૦૮/૧૯૯૪ થી શ્રી ફિરોજશા રૂસ્તમજી શ્રોફ હોમીયોપેથીક દવાખાનામાં મેડીકલ ઓફિસર તરીકે થયેલ હતી. તેમણે તા.:૦૧/૦૮/૨૦૨૧ થી તેમની ફરજમાંથી સ્વૈચ્છીક નિવૃતિ માંગેલ છે.

જી.સી.એસ.આર. ( પેન્શન )ના નિયમો–૨૦૦૨ ના પ્રકરણ (૩) (નિવૃત્તિ) ૫ (પાંચ) ની જોગવાઈ..

આ નિયમના પેટા નિયમ (૧) અને (૨) માં કોઈપણ મજકુર હોય તેમ છતાં નીચેના કિસ્સા મુજબના કોઈપણ કર્મચારી–૦૩ માસથી ઓછી નહી તેવી લેખીત નોટીશ યોગ્ય અધિકારીને આપી નિવૃત્ત થઈ શકશે.

(૧) પેટાનિયમ (૪) (ક) (૧) માં દર્શાવેલ સરકારી કર્મચારીઓ, પચાસ વર્ષની ઉમર પુરી થયેથી.

(૨) પેટાનિયમ (૪) (ક) (૨)અને ૪(અ) માં દર્શાવેલ સરકારી કર્મચારીઓ, પંચાવન વર્ષની ઉમર પુરી થયેથી.

ઉપરોકત દર્શાવેલ જોગવાઈઓ પૈકી જોગવાઈ ૫(૧) મુજબ સદર કર્મચારીની ઉમર હાલે ૫૫ ( પંચાવન ) વર્ષની હોઈ આ જોગવાઈ તેમને લાગુ પડતી હોઈ તેઓ સ્વૈચ્છીક નિવૃતિ લઈ શકે છે. બીજું તેમણે નગરપાલિકાને ૦૩–માસ અગાઉ આ બાબતે જાણ કરતી એડવાન્સ નોટીશ પણ તા.: ૨૯–૦૪–૨૦૨૧ ના રોજ આપેલ છે. જે જોતાં તેમની સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવા પાત્ર જણાય છે.

ઉપરોકત હકીકતોથી વિદિત થતાં અરજદારની સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવા તથા નિવૃત્તી બાદના લાભો આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૭૦ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૧૦.</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની ૧૫માં નાણાંપંચ ગ્રાંટની ફાળવેલ ગ્રાંટમાંથી કામો નકકી કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ગુજ.મ્યુનિ. ફાઈ.બોર્ડ,ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.– (૧)મફબ / યુ–ર / ૧૫મું નાણાંપંચ / પ્રથમ હપ્તો / ૨૦૨૦–૨૧ / ૭૫૨૩ તા.:૦૧–૦૬–૨૦૨૦. (૨)મફબ / યુ–ર / ૧૫મું નાણાંપંચ / ૨૦૨૦–૨૧ / ૨૧૬૮૯ તા.:૨૮–૧૨–૨૦૨૦. (૩)મફબ / યુ–ર / ૧૫મું નાણાંપંચ / ૨૦૨૧ / ૨૦૪૧ તા.:૨૨–૦૧–૨૦૨૧– તાંત્રિક મંજુરી થી સંદર્ભ (૧) અને (૨) હેઠળના પત્ર ધ્વારા વલસાડ નગરપાલિકા– વલસાડને ૧૫માં નાણાંપંચ ગ્રાંટ હેઠળ સંદર્ભ (૧) મુજબ ફાળવેલ ગ્રાંટ રૂા.૧૫૩૯૯૪૮૫.૦૦,અને સંદર્ભ(૨) મુજબ ફાળવેલ ગ્રાંટ રૂા.૧,૫૪,૫૫,૮૯૧.૦૦ મળી કુલ ગ્રાંટ રૂા.૩૦૮૫૫૩૭૬.૦૦ ફાળવવામાં આવેલ છે. જે ૧૫માં નાણાંપંચ ગ્રાંટની શરતો મુજબ અગ્રતાક્રમના ધોરણે ફાળવેલ ગ્રાંટના સ્થાનિક જરૂરીયાત મુજબના કામો (૫૦%) મુજબ પીવાના પાણીના કામો (૨૫% મુજબ) તથા ઘનકચરાના વ્યવસ્થાપન માટેના કામો (૨૫% મુજબ) નકકી કરવા શરતોમાં જણાવેલ છે. વધુમાં ૧૫માં નાણાંપંચના કામો માટે તાંત્રિક મંજુરી સંબધિત પ્રાદેશિક કમિશ્નરની કચેરીમાંથી મેળવવા માટે સંદર્ભ–૩ હેઠળના ગુજ.મ્યુનિ. ફાઈ.બોર્ડના પત્રથી જણાવવામાં આવેલ છે. ઉપરોકત સંદર્ભ હેઠળના પત્રો અને ૧૫માં નાણાંપંચની ગાઈડલાઈન/ શરતો મુજબ કામો નકકી કરી,આયોજન કરવા માટેની જરૂરી સત્તા મે.ચીફઓફીસરશ્રી, ચેરમેનશ્રી–કારોબારી સમીતી, પ્રમુખશ્રી,વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૭૧ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૧૧.</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની વ્યવસાય વેરા ગ્રાંટની ફાળવેલ ગ્રાંટમાંથી કામો નકકી કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ગુજ.મ્યુનિ. ફાઈ.બોર્ડ,ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.– (૧)મફબ / વ્ય.વેરા (૫૦%) ન.પા. / ૨૦૨૦–૨૧ / ૨૦૨૦ / ૨૩૩૧ તા.:૨૮–૦૧–૨૦૨૧. (૨) મફબ / વ્ય.વેરા /ગ્રાંટ / ન.પા. / ૨૦૨૦–૨૧ / ૨૦૨૧ / ૪૮૪૯ તા.:૦૨–૦૩–૨૦૨૧ થી સંદર્ભ હેઠળના પત્ર ધ્વારા વલસાડ નગરપાલિકા– વલસાડને વ્યવસાય વેરા ગ્રાંટ હેઠળ સંદર્ભ (૧) મુજબ (૫૦%) ફાળવેલ ગ્રાંટ રૂા.૧૬૮૧૮૯૮૪.૦૦ અને સંદર્ભ(૨) મુજબ ફાળવેલ ગ્રાંટ રૂા.૫૭૩૯૯૭૧.૦૦ મળી કુલ ગ્રાંટ રૂા.૨૨૫૫૮૯૫૫.૦૦ ફાળવવામાં આવેલ છે. જે વ્યવસાય વેરા ગ્રાંટની શરતો મુજબ અગ્રતાક્રમના ધોરણે કામો નકકી કરી, આયોજન કરવા માટેની જરૂરી સત્તા મે.ચીફઓફીસરશ્રી, ચેરમેનશ્રી–કારોબારી સમીતી, પ્રમુખશ્રી,વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૭૨/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૧૨.</u>

<u>વિષયઃ–</u> દિન દયાલ અંત્યોદય યોજના (DAY- NULM ) યોજના અંતર્ગત ઘર વિહોણાને સહાય ઘટક (SUH) ઘટક હેઠળ વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલ આશ્રય સ્થાનના સંચાલન અને વ્યવસ્થાપન માટે સેવાભાવી સંસ્થાની ( NGO) ની નિમણુંક કરવા દૈનિક સમાચાર પત્રમાં જાહેરાત આપવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, દિન દયાલ અંત્યોદય યોજના (DAY- NULM ) યોજના અંતર્ગત ઘર વિહોણાને સહાય ઘટક (SUH) ઘટક હેઠળ સરકારશ્રીના આદેશાનુસાર DAY- NULM માર્ગદર્શિકા મુજબ શહેરી ઘર વિહોણા લોકોને મૂળભૂત માળખાકીય સુવિધાઓ જેવી કે, પાણી પુરવઠો, સ્વચ્છતા, સુરક્ષા અને સલામતી જેવી પાયાની આધાર વ્યવસ્થા સાથે કાયમી શેલ્ટર પૂરું પાડવાનો છે અને DAY- NULM માર્ગદર્શિકાના પેજ નં. ૬ ના મુદ્દા નં.–૮ ના પેટા ફકરા નં.૮.૧ માં જણાવ્યા મુજબ શેલ્ટરના સંચાલન અને વ્યવસ્થાપન નગરપાલિકા અથવા નગરપાલિકા ધ્વારા નકકી કરેલી કોઈપણ સંસ્થા કરી શકશે એમ જણાવવામાં આવેલ છે જે મુજબ વલસાડ નગરપાલિકા વિસ્તારમાં શાકભાજી માર્કેટ પાસે પ્રાથમિક સુવિધા સાથે શેલ્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે જેના વ્યવસ્થાપન માટે રજિસ્ટર્ડ બિન સરકારી સંસ્થાઓ, ટ્રસ્ટ, સ્વ સહાયજુથો, એરિયા લેવલ ફેડરેશન, સમુદાય આધારિત સંસ્થાઓ અને નિવાસી કલ્યાણ મંડળો વિગેરેમાંથી કોઈ એકની નિમણુંક કરવા દૈનિક સમાચાર પત્રમાં જાહેરાત આપવાની હોય તો સદર જાહેરાત પ્રસિધ્ધી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૭૩ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૧૩.

વિષયઃ– બાંધકામ શાખામાં ફરજ બજાવતાં કાયમી કામદારો વિગેરેને " પ્રિમોનસુન કામગીરીમાં રેઈનકોટ ફાળવવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, હાલે ચોમાસુ શરૂ થયેલ છે. અને અતિ ભારે વરસાદ પડવાથી નગરપાલિકા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાય છે. નદીઓમાં રેલ આવે, પૂરગ્રસ્ત વિસ્તારમાં " પ્રિમોનસુન " કામગીરી ઈમરજન્સી કરવાની આવે છે. માટે બાંધકામ શાખાના (પ.વ.ડી. ડીપાર્ટમેન્ટમાં ફરજ બજાવતાં કાયમી કામદારો, રોજીંદા કામદારો, ડ્રાઈવરો તથા મુકાદમો, કલીનર, કુલ–૪૭, રેઈનકોર્ટની જરૂરીયાત જે દરવર્ષની જેમ આ વર્ષે પણ " રેઈનકોટ " ફાળવવા અંગેના આવેલ કામે, કમીટીમાં ચર્ચા વિચારણાનાં અંતે, ટેન્ડર પ્રક્રિયા કરી, ભાવો મંગાવી નિયમ મુજબની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૭૪ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૧૪.</u>

<u>વિષયઃ–</u> કા.સ.ઠ.નં.–૩૧૯ /તા.:૦૪–૦૩–૨૦૨૧થી ઠરાવ્યા મુજબ,કોરોના ( COVID-19) વૈશ્વિક મહામારીના કપરા સમયમાં લોકડાઉનને કારણે ફસાયેલ,લોકો માટે જમવાની અને ચા નાસ્તાની સુવિધા કરવામાં આવેલ. એમને સુવા માટે ગાદલાં વિગેરેની વ્યવસ્થા,શૈલેષકુમાર મગનભાઈ પટેલ,ધનશ્યામ ડેકોરેટર્સ,મુ.ચીખલા, વલસાડ પાસે કરાવવામાં આવેલ.જે અંગેનું આવેલ રૂા.૯૮૬૦૦/–નુંબીલ એનયુએલએમ શાખા મારફતે ભૂલો સુધારીને જરૂરી ચકાસણી કરીને ફરી રજુ કરવામાં આવેલ.જે મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કોરોના (COVID-19) વૈશ્વિક મહામારીના કપરા સમયમાં વલસાડ વિસ્તારમાં રહેતા ધરવિહોણા લોકો, ભિક્ષુકો,રોજનું કમાઈને રોજ ખાવાવાળા લોકો, લોકડાઉનને કારણે ફસાયેલ, તેમજ બીજા રાજયમાંથી રોજગારી અર્થે આવેલ અને પાછા ફરી ન શકેલ એવા લાભાર્થીઓને રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત SUH ઘટક હેઠળ ચલાવવામાં આવેલ કામચલાઉ આશ્રયસ્થાન કે જે તિથલરોડ પર આવેલ કુમાર છાત્રાલયમાં બનાવવામાં આવેલ છે જેમાં આશરે ૧૩૦ જેટલાં લાભાર્થીઓને રાખવામાં આવેલ છે. જેમને રહેવાની, સુવાની તેમજ જીવન જરૂરીયાતની વસ્તુઓ ઉપરાંત સવારનો નાસ્તો ચા બપોરનું અને રાતનું જમવાનું સેવા મિત્ર મંડળ અને જલારામ અન્નક્ષેત્ર જેવી સામાજીક સંસ્થાઓ ધ્વારા આપવામાં આવતું હતું ત્યારબાદ વલસાડ નગરપાલિકા ધ્વારા લાભાર્થીઓને જમવાની અને ચા નાસ્તાની સુવિધા કરવામાં આવેલ છે તેમજ એમને સુવા માટે ગાદલાંની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેની વ્યવસ્થા શૈલેષકુમાર મગનભાઈ પટેલ,ધનશ્યામ ડેકોરેટર્સ, મુ.ચીખલા,વલસાડ પાસે કરાવવામાં આવેલ. જેનું આવેલ બીલ રૂા.૯૮,૬૦૦/–અંકે રૂા.અઠ્ઠાણું હજાર, છસો પુરાનું આવેલ બીલ, એનયુએલએમ શાખા મારફત ભૂલોને સુધારીને જરૂરી ચકાસણી કરીને ફરી રજુ કરવામાં આવેલ. જે ઉપરોકત જણાવેલ બીલ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૭૪ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૧૫.

વિષયઃ– કા.સ.ઠ.નં.–૩૨૦ /તા.:૦૪–૦૩–૨૦૨૧થી ઠરાવ્યા મુજબ,કોરોના ( COVID-19) વૈશ્વિક મહામારીના કપરા સમયમાં લોકડાઉનને કારણે ફસાયેલ,લોકો માટે જમવાની અને ચા નાસ્તાની સુવિધા કરવામાં આવેલ. એમને સુવા માટે ગાદલાં વિગેરેની વ્યવસ્થા, સાગર મંડપ ડેકોરેશન, રાખોડીયા તળાવ, વલસાડ, પાસે કરાવવામાં આવેલ.જે અંગેના આવેલ જુદા જુદા બીલો એનયુએલએમ શાખા મારફતે ભૂલો સુધારીને જરૂરી ચકાસણી કરીને ફરી રજુ કરવામાં આવેલ. જે મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કોરોના (હફઅયમઢક્ષ) વૈશ્વિક મહામારીના કપરા સમયમાં વલસાડ વિસ્તારમાં રહેતા ઘરવિહોણા લોકો, ભિક્ષુકો,રોજનું કમાઈને રોજ ખાવાવાળા લોકો, લોકડાઉનને કારણે ફસાયેલ, તેમજ બીજા રાજયમાંથી રોજગારી અર્થે આવેલ અને પાછા ફરી ન શકેલ એવા લાભાર્થીઓને રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત કગજ ધટક હેઠળ ચલાવવામાં આવેલ કામચલાઉ આશ્રયસ્થાન કે જે તિથલરોડ પર આવેલ કુમાર છાત્રાલયમાં બનાવવામાં આવેલ છે જેમાં આશરે ૧૩૦ જેટલાં લાભાર્થીઓને રાખવામાં આવેલ છે. જેમને રહેવાની, સુવાની તેમજ જીવન જરૂરીયાતની વસ્તુઓ ઉપરાંત સવારનો નાસ્તો ચા બપોરના અને રાતના જમવાની વ્યવસ્થા વલસાડ નગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ હતી જેના માટે મંડપની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેની વ્યવસ્થા સાગર મંડપ ડેકોરેશન, રાખોડીયા તળાવ, ગાયત્રી મંદીર સામે,વલસાડના નીચે જણાવ્યા મુજબના જુદા જુદા આવેલ બીલો એનયુએલએમ શાખા મારફત ભૂલોને સુધારીને જરૂરી ચકાસણી કરીને ફરી રજુ કરવામાં આવેલ. જે ઉપરોકત બીલ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | બીલ નં. / તારીખ. | બીલની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | ૫૦૩ / ૩૦/૦૫/ ૨૦૨૦ | ૯૬૦૦૦/– |
| ૨ | ૫૦૪ / ૦૪/૦૬/ ૨૦૨૦ | ૮૦૦૦૦/– |
| ૩ | ૫૦૫ / ૦૪/૦૬/ ૨૦૨૦ | ૮૦૦૦૦/– |
| ૪ | ૫૦૬ / ૦૨/૦૬/ ૨૦૨૦ | ૮૦૦૦૦/– |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૭૬ / તા.: ૧૯–૦૭–૨૦૨૧.

––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

કામ નં.–૧૬.

વિષયઃ– એડવોકેટશ્રી મુકેશ જે. પાંચાલનું વકીલાત ફીનું બીલ રૂા.૨૦,૦૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડના પારડી સાંઢપોર ખાતે જુનો એસટીપી પ્લાન્ટના ભંગાર બાબતે વકીલશ્રી પાસેથી ફરિયાદ તૈયાર કરવામાં આવેલ હતો. સદર બાબતે વકીલશ્રી મુકેશ જે. પાંચાલનું તા.: ૦૩ –૦૭–૨૦૨૦ થી રૂા.૨૦,૦૦૦/– અંકે રૂા. વીસ હજાર પુરાનું આવેલ છે. જેનું બીલ બનાવી ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૭૭ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૧૭.</u>

<u>વિષયઃ–</u> તા.: ૦૨–૧૦–૨૦૨૦ ને ગાંધી જયંતિના દિને શ્રી મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે જરૂરી કાર્યક્રમ અન્વયે સ્ટેજ, દાદર,આડશ,વિગેરે મંજુર થયેલા ભાવે કામગીરી કરાવવામાં આવેલ.જેનું આવેલ બીલ રૂા.૨૯,૩૦૦/–પુરા મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.: ૦૨–૧૦–૨૦૨૦ ને ગાંધી જયંતિના દિને શ્રી મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે જરૂરી કાર્યક્રમ અન્વયેસ્ટેજ, દાદર,આડશ,વિગેરે મંજુર થયેલા ભાવે કામગીરી કરાવવામાં આવેલ.જેનું આવેલ બીલ રૂા.૨૯,૩૦૦/–પુરા મંજુર થયેલા ભાવે અત્રેની કચેરીએથી તા.:૩૦–૦૯–૨૦૨૦ થી જરૂરી  વર્કઓર્ડર આપવામાં આવેલ, સદરહુ એજન્સી ધ્વારા  આપવામાં આવેલ વર્કઓર્ડર મુજબ સ્થળ ઉપર કામગીરી કરવામાં આવેલ છે. જે કરેલ કામગીરીનું બીલની રકમ રૂા.૨૯,૩૦૦/–અંકે રૂા.ઓગણત્રીસ હજાર, ત્રણસો  પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. તો આવેલ બીલનું ચુકવણું કરવા માટે બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૭૮ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૧૮.</u>

<u>વિષયઃ–</u> ફા.એન્ડ લા.ક. ઠ.નં.–૧/તા.:૨૫/૦૬/૨૦૨૧થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના તિથલ રોડ વિસ્તારમાં રોડની મધ્યમાં સ્ટ્રીટલાઈટ નાખવાના કામ બાબતનું આવેલ બીલ રૂા.૩,૪૭,૮૨૮/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ફા.એન્ડ લા.ક. ઠ.નં.–૧/તા.:૨૫/૦૬/૨૦૨૧થી ઠરાવ્યા મુજબ, ના.સરકારશ્રીની ૧૪ મું નાણાપંચની યોજના ( ૨૦૧૮ –૧૯ ) હેઠળ વલસાડ નગરપાલિકાના હદમાં તિથલ રોડ ડી.એસ.પી. ઓફિસ થી M-square બિલ્ડીગ, જકાતનાકા સુધી રસ્તાની મધ્યમાં સ્ટ્રીટ લાઈટ નાખવાના કામે ટેન્ડરરશ્રી કિરણ ઈલેકટ્રીકલ્સ, વડોદરાનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ, સદરહુ ટેન્ડરરશ્રીની તા.:૨૩–૦૩–૨૦૨૧ ની અરજીમાં જણાવ્યા મુજબ ઉપરોકત કામે રસ્તાની મધ્યમાં સ્ટ્રીટલાઈટ નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. પરંતુ સદરહુ કામગીરી કરતી વખતે સ્થળ ઉપર બનાવવામાં આવેલ ડીવાઈડર તોડી સ્ટ્રીટલાઈટના પોલ ફીટીંગ કરવામાં આવેલ, જેથી સદરહુ કામગીરી કરવા માટે જરૂરીયાત મુજબની ઈલેકટ્રીક આઈટમ કે અન્ય આઈટમ ટેન્ડરમાં લેવાની રહી ગયેલ હોય, અને સદરહુ કામગીરી મે. કલેકટર સાહેબશ્રી, વલસાડની મળેલ સુચના મુજબ સમય મર્યાદામાં પૂર્ણ કરવાની હોવાથી એજન્સી ધ્વારા સ્થળ ઉપર વધારાની આઈટમની કામગીરી કરી ઉપરોકત કામ પૂર્ણ કરવામાં આવેલ છે. જે અંગે Aluminayam lugs તથા cableing માટેનું ખર્ચ રૂા.૩,૪૭,૮૨૮/– અંકે રૂા.ત્રણ લાખ, સુડતાલીસ હજાર, આઠસો, અઠ્ઠાવીસ પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૭૯ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૧૯.</u>

<u>વિષય:–</u> કિરણ ઈલેકટ્રીકલ્સ, વડોદરાનું જી.આઈ.પાઈપ ૫૦ એમએમ ડાયાના ખરીદી કરેલ છે. જે અંગેનું આવેલ બીલ રૂા.૪૩,૦૦૨/– જેટલું બીલનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, *કિરણ* ઈલેકટ્રીકલ્સ, વડોદરાનું તા.: ૩–૬–૨૦૨૧ નું બીલ મળેલ છે. G.I.PIPE 50MM & નાં ખરીદ કરેલ છે. જેનું રૂા. ૭૦૬૨૩/– મળેલ છે. ટેન્ડર રેઈટ 39 .11% નીચા ભાવનું મંજુર થયેલ છે. તેથી ૭૦૬૨૩/–ના 39 .11% મુજબ રૂા.૪૩,૦૦૨/– જેટલું બીલનું ચુકવણું કરવાપાત્ર થાય છે. સદરહું કામગીરી રોડ ક્રોસીગ માટે તાત્કાલીક જરૂરી હતું. જેથી કરાવેલ કામગીરીનું ઉપરોકત આવેલ બીલ રૂા. રૂા.૪૩,૦૦૨/– અંકે રૂા. તેતાલીસ હજાર, બે પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૮૦ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૨૦</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા.ના ચીફ ઓફિસરશ્રીની ઓફિસનો દરવાજો ખરાબ થયેલ હોવાથી, સ્થાનિક બજારમાંથી ફર્નિચર એન્ડ સોફા, મોગરાવાડી, વલસાડ પાસેથી નવો દરવાજો બનાવડાવેલ. જેનું આવેલ બીલ રૂ.૧૩,૮૯૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

વલસાડ નગરપાલિકાના વહીવટી આવક નંબર.:૧૦૪૩ / તા.: ૦૭–૦૬–૨૦૨૧ થી આવેલ બીલમાં જણાવ્યા મુજબ ના ચીફ ઓફિસરશ્રીની ચેમ્બર ( ઓફિસનો ) દરવાજો ખરાબ થયેલ હોવાથી, નવો દરવાજો બનાવડાવેલ હોય. જે સ્થાનિક બજારમાંથી ફર્નિચર એન્ડ સોફા, મોગરાવાડી, વલસાડ પાસેથી નવો દરવાજો બનાવડાવેલ હોય. જેનું આવેલ બીલ રૂ.૧૩,૮૯૦/– અંકે રૂા. તેર હજાર, આઠસો નેવું પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૮૧ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૨૧

વિષયઃ– એડવોકેટશ્રીની કોર્ટ કેસ અંગેની ફી નું બીલ રૂા.૫૫,૦૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના એસ.સી.એ. નં. ૬૭૯૩ / ૨૦૨૧ નો ઓરલ ઓર્ડર થયેલ છે. સદર ઓર્ડરની સામે નગરપાલિકા તરફે હાજર રહી એલ.પી.એ. દાખલ કરવા સંબંધેની કામગીરી સોપવામાં આવેલ છે. સદરહુ કામગીરી અર્થે સીનીયર એડવોકેટશ્રીની ફી અંગેનું બીલ નં. ૧૫૬/તા.: ૦૭/ ૦૬ / ૨૦૨૧, રકમ રૂા.૫૫,૦૦૦/–અંકે રૂા.પંચાવન હજાર પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. સદરહું બીલ બનાવવા અને તેનું ચુકવણું કરવા જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૮૨ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૨૨</u>

<u>વિષય:–</u> એડવોકેટશ્રીની  કોર્ટ કેસ અંગેની ફી નું બીલ રૂા.૧,૯૧,૦૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં  ઠરાવ્યું કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના એસ.સી.એ. નં. ૬૭૯૩ / ૨૦૨૧ નો ઓરલ ઓર્ડર થયેલ છે. સદર ઓર્ડરની સામે નગરપાલિકા તરફે હાજર રહી એલ.પી.એ. દાખલ કરવા સંબંધેની કામગીરી  સોપવામાં આવેલ છે. સદરહુ કામગીરી અર્થે એડવોકેટશ્રીની  ફી અંગેનું  બીલ નં. વાય.કે.જી. / ૧૭ / ૨૧–૨૨ તા.: ૦૭/ ૦૬ / ૨૦૨૧, રકમ રૂા.૧,૯૧,૦૦૦/–અંકે રૂા.એક લાખ, એકાણું હજાર પુરાનું  અત્રેની કચેરીએ આવેલ છે. સદરહું બીલ બનાવવા અને તેનું  ચુકવણું કરવા જરૂરી  આગળની   કાર્યવાહી કરવાનું  મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૮૩ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૨૩</u>

<u>વિષયઃ–</u> સીધાવેરા શાખામાં પાવર કટ હોય ત્યારે કોમ્પ્યુટર ચાલુ રાખવા માટે ઈન્વટર સાથે કોમ્પ્યુટર સીસ્ટમનું જોડાણ કરવામાં આવેલ છે.ઈન્વર્ટર ચાલતુ ન હોય ચેક કરાવતા બેટરી બગડી ગયેલ છે. તે બેટરી નવી નાખવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, સીધાવેરા શાખામાં પાવર કટ હોય ત્યારે કોમ્પ્યુટર ચાલુ રાખવા માટે ઈન્વટર ની જરૂરી પડે છે. હાલમાં હાઉસ ટેક્ષમાં જે છે. તેની બેટરી ચેક કરાવતા બેટરી બગડી ગયેલ છે. તે બેટરી નવી નાખવા માટે સ્થાનીક બજારમાંથી ભાવો મંગાવવામાં આવેલ હતા. સદરહું બંધ કવરમાં આવેલ ત્રણ વેપારીના ભાવો ખુલ્લા કરવામાં આવેલ છે. જે ખુલ્લા કરવામાં આવેલ ભાવોનું તુલતાત્મક પત્રક નીચે મુજબ છે.

| વિગત | ઉમેશ બેટરી સેન્ટર | ગુડવીલ ઓટો સ્ટોર | લાખાની ઓટો સ્ટોર |
|---|---|---|---|
| એક બેટરીનો જુની બેટરીની કિંમત બાદ કરતા ભાવ. | ૧૨૭૦૦–૦૦ | ૧૩૩૦૦–૦૦ | ૧૩૫૦૦–૦૦ |

ઉપરોકત આવેલ ત્રણ વેપારીના ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે ઉમેશ બેટરી સેન્ટર, ગુંદલાવ, વલસાડનો ભાવ રૂા.૧૨૭૦૦/–આવેલ છે. જે આવેલ અન્ય ભાવો પૈકી સૌથી ઓછા આવેલ છે. જે સૌથી ઓછા આવેલ ભાવ રૂા.૧૨૭૦૦/– અંકે રૂા. બાર હજાર, સાતસો મંજુર કરી, મંજુર કરેલ ભાવોએ, ઉમેશ બેટરી સેન્ટર, ગુંદલાવ, વલસાડ પાસેથી EXIDE TPST 1500 બેટરી નંગ–૨, ખરીદ કરી, ફીટ કરવાનું તેમજ ખરીદ કર્યા બાદ આવતા બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૮૪ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૨૪</u>

<u>વિષયઃ–</u> સીધાવેરા શાખામાં ઈ નગરનું સોફટવેર કાર્યરત છે. જે કોમ્પ્યુટર ઘણા જુના હોઈ વારંવાર બગડી જાય છે. જેથી સ્થાનિક બજારમાંથી ત્રણ વેપારીના કોમ્પ્યુટરો નંગ–૪,સેટ, પ્રીન્ટર નંગ–૩, સ્કેનર નંગ–૧ ખરીદવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, સીધાવેરા શાખામાં ઈ નગરનું સોફટવેર કાર્યરત છે. હાઉસ ટેક્ષ શાખામાં જે કોમ્પ્યુટર છે તે ઘણા જુના હોઈ વારંવાર બગડી જાય છે. અને કામ કરવામાં તકલીફ પડી શકે એમ છે. જેથી નવા ૪ નંગ કોમ્પ્યુટર,૩ નંગ પ્રીન્ટર તેમજ ૧ નંગ સ્કેનર ખરીદવાની જરૂરીયાત હોઈ ,સ્થાનિક બજારમાંથી ત્રણ વેપારીના ભાવો મંગાવેલ હતા. સદરહું આવેલ ત્રણ વેપારીના ભાવપત્રક ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહું ખુલ્લા કરવામાં આવેલ ભાવોનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| વિગત | સાંઈ કોમ્પ્યુટર એન્ડ પ્રીન્ટર | સીલીકોન સોફટ સીસ્ટમ | તિરૂપતિ ઈન્ફોટેક |
|---|---|---|---|
| ૪ નંગ કોમ્પ્યુટર સેટ,<br>૩ નંગ પ્રીન્ટર,<br>૧ નંગ સ્કેનર | ૧,૯૯,૫૦૦/– | ૧,૯૬,૨૫૦/– | ૧,૮૯,૫૦૦/– |

ઉપરોકત આવેલ ત્રણ વેપારીઓના ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે તિરૂપતિ ઈન્ફોટેકના ભાવ રૂા.૧,૮૯,૫૦૦/– પુરાનો આવેલ છે. જે ભાવ આવેલ ભાવો પૈકી સૌથી ઓછા છે. જેથી સૌથી ઓછા આવેલ ભાવ રૂા. રૂા.૧,૮૯,૫૦૦/– મંજુર કરી, મંજુર કરેલ ભાવોએ હાઉસ ટેક્ષ શાખા માટે કોમ્પ્યુટર નંગ–૪, પ્રીન્ટર નંગ–૩, તેમજ સ્કેનર નંગ–૧, ખરીદ કરવાનું તથા ખરીદી કર્યા બાદ આવતા બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૮૫/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૨૫</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.નં.૦૯/ તા.:૦૯/૦૭/૨૦૨૧ ની ભલામણ મુજબ ૧૫માં નાણાંપંચ હેઠળની ગ્રાન્ટ અન્વયે વલસાડ નગરપાલિકાના વારિગૃહ શાખા હેઠળ શહેરી વિસ્તારોમાં જુદી જુદી જગ્યાએ પીવાના પાણીની પાઈપ લાઈન નાખવા એસ્ટીમેઈટો તૈયાર કરવા અન્વયે સરકારશ્રીના પેનલના કન્સ્લટન્ટની નિમણુંક કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

વો.વ.ક.નં.૦૯/ તા.:૦૯/૦૭/૨૦૨૧ ની ભલામણ મુજબ, ૧૫માં નાણાંપંચ હેઠળની ગ્રાન્ટ અન્વયે વલસાડ નગરપાલિકાના વારિગૃહ શાખા હેઠળ નગરપાલિકા હદ વિસ્તારોમાં પીવાનું પાણી હાલે તથા ભવિષ્યને ઘ્યાને લઈ પાણી પુરવઠો યોગ્ય રીતે સરકારશ્રીના ધારાધોરણ પ્રમાણે આપી શકાય તેવા આશયથી ના. સરકારશ્રીની ૧૫માં નાણાંપંચની ગ્રાન્ટ હેઠળ જે વિસ્તારોમાં હાલે નાના ડાયાની પાઈપ લાઈન આવેલ છે. જયાં પાણી ન મળવાની ફરીયાદો આવે ત્યાં મોટા ડાયાની નવી લાઈન નાખવા તેમજ જે વિસ્તારમાં હાલે પાઈપ લાઈન નથી ત્યાં નવી પાઈપ લાઈન નાખવાના આયોજન માટે સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ સરકારશ્રીના એસ.ઓ.આર. તથા નિયમ અનુસારના તેમજ હાઈડ્રોલિક ડીઝાઈન સાથે ડી.પી.આર. માટે એસ્ટીમેઈટો બનાવવા તેમજ અન્ય કામગીરી માટે સદરહું કામના જાણકાર એવા તેમજ સરકારશ્રી ઘ્વારા રચવામાં આવેલ પેનલના સભ્ય કન્સ્લટન્ટ શ્રી ક્રિષ્ના કન્સ્લટન્ટ, આણંદની નિમણુંક કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૮૬/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૨૬

વિષયઃ– વો.વ.ક.નં.૧૦/ તા.:૦૯/૦૭/૨૦૨૧ ની ભલામણ મુજબ પાઈપ લાઈનના લીકેજ રીપેરીંગ કરવા માટે શિશુની ખરીદી એજન્સીશ્રી વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, આઝાદ ચોક, વલસાડમાંથી ખરીદ કરેલ છે. જે ખરીદીને બહાલ આપી આવેલ બીલ રૂ.૩૩,૫૦૦/– પુરાનું ચુકવણું કરવા બાબત..

ઠરાવ.:–

વો.વ.ક.નં.૧૦/ તા.:૦૯/૦૭/૨૦૨૧ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકા હદમાં જુદા જુદા સ્થળોએ પીવાના પાણીની પાઈપ લાઈન આકસ્મીક લીકેજ થયેલ જેને તાત્કાલિક રીપેરીંગ કરવાના કામે શીશુનીજરૂરીયાત જણાતા સને ૨૦૧૮–૧૯ ના વર્ષના મંજુર થયેલ ભાવોથી એજન્સી શ્રી વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, વલસાડ પાસેથી ખરીદ કરવામાં આવેલ છે. સદરહુ કામગીરી તાકીદે કરવામાં આવેલ હોય જેથી સદરહું ખરીદીનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ નથી. જે થયેલ કામગીરીને બહાલ રાખી આવેલ એજન્સીનું બીલ રૂ.૩૩,૫૦૦/–અંકે રૂ.તેત્રીસ હજાર, પાંચસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૮૭/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૨૭

વિષયઃ– વો.વ.ક.નં.૧૧/ તા.:૦૯/૦૭/૨૦૨૧ ની ભલામણ મુજબ, વ.ન.પા. હદ વિસ્તારમાં પીવાનું પાણી મળી રહે તે હેતુથી નવી ડી.આઈ. કે-7, ઈજનેરશ્રીના રિપોર્ટમાં જણાવ્યા મુજબ ૧૫ એસ્ટીમેઈટમાં સમાવિષ્ટ જગ્યા એ પાઈપ નાખવાનું કામ ના. સરકારશ્રીની યોજનામાં સમાવેશ કરી કામગીરી કરવા માટેની અંદાજીત એસ્ટીમેઈટની રકમ રૂા.૧,૧૩,૫૫,૮૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

વો.વ.ક.નં.૧૧ / તા.:૦૯/૦૭/૨૦૨૧ ની ભલામણ મુજબ,વ.ન.પા. હદ વિસ્તારના જુદા જુદા વિસ્તારોમાં પીવાના પાણીનું પ્રેશર પુરતા પ્રમાણમાં મળતું ન હોવાની ફરિયાદ જે તે વિસ્તારના રહીશો તેમજ સભ્યશ્રીઓ તરફથી રજુઆતો થયેલ છે. હાલે નવા એપાર્ટમેન્ટો બનેલ હોય તેમજ નવા મકાનો પ્રગતિમાં હોય જેના કારણે પીવાના પાણીનું પ્રેશર પુરતા પ્રમાણમાં મળતું ન હોવાથી તેમજ જયાં પાણીની લાઈન આવેલ નથી ત્યાં આગળ નવી D.I.K-7 પાઈપ લાઈન નાંખવા હાઈડ્રોલિક ડીઝાઈન સાથે ડી.પી.આર. બનાવવા માટેનો એસ્ટીમેઈટ માલ–સામાન તેમજ પાઈપ લાઈન નાંખવા સહિતનો અંદાજીત ખર્ચ GWSSB SOR 19-20 મુજબ રૂા.૧,૧૩,૫૫,૮૦૦/– થાય છે. સદર કામગીરી ના.સરકારશ્રીની યોજનાની ગ્રાન્ટમાં સમાવેશ કરી સદર કામગીરી કરવા અંગેના ઉપરોકત આવેલ વારીગૃહ ઈજનેરશ્રીના રીપોર્ટમાં જણાવેલ ૧૫–એસ્ટીમેઈટો મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૮૮/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૨૮</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના કાયમી કર્મચારીશ્રી જયેશભાઈ ગોવિંદભાઈ પટેલની તા.: ૩૦–૦૯–૨૦૨૧ ના રોજની ફરજ બજાવી સ્વૈચ્છીક નિવૃતીની માંગણી કરતી આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના કાયમી કર્મચારીશ્રી જયેશ ગોવિંદભાઈ પટેલ, મૂળ નિમણુંક તા.: ૧૯/૦૯/૧૯૯૧ થી ઓકટ્રોઈ શાખામાં જુનીયર કલાર્ક તરીકે થયેલ હતી. તેમને તેમની નાદુરસ્ત તબીયત સામાજીક કારણોસર તથા કૌટુંબીક પિરિસ્થિતિ ખરાબ હોવાના કારણે તા.: ૩૦/૦૯/૨૦૨૧ ના રોજ ફરજ બજાવી કચેરી સમય બાદથી તેમની ફરજમાંથી સ્વૈચ્છીક નિવૃતિ માંગેલ છે.

જી.સી.એસ.આર. ( પેન્શન )ના નિયમો–૨૦૦૨ ના પ્રકરણ (૩) (નિવૃત્તિ) ૫ (પાંચ) ની જોગવાઈ..

આ નિયમના પેટા નિયમ (૧) અને (૨) માં કોઈપણ મજકુર હોય તેમ છતાં નીચેના કિસ્સા મુજબના કોઈપણ કર્મચારી–૦૩ માસથી ઓછી નહી તેવી લેખીત નોટીશ યોગ્ય અધિકારીને આપી નિવૃત્ત થઈ શકશે.

(૧) પેટાનિયમ (૪) (ક) (૧) માં દર્શાવેલ સરકારી કર્મચારીઓ, પચાસ વર્ષની ઉમર પુરી થયેથી.

(૨) પેટાનિયમ (૪) (ક) (૨)અને ૪(અ) માં દર્શાવેલ સરકારી કર્મચારીઓ, પંચાવન વર્ષની ઉમર પુરી થયેથી.

ઉપરોકત દર્શાવેલ જોગવાઈઓ પૈકી જોગવાઈ ૫(૧) મુજબ સદર કર્મચારીની ઉમર હાલે ૫૦ ( પચાસ ) વર્ષની હોઈ આ જોગવાઈ તેમને લાગુ પડતી હોઈ તેઓ સ્વૈચ્છીક નિવૃતિ લઈ શકે છે. બીજું તેમણે નગરપાલિકાને ૦૩–માસ અગાઉ આ બાબતે જાણ કરતી એડવાન્સ નોટીશ પણ તા.: ૧૭–૦૬–૨૦૨૧ ના રોજ આપેલ છે. જે જોતાં તેમની સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવા પાત્ર જણાય છે.

ઉપરોકત હકીકતોથી વિદિત થતાં અરજદારની સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવા તથા નિવૃત્તી બાદના લાભો આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૮૯/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૨૯

વિષયઃ– ૧૪ મું નાણાપંચની યોજના હેઠળ મ્યુનિ. સ્કુલ બિલ્ડીગમાં કંમ્પાઉન્ડ વોલ તેમજ પેવરબ્લોક નાંખવાના કામે આવેલ ટેન્ડર અંગે નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની ૧૪ મું નાણાપંચની યોજના ( ૨૦૧૮–૧૯) પ્રથમ અને બીજા હપ્તાની ગ્રાન્ટમાંથી વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિ. હાઈસ્કુલ બિલ્ડીગમાં કંમ્પાઉન્ડ વોલ તેમજ પેવરબ્લોક બેસાડવાના કામે નગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ વહીવટી મંજુરીની તા.:૨૩–૦૨–૨૦૨૧ થી મળેલ. સદરહું મળેલ વહીવટી અન્વયે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર કરી ટેન્ડર (આઈ.ડી.નં–૪૫૫૩૮૨ ) મંગાવવામાં આવતા મુદત દરમ્યાન કુલ–૦૪(ચાર) ટેન્ડરો આવેલ છે. સદરહુ આવેલ ટેન્ડર ડોકયુમેન્ટ તા.:૨૧–૦૫–૨૦૨૧ ના રોજ ચીફઓફીસરશ્રી,મે.પ્રમુખશ્રી, ચેરમેનશ્રી–કારોબારી સમીતી, ચેરમેનશ્રી જાહેર બાંધકામ સમિતિ, ચેરમેનશ્રી શૈક્ષણિક સમિતિ, તેમજ ક્રિષ્ણા કન્સલટન્ટના પ્રતિનિધિ અને ટેન્ડરરશ્રી ભરતકુમાર એ. ઓડેદરા, ધરમપુર રોડ, વલસાડની રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ઠેકેદારશ્રી પૂનમ કન્સ્ટ્રકશન, ચીખલી રોડ, બીલીમોરાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂા. ૨૪,૬૯,૦૦૦/– કરતાં ૧૧.૭૭% નીચા ભાવથી આવેલ છે, જેથી નીચા ભાવ મુજબ રૂા.૨૧,૭૮,૩૯૮.૭૦/– પુરાનું ટેન્ડર આવેલ છે, જે સદરહુ આવેલ ઓછા ભાવનું ટેન્ડર મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૯૦/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૩૦</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ખાનગી સોસાયટીઓના રસ્તા નગરપાલિકાને સુપ્રત કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કુલ–૦૩ ખાનગી સોસાયટીઓના મુખ્ય / આંતરીક રસ્તાઓને નગરપાલિકાને સુપ્રત કરવા માટે જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરવા અર્થે જરૂરી સોસાયટીના માલિકો ધ્વારા દિન–૩૦ માં વાંધાસુચનો મંગાવવા માટે દૈનિક પેપરમાં ( ગુજરાત સમાચાર) તા.: ૦૯–૦૪–૨૦૨૧ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અને સદરહું જાહેર નોટીસ પ્રસિધ્ધની મુદત પૂર્ણ થયેલ છે. અને સદરહુ મુદત દરમ્યાન તા.: ૧૫–૦૪–૨૦૨૧ ના રોજ છોટુભાઈ પાર્ક ૦૧ અને ૦૨, અબ્રામા, વલસાડની અરજીમાં જણાવ્યા મુજબ છોટુભાઈ પાર્ક ૦૧ અને ૦૨, અબ્રામા, વલસાડના મુખ્ય રોડ તેમજ આંતરીક રોડ નગરપાલિકાને સુપ્રત કરવા અંગેની વાંધા અરજી આવેલ છે. તેમજ અન્ય કોઈ ખાનગી સોસાયટીના રહીશોની વાંધા અરજી આવેલ નથી.

જેથી ઉપરોકત હકીકતને ધ્યાને લેતાં, (૧) તડકેશ્વર પ્લોટ સોસાયટી, અબ્રામા તેમજ (૨) શાંતિનગર સોસાયટી, અબ્રામાના ખાનગી સોસાયટીઓના મુખ્ય તેમજ આંતરિક રોડ નગરપાલિકામાં સુપ્રત કરવા માટે તેમજ સદરહુ રસ્તાઓને સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૯૧/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૩૧</u>

<u>વિષયઃ–</u> IHSDP યોજના હેઠળ સોના–સરિતા ખાતે બનાવવામાં આવેલ આવાસો અંગે નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીની IHSDP યોજના હેઠળ સોના–સરિતા ખાતે બનાવવામાં આવેલ આવાસો, આવાસોમાં મંજુર કરેલ આવાસ લાભાર્થીઓ ધ્વારા આવાસો ભાડે તેમજ વેચાણથી આપવાની ગેરરીતી કરવામાં આવેલ છે. એવી અવારનવાર નગરપાલિકાના સભ્યશ્રીઓ ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે. સદરહું બાબતને ધ્યાને લેતાં સદરહુ આવાસોની સ્થળ તપાસ કરતાં બંધ આવાસો તેમજ સ્થળ પર ફાળવેલ આવાસ લાભાર્થીઓના નામો સુસંગત નહી થતાં હોય એવા આવાસ ધારકોને જરૂરી ખુલાસા અત્રેની કચેરીએ રજુ કરવા અવર–નવર નોટીસો પણ આપવામાં આવેલ છે. જે નોટીસો અન્વયે લાભાર્થીઓના કોઈ ખુલાસા આપવામાં આવેલ નથી. અને ફકત ચાર થી પાંચ લાભાર્થીઓના જ ખુલાસાઓ અત્રેની કચેરી આવેલ છે. જેથી બાકીના લાભાર્થીઓ ધ્વારા નગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ નોટીસોની અવગણના કરવામાં આવેલ છે. જેથી સદરહુ બાબતને ધ્યાને લઈ લાભાર્થીઓને આપવામાં આવેલ નોટીસ અન્વયે જરૂરી આગળની કાર્યવાહી કરવા માટે જરૂરી કારોબારી સમિતિમાં રીપોર્ટ સાદર કરવામાં આવેલ. જે રીપોર્ટ અન્વયે નગરપાલિકા જનરલ બોર્ડ ઠરાવ નં.–૮૬૮ / તા.:૦૯–૧૧–૨૦૨૦ થી આવનારી બોર્ડમાં આ વિષય પર પુખ્ત ચર્ચા કરવાની જરૂરી હોય, જેથી હાલે આ કામ મુલતવી રાખવામાં આવેલ. અને સદરહુ કામે મે. પ્રમુખશ્રીની ટેલીફોનીક સુચના મુજબ આવાસ લાભાર્થીઓને આગળની કાર્યવાહી હાથ ધરવા માટે નોટીસ આપવા જણાવેલ.

ઉપરોકત મે.પ્રમુખ સાહેબની સુચના અન્વયે તા.:૨૪/૦૪/૨૦૨૧ ના રીપોર્ટથી ચીફઓફીસરશ્રીની મંજુરી મેળવી ઉપરોકત આવાસમાં લાભાર્થીઓ ધ્વારા ભાડે / વેચાણથી આપેલ આવાસ લાભાર્થીઓને બીજી નોટીસ આપવામાં આવેલ. તેવા લાભાર્થીનો છેવટની નોટીસ તા.:૧૨/૦૫/૨૦૨૧ થી આપવામાં આવેલ. તેમજ બંધ હાલતમાં આવાસના લાભાર્થીઓ તેમજ આવાસ મેળવવા અંગે ભરવાના થતાં નિયમોનુસાર નાણાં ભરપાઈ ન કરેલ હોય તેવા લાભાર્થીઓને પ્રથમ નોટીસ આપવામાં આવેલ. તેવા લાભાર્થીઓને બીજી નોટીસ તા.: ૧૨/૦૫/ ૨૦૨૧ થી આપવામાં આવેલ.

જેથી ઉપરોકત બાબતોને ધ્યાને લઈ આવાસ લાભાર્થી અંગે સદરહુ બાબતે કમીટી બનાવેલ છે. સદરહુ કમીટી ધ્વારા કોઈ નિર્ણય કરેલ ન હોય/ કરતી ન હોય, જેથી જરૂરી ચર્ચા વિચારણાને અંતે સદરહુ આવેલ કામે આજની આ કમીટી નીચે જણાવેલ શરતોને ધ્યાનમાં લઈ, આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) જે ઘર બંધ છે. જેને જરૂરી ન હોય તેને લઈ લેવું.

૨) કોઈને ઘર ભાડેથી / વેચાણથી આપેલ હોય.

૩) કોઈની પાસે પાકુ ઘર / મકાન હોય .

૪) લાભાર્થીઓએ લખી આપેલ બાંહેધરી પત્રકની શરત–૨૨,માં જણાવ્યા મુજબ પબ્લિક પ્રિમાઈસીસ ઓફ અન ઓથોરાઈઝડ ઓકયુપન્ટસ એકટ–૧૯૭૨ મુજબ કાર્યવાહી કરવા અંગેના જાણકાર વકીલશ્રીનો અભિપ્રાય મેળવી કાર્યવાહી હાથ ધરવી.

૪) પોલીસ પ્રોટેકશન મેળવી, કબજો પરત મેળવવાની કાર્યવાહી કરાવવી.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૯૨/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૩૨

વિષયઃ– વલસાડ નગરપાલિકા હદમાં હાલર ખાતે જલતરંગની સામે આવેલ ખુલ્લા પ્લોટમાં ગાર્ડન બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા હદમાં હાલર વિસ્તારમાં જલ–તરંગ એપાર્ટમેન્ટની સામે આવેલ ખુલ્લા પ્લોટમાં ના.સરકારશ્રીની અમૃત યોજના હેઠળ ગાર્ડન બનાવવાના કામે (૧) ગાર્ડનની મેઈન રોડ સાઈડ ફુટપાથ (૨) ગાર્ડનમાં ફરતે લાઈટ (૩) સીનીયર સીટીજનો અને મહિલાઓને બેસવા માટે બાકડા તેમજ (૪) આકર્ષક ગેટ, વિગેરે સાથે ડેવલપમેન્ટ કરવા જણાવેલ છે. હાલે અમૃત યોજના હસ્તકની ગ્રાન્ટમાં કોઈ બચત રકમ ન હોય, જેથી ઉપરોકત ગાર્ડન ડેવલપેમન્ટનું કામ અમૃત યોજનામાં સામેલ કરી શકાય એમ નથી. જેથી ના.સરકારશ્રીની અન્ય યોજના હેઠળ સદરહુ કામગીરી કરાવવા માટે તેમજ ટી.પી. શાખા ઘ્વારા ખુલ્લા પ્લોટની માલિકીની ચકાસણી કરી, કામગીરી કરવા તેમજ સદરહું કામે ડુડાની એમ પેનલના ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગરની નિમણુંક કરી, કામગીરી હાથ ધરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૯૩ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૩૩</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના જે.સી.બી. ગાડી નં.GJ-15-G-1236 ના રીપેરીંગનું બીલ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકામાં જાહેર બાંધકામ જે.સી.બી. ગાડી નં.GJ-15-G-1236 ના બગડી જવાથી તાકીદે સદરહુ જે.સી.બી.ને માલસામાન ખરીદ કરી રીપેરીંગ કરી નગરપાલિકાની કામગીરીમાં કાર્યરત કરવામાં આવેલ. સદરહુ જે.સી.બી.માં જરૂરીયાત મુજબ માલસામાન ખરીદી, કામની અગત્યતાને લઈને એજન્સીશ્રી નીલકંઠ સ્પેરસ, અટકપારડી, વલસાડ પાસેથી ખરીદ કરવામાં આવેલ. અને સદરહુ ખરીદી કરેલ માલ–સામાનનું બીલ રૂા.૨૭,૫૩૦/– પુરાનું અત્રેની કચેરીએ આવેલ, તેમજ સદરહુ ખરીદ કરેલ માલસામાનને જે.સી.બી.માં ઈન્સ્ટોલ / રીપેરીંગ કરવાના કામે એજન્સીશ્રી નીલકંઠ સ્પેરસ, અટકપારડી, વલસાડ ધ્વારા કામગીરી કરવામાં આવેલ, અને જે મજુરી કામ અંગેનું બીલ રૂા.૭૬૫૦/–પુરા અત્રેની કચેરીએ આવેલ છે. એમ બંને આવેલ બીલો મળી કુલ બીલની રકમ રૂા.૩૫,૧૮૦/–અંકે રૂા. પાંત્રીસ હજાર, એકસો એંસી પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. સદરહું આવેલ બીલની રકમનું ચુકવણું એજન્સીશ્રી નીલકંઠ સ્પેરસ, અટકપારડી, વલસાડને કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૯૪/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૩૪</u>

<u>વિષયઃ–</u> જિલ્લા આયોજન સને : ૨૦૨૧–૨૨ ના વર્ષમાં કામો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,જીલ્લા આયોજન કચેરી વલસાડના પત્ર ક્રમાંક નં.–અજન / સં.મ/ વિ.આયો.૨૦૨૧–૨૨ / દરખાસ્ત / ૨૦૨૧ /૧૨૪–૧૩૫ / તા.:૦૬–૦૩–૨૦૨૧ થી આવેલ પત્રમાં જણાવ્યા મુજબ વિકેન્દ્રીત જીલ્લા આયોજન કાર્યક્રમ વર્ષ : ૨૦૨૧–૨૨ ના વર્ષમાં વિકાસના કામોનું આયોજન કરવાનું જણાવેલ છે. સદરહુ કામોમાં સરકારશ્રીના તા.:૨૩–૧૦–૨૦૧૩ ના અને તા.:૩૦–૦૯–૨૦૧૫ ના ઠરાવ મુજબ કુલ મળવાપાત્ર જોગવાઈના ૧૫% થી વધુ સી.સી.રસ્તા અને ૧૫% થી વધુ પેવરબ્લોકના કામોનું આયોજન કરી શકાતું નથી . તે મુજબ સદરહુ ગ્રાન્ટના કામોનું આયોજન કરવા જણાવેલ છે. નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા પ્રકારના કામો તાકીદે નકકી કરી કામોનું આયોજન કરવાનું થાય છે. જે નીચે જણાવ્યા મુજબના કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ડોર ટુ ડોર કચરાના કલેકશન માટે ટ્રેકટર નંગ–૦૨ ની ખરીદ. રૂા.૧૦–લાખ.

૨) બંદરરોડ સતી નાકા થી ઔરંગા નદી સુધી ડામર રસ્તાનું કામ. રૂા.૧૫–લાખ.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૯૫/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૩૫</u>

<u>વિષયઃ–</u> વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, વલસાડ પાસેથી જરૂરીયાત મુજબના માલ–સામાન ખરીદી અંગેનું બીલ રૂા.૩૪,૨૯૧/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, સરકારશ્રીના હવામાન ખાતા મારફતે તા.:૧૭/૦૫/૨૦૨૧ તેમજ તા.:૧૮/૦૫/૨૦૨૧ ના રોજ ભારે પવન સાથે વરસાદ તેમજ વાવાઝોડું થવાની આગાહી આપેલ હતી. તે બાબતે ગુજરાત સરકારશ્રી ધ્વારા જરૂરી આયોજન હાથ ધરવા જણાવેલ, સદરહું બાબતને ધ્યાને લઈ વલસાડ નગરપાલિકા હદમાં શાકભાજી માર્કેટ ખાતે આવેલ ૧૨૦ આવાસ જે જર્જરીત હાલતમાં હોય, અને સદરહુ આવાસમાં લાભાર્થી રહેણાંક કરતાં હોય, જેથી તેઓની સલામતી માટે તાકીદે સ્થળ ઉપર નગરપાલિકાની ટીમ ધ્વારા ભયજનક ભાગ / આવાસમાં રહેણાંક કરતાં લોકોને આવાસ ખાલી કરાવવામાં આવેલ અને નગરપાલિકા ધ્વારા સદરહુ ભયજનક આવાસોને તાળા ( ડોરલોક ) ની ખરીદી કરી આવાસોને બંધ કરવામાં આવેલ છે. અને સદરહુ ભયજનક ભાગ વાવાઝોડામાં કોઈ જાનહાનિ ન થાય તે માટે ભયજનક એરીયાને દોરડાની ખરીદી કરી સ્થળ ઉપર કવર કરવામાં આવેલ, અને વાવાઝોડાને ધ્યાને લઈ સ્થળ ઉપર સાવચેતીના પગલાંરૂપે ઉપરોકત કરવામાં આવેલ કામગીરી અન્વયે સ્થળ ઉપર કોઈપણ જાનહાનિ થયેલ નથી.

જેથી ઉપરોકત કરેલ કામગીરી અન્વયે જરૂરી માલસામાનની ખરીદી વલસાડના સ્થાનિક બજારમાંથી વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, આઝાદ ચોક, વલસાડ પાસેથી ખરીદી કરવામાં આવેલ,ખરીદી કરેલ માલ–સામાન અન્વયે આવાસો બંધ કરવા અંગેના તાળા ( ડોરલોક ) નંગ–૭૦ ખરીદ કરવામાં આવેલ, જેનું બીલ રૂા.૧૩,૯૩૦/–પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. તેમજ ભયજનક ભાગને દોરડાથી કવર કરવા માટે જરૂરીયાત મુજબ દોરડાની ખરીદી કરેલ, જેનું બીલ રૂા.૨૦,૩૬૧/– પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. સદરહું કામગીરી આકસ્મિક આવેલ વાવાઝોડા તેમજ સરકારશ્રીના આદેશ સાવચેતીના પગલાંરૂપે ભયજનક સ્થળોએ કામગીરી કરવાની હોય, જેથી સદરહુ કામગીરી કરવા તાકીદે માલ–સામાનની ખરીદી કરેલ હોય, સદરહુ ખરીદી અંગેનું આવેલ બંને બીલોની રકમ રૂા.૩૪,૨૯૧/– પુરાનું આવેલ છે. જેથી આવેલ બીલોનું ચુકવણું કરવા અંગે બીલ બનાવવા માટે આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૯૬/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૩૬

વિષયઃ– SJMMSVY-UDP-88-2020-21 હેઠળ રૂા.૩૪૭૨૪૦૦/– પુરાની ગ્રાન્ટમાંથી નવા વિકાસલક્ષી કામોનું આયોજન કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની SJMMSVY-UDP-88-2020-21 હેઠળ, જ.બો.ઠ.નં.–૮૬૨ / તા.:૦૯–૧૧–૨૦૨૦ થી વલસાડ નગરપાલિકા હદમાં જુદા જુદા પ્રકારના વિકાસલક્ષી કામો મંજુર કરવામાં આવેલ. જે મંજુર કરેલ કામો પૈકી " ગોકુલધામ સોસાયટીની આંતરીક ગલીમાં " ડામર રોડ બનાવવાનું કામ રૂા.૩૪,૭૨,૪૦૦/– થી મંજુર કરવામાં આવેલ. સદરહુ મંજુર કરેલ કામ અન્વયે ગોકુલધામ સોસાયટી ખાનગી સોસાયટી હોય, અને સદરહુ ખાનગી સોસાયટીના મુખ્ય તેમજ આંતરિક રસ્તા નગરપાલિકા અધિનિયમ મુજબ નગરપાલિકાને સુપ્રત કરવાના થાય છે. તો સદરહુ બાબતે ઉપરોકત સોસાયટીના મુખ્ય તેમજ આંતરીક રસ્તાઓને નગરપાલિકાને સુપ્રત કરવા અંગે જરૂરી દૈનિક પેપરમાં વાંધા–સુચન મંગાવવા માટે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેર નોટીસ અન્વયે મુદત દરમ્યાન પ્રમુખશ્રી તેમજ મંત્રીશ્રી, ગોકુલધામ સોસાયટી,અબ્રામા, વલસાડની તા.: ૨૮–૦૧–૨૦૨૧ ની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ ગોકુલધામ સોસાયટીનો મુખ્ય માર્ગ જ જાહેર રસ્તા માટે નગરપાલિકાને સુપ્રત કરવાનું જણાવેલ છે. અને ગોકુલધામ સોસાયટીના આંતરિક રસ્તા / ગલીઓ તેમજ કોમન પ્લોટ જાહેર રસ્તા માટે નગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ નથી.

જેથી ઉપરોકત હકીકત જોતાં SJMMSVY-UDP-88-2020-21 હેઠળ, " ગોકુલધામ સોસાયટીની આંતરીક ગલીમાં " ડામર રોડ બનાવવાના કામે રૂા.૩૪,૭૨,૪૦૦/– પુરાથી મંજુર કરેલ કામ ફકત આંતરિક ગલીઓમાં ડામર રોડ બનાવવાનું કામ મંજુર કરેલ છે. જેથી સદરહુ કામને નામંજુર કરવાનું થાય છે. અને સદરહુ નામંજુર કરેલ કામની રકમમાંથી અન્ય વિકાસલક્ષી નીચે જણાવેલ કામો કરવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) મણીબાગ–૩, સન્મુખભાઈના ઘર પાસેની ગલીમાં ક્રોક્રીટ રસ્તો

૨) મણીબાગ–૩, કિન્નરીબેનના ઘર પાસેની ગલીમાં ક્રોક્રીટ રસ્તો

૩) સોનાસરિતામાં છેલ્લી ગલી ( માજી સભ્ય શંકરભાઈ પટેલના ઘર પાસે ડામર રસ્તો )

૪) ગાયત્રી સોસાયટી પાસેનો બાકી રસ્તો ડામરનો રસ્તો.

૫) આશિષ કાલાની ઘર પાસેનો ડામરનો રસ્તો.( બીના નગરના મેઈન રસ્તા પર એટેચ કરતો રસ્તો.)

૬) જયેશભાઈના ઘરથી પલીયાના ઘર સુધી ડામરનો રસ્તો.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૯૭/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૩૭</u>

<u>વિષયઃ–</u> મલાણિયું તળાવને PPP ધોરણે ડેવલપમેન્ટ કરવાના કામે નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,નગરપાલિકા સામાન્ય સભાની મીટીગ તા.:૦૯ / ૧૧ /૨૦૨૦ ના રોજ મળેલ જેમાં ( વ.કામ નં. ૦૯ ) જનરલ બોર્ડ ઠરાવ નં.૮૮૯ માં વલસાડ નગરપાલિકા હદમાં નેશનલ હાઈવે નં. ૪૮ ને લાગુ મલાણિયું તળાવ આવેલ છે. સદરહુ તળાવને સભ્યશ્રી નિતેશભાઈ વશીની તેમજ ચેરમેનશ્રી, કારોબારી સમિતિની સૂચના અનુસાર સમગ્ર સભામાં થયેલ ઠરાવ અન્વયે સદરહું મલાણિયું તળાવને PPP ના ધોરણે ડેવલોપ કરવાના કામે DPR તૈયાર કરી આગામી જનરલ બોર્ડમાં રજુ કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે તા.: ૧૯/૦૪/૨૦૨૦ ના રોજ મળેલ કારોબારી સમિતિમાં થયેલ ચર્ચા મુજબ સદરહુ મલાણિયું તળાવને ડેવલોપ ( ટ્રાફિક પાર્ક ) PPP ના ધોરણે મે. પોલીસ અધિક્ષકશ્રી, વલસાડને સદરહુ તળાવ સોંપવા અંગેની જરૂરી પત્રવ્યવહાર કરવાની કાર્યવાહીની ચર્ચા કરવા અંગેના આવેલ કામે, PPP ના ધોરણે ડેવલપ કરવાના કામે DPR તૈયાર કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૯૮/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૩૮</u>

<u>વિષયઃ–</u> તળાવ એન્ડ ગાર્ડન કમીટી ( મંત્રણા સમિતિ ) ઠરાવ નં.–૦૫ / તા.:૨૬–૦૨–૨૦૨૧ થી મંજુર થયા મુજબ વલસાડ નગરપાલિકા સંચાલિત કલ્યાણ બાગની સામે બનાવવામાં આવેલ ફાઉન્ટેશન ( ફુવારા ) ફરીથી શરૂ કરવા માટે જરૂરી કમિટી લેવલે નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તળાવ એન્ડ ગાર્ડન કમીટી ( મંત્રણા સમિતિ ) ઠરાવ નં.–૦૫ / તા.:૨૬–૦૨–૨૦૨૧ થી મંજુર થયા મુજબ વલસાડ નગરપાલિકા સંચાલિત કલ્યાણ બાગ પાસે બનાવવામાં આવેલ પીવાના પાણીની ટાંકીની સામેના ભાગે ફાઉન્ટેશન ( ફુવારા ) બનાવવામાં આવેલ, જે હાલે બંધ હાલતમાં હોય, અને તેનું RCC બાંધકામ હાલે સારી હાલતમાં હોય, અને સદરહુ ફાઉન્ટેન શહેરની મધ્યમાં આવેલ હોય, જેથી સદરહુ ફાઉન્ટેનને ફરીથી શરૂ કરવામાં આવે તેમજ તેમાં ગાર્ડનીગ કરી સુશોભન કરવામાં આવે તો શહેરની સુંદરતામાં વધારો થાય એમ છે. સદરહું કામે નવા ફાઉન્ટેન ( ફુવારા ) તેમજ સુશોભન માટે ગાર્ડનીંગ કરવાના કામે, ભાવપત્રક મંગાવી જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૯૯/ તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૩૯</u>

<u>વિષયઃ– </u>ફા.એન્ડ લા.ક.ઠ.નં.૨/ તા.:૦૭–૦૭–૨૦૨૧ની ભલામણ મુજબ, સ્ટ્રીટલાઈટના પોલ ઉપર મેંગો આકારનું લાઈટીગ–એલઈડી ટાઈપ " Neon Light " ફીટીગ કરવા માટેનું આવેલ ભાવપત્રક મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

<u>ઠરાવ.:–</u>

ફા.એન્ડ લા.ક.ઠ.નં.૦૨/ તા.:૦૭ –૦૭ –૨૦૨૧ની ભલામણ મુજબ, તથા  કા.સ.ઠ.નં. ૪૮ / તા.:૧૯/૪/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ, સ્ટ્રીટ લાઈટ પોલ ઉપર મે. કલેકટર સાહેબ તથા ડી.એસ.પી. સાહેબ વલસાડના સૂચન મુજબ વલસાડ " કેરી " માટે જાણીતું  છે. જેથી વલસાડ શહેરની " મેંગો સીટી તરીકે ઓળખ ઉભી થાય તે માટે  સ્ટ્રીટ લાઈટના પોલ ઉપર મેંગો આકારનું લાઈટીગ–એલઈડી ટાઈપ "  " Neon Light " ફીટીગ કરવા માટે ડીઝાઈન તૈયાર કરી એસ્ટીમેઈટ બનાવી રજુ કરવાનું ઠરાવેલ. તે મુજબ આદિત્ય ટેકટ્રોનીકસ પ્રા.લીમી. સુરતનું આવેલ ભાવપત્રક રૂા.૫,૨૦,૫૭૬/–મંજુર કરવા અંગેની જરૂરી આગળની  કાર્યવાહી  કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૦૦ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૪૦

વિષયઃ– જુની બિલ્ડીગમાં આવેલ ચીફ ઓફીસરશ્રીની કેબિન જે હાલે ખાલી પડેલ હોય જે ઓફિસ ફાયર એન્ડ લાઈટ શાખા ચેરમેનશ્રીને ફાળવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

ઠરાવ.:–

ફા. એન્ડ લા.ક.ઠ.નં.૦૩ / તા.:૦૭–૦૭–૨૦૨૧ ની ભલામણ મુજબ જુની બિલ્ડીગમાં આવેલ ચીફ ઓફીસરશ્રીની કેબિન જે હાલે ભાડા વસુલાત ઈન્ચાર્જશ્રી રમણભાઈ રાઠોડ વાપરતા હતા તે હાલે ખાલી પડેલ હોય જે ઓફિસ ફાયર એન્ડ લાઈટ શાખા ચેરમેનશ્રીને ફાળવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૦૧ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૪૧</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા.હદમાં વલસાડ નગરપાલિકા ધ્વારા નાંખવામાં આવેલ સ્ટ્રીટલાઈટની જાળવણી તેમજ રીપેરીંગ કામે જરૂરીયાત મુજબ ટુ કોર સર્વિસ વાયર,વિગેરે સામાન ખરીદીનું આવેલ બીલ રૂા.૪૪,૮૮૨/– મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:</u>

ફા. એન્ડ લા.ક. ઠ.નં.૦૪ / તા.: ૦૭–૦૭–૨૦૨૧ ની ભલામણ મુજબ,વ.ન.પા.હદમાં વલસાડ નગરપાલિકા ધ્વારા નાંખવામાં આવેલ સ્ટ્રીટલાઈટની જાળવણી તેમજ વિગેરે કામે લાઈટ શાખા મારફતે જરૂરી માલ–સામાનની જરૂરીયાત હોય, સદરહુ કામે એજન્સીશ્રી અક્ષર ઈલેકટ્રીકલ, તા.ગણદેવી, જી. નવસારી પાસેથી જરૂરીયાત મુજબ, ટુ કોર સર્વિસ વાયર, પી.વી.સી. ટેપરોલ, ૨ ફૂટના બેન્ડ / ગેલ્વે પાઈપ, વિગેરે સામાન ખરીદ કરવામાં આવેલ. સદરહુ ખરીદીનું આવેલ નીચે જણાવ્યા મુજબના કુલ બીલ રૂા.૪૪,૮૮૨/– અંકે રૂા.ચુમ્માલીસ હજાર, આઠસો બ્યાંસી પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) બીલ નં.–૧૧ / તા.: ૧૬–૧૦–૨૦૨૦ રૂા.૫,૭૯૪/–

(૨) બીલ નં.–૧૩ / તા.: ૧૬–૧૦–૨૦૨૦ રૂા.૩૯,૦૮૮/–

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૦૨ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૪૨

વિષયઃ– વલસાડ નગરપાલિકાના ૧૧ વોર્ડમાં " મારો વોર્ડ કોરોના મુકત વોર્ડ અભિયાન " હેઠળ કોવીડ કેર સેન્ટરો નગરપાલિકા કક્ષાએ વિસ્તારવાર શરૂ કરવા બેડની ખરીદી કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,નામદાર સરકારશ્રીના શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક પરચ / ૮૦૨૦૨૧ / ૩૨૭૩ / પી તા.૧૩ /૦૫ /૨૦૨૧ થી " મારો વોર્ડ કોરોના મુકત વોર્ડ અભિયાન " શરૂ કરવા સુચન કરેલ છે તે મુજબ વલસાડ નગરપાલિકાના ૧૧ વોર્ડમાં સદરહુ અભિયાનને પણ અમલમાં લેવાનું થાય છે સદરહુ વોર્ડ વિસ્તારમાં આ અભિયાન હેઠળ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ કાર્યવાહી હાથ ધરવાની થાય છે જે માટે તબકકાવાર કોવીડ કેર સેન્ટરો નગરપાલિકા કક્ષાએ વિસ્તારવાર જરૂરી વ્યવસ્થા સહીત કાર્યરત કરવાના થાય છે જેમાં (૧) ડી.એમ.ડી.જી. મ્યુનિ.હાઈસ્કુલ, બેચર રોડ (૨) મોગરાવાડી પ્રાથમિક શાળા ખાતે ( પ્રથમ તબકકો ) માટે દરેક સેન્ટર ઉપર બેડની જરૂરીયાત હોય જેની ખરીદી અર્થે સ્થાનિક બજારમાંથી વેપારીના ભાવ માંગવામાં આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ.નું. | વેપારીનું નામ. | વસ્તુ નંગ | ભાવ |
|---|---|---|---|
| ૧ | શ્રી લક્ષ્મી ફર્નીચર, વલસાડ | સાદી સેટી ૬*૩ | ૨૩૫૦/– |
| ૨ | મારુતિ ટ્રેડર્સ, વલસાડ | સાદી સેટી ૬*૩ | ૨૫૦૦/– |
| ૩ | વૈભવ ફર્નીચર, વલસાડ | સાદી સેટી ૬*૩ | ૨૬૦૦/– |

ઉપરોકત આવેલ ત્રણ વેપારીઓના ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે શ્રી લક્ષ્મી ફર્નીચર, જયોતિ હોલની બાજુમાં, શાકભાજી માર્કેટ, વલસાડના ભાવ સૌથી ઓછા અને વ્યાજબી જણાતા સદરહુ ઓછા આવેલ ભાવો અને તેનું બીલ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૦૩ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૪૩</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના ૧૧ વોર્ડમાં " મારો વોર્ડ કોરોના મુકત વોર્ડ અભિયાન " હેઠળ કોવીડ કેર સેન્ટરો નગરપાલિકા કક્ષાએ વિસ્તારવાર શરૂ કરવા ગાદલા, ચાદર, તકિયાની ખરીદી કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર સરકારશ્રીના શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક પરચ / ૮૦૨૦૨૧ / ૩૨૭૩ / પી તા.૧૩ /૦૫ /૨૦૨૧ થી " મારો વોર્ડ કોરોના મુકત વોર્ડ અભિયાન " શરૂ કરવા સુચન કરેલ છે તે મુજબ વલસાડ નગરપાલિકાના ૧૧ વોર્ડમાં સદરહુ અભિયાનને પણ અમલમાં લેવાનું થાય છે સદરહુ વોર્ડ વિસ્તારમાં આ અભિયાન હેઠળ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ કાર્યવાહી હાથ ધરવાની થાય છે જે માટે તબકકાવાર કોવીડ કેર સેન્ટરો નગરપાલિકા કક્ષાએ વિસ્તારવાર જરૂરી વ્યવસ્થા સહીત કાર્યરત કરવાના થાય છે જેમાં (૧) ડી.એમ.ડી.જી. મ્યુનિ.હાઈસ્કુલ, બેચર રોડ (૨) મોગરાવાડી પ્રાથમિક શાળા ખાતે ( પ્રથમ તબકકો ) માટે દરેક સેન્ટર ઉપર ગાદલા, ચાદર, તકિયા વગેરેની જરૂરિયાત હોય જેની ખરીદી અર્થે સ્થાનિક બજારમાંથી વેપારીના ભાવ માંગવામાં આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ.નું. | વેપારીનું નામ. | વસ્તુ નંગ | ભાવ |
|---|---|---|---|
| ૧ | મહેબુબ કોટન વર્કસ, વલસાડ | ગાદલા, ગાદલા કવર, તકિયા કવર સાથે ચાદર | ૭૦૦/– |
| ૨ | ગુજરાત કોટન વર્કસ, વલસાડ | ગાદલા, ગાદલા કવર, તકિયા કવર સાથે ચાદર | ૮૫૦/– |
| ૩ | સૌરાષ્ટ્ર કોટન વર્કસ, વલસાડ | ગાદલા, ગાદલા કવર, તકિયા કવર સાથે ચાદર | ૧૦૩૦/– |

ઉપરોકત આવેલ ત્રણ વેપારીઓના ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરેમહેબુબ કોટન વર્કસ, તરીયાવાડ, વલસાડના ભાવ સૌથી ઓછા અને વ્યાજબી જણાતા સદરહુ ઓછા આવેલ ભાવો અને તેનું બીલ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૦૪ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૪૪</u>

<u>વિષયઃ–</u> બાંધકામ સમીતી ઠરાવ નં.–૦૪ / તા.: ૦૭–૦૪–૨૦૨૧ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા સંચાલિત સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં જીમના ઈન્સ્ટ્રકચર તેમજ ટ્રેઈનરની કામગીરી મારૂતિ જીમ, છીપવાડ,વલસાડ ધ્વારા કરવામાં આવે છે.જેનું માહે : ઓગસ્ટ–૨૦૨૦ નું આવેલ બીલ રૂા.૧૨૯૯૦/– તેમજ માહે : સપ્ટેમ્બર–૨૦૨૦નું આવેલ બીલ રૂા.૨૬,૦૦૦/– તેમજ નવેમ્બર–૨૦૨૦ તેમજ ડીસેમ્બર–૨૦૨૦ નું આવેલ બીલ રૂા.૨૬,૦૦૦/– પુરાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

બાંધકામ સમીતી ઠરાવ નં.–૦૪ / તા.: ૦૭–૦૪–૨૦૨૧ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા સંચાલિત સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવામાં આવેલ. સદરહુ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં બનાવવામાં આવેલ જીમમાં જીમ ઈન્સ્ટ્રકટર તેમજ ટ્રેઈનરની કામગીરી વલસાડના સ્થાનિક મારૂતિ જીમ, છીપવાડ,વલસાડને સોંપવામાં આવેલ, સદરહુ સોંપવામાં આવેલ કામગીરી અન્વયેનું એજન્સી ધ્વારા માહે : ઓગસ્ટ–૨૦૨૦નું આવેલ બીલ રૂા.૧૨,૯૯૦/– તેમજ માહે : સપ્ટેમ્બર–૨૦૨૦ નું આવેલ બીલ રૂા.૨૬,૦૦૦/– તેમજ નવેમ્બર–૨૦૨૦ તેમજ ડીસેમ્બર–૨૦૨૦ નું આવેલ બીલ રૂા.૨૬,૦૦૦/– પુરાનું આવેલ બીલોનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૦૫ / તા.:૧૯–૦૭–૨૦૨૧

———————————————————————————————————————————

<u>કામ નં.–૪૫</u>

<u>વિષયઃ–</u> ડ્રેનેજ મેઈન રાઈઝીંગ લાઈનના રિપરિંગ કામે આવેલ ભાવ પત્રક મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,પમ્પીગ સ્ટેશન આગળ તેમજ વલસાડ પારડી ટેકરા ફળિયા ખાતે મેઈન રોડ ઉપરના ડ્રેનેજની રાઈઝીંગ પાઈપ લાઈનના ભંગાણ પડવાના કારણે સદર તમામ વિસ્તારમાં ડ્રેનેજનું ગંદુ પાણી ઉભરાવવા અંગેના પ્રશ્નો ઉપસ્થિત થયેલ જે અંગે સમગ્ર વિસ્તારમાં ડ્રેનેજના ગંદા પાણીના ફેલાવાને લીધે સભ્યશ્રી / લોકોએ રોષ વ્યકત કરેલ તથા આજુ બાજુના તમામ વિસ્તારમાં ગંદા પાણીના લીધે અવર–જવર તથા રોગચાળો ફેલાવો થવાની સંભાવના હોવાથી સદર કામગીરી તત્કાલિન કરવાની જરૂરીયાત હોય જે સંદર્ભે સ્થાનિક બજારમાંથી કરાવવા પાત્ર કામગીરી અંગે જરૂરી ત્રણ ભાવો મંગાવેલ. જેનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ નુ. | વિગત | એ.એ.એન્જીનીયરીંગ | મમતા કન્સ્ટ્રકશન | હસમુખ વી.પોપટ |
|---|---|---|---|---|
| ૧ | 500 mm pipe lifting 600 MM pipe cutting & fitting with thast block | **175000** | **189000** | **185000** |
| ૨ | (valsad pardi road-1) 600x600x600 MM 6 mtr with thast block | **115000** | **122000** | **136000** |
| ૩ | (valsad pardi road-2) 600x500x600 MM 6 mtr with thast block | **90000** | **1115000** | **98000** |

ઉપરોકત તુલનાત્મક પત્રક ધ્યાને લેતાં એકંદરે એ.એ. એન્જીનીયરીંગ,અમદાવાદના ભાવો સૌથી ઓછા આવેલ હોય ,જે ધ્યાને લઈ ઉપરોકત કામગીરી તાત્કાલિક કરવાની જરૂરીયાત સંદર્ભે સદરહું સૌથી ઓછા ભાવ એ.એ.એન્જીનીયરીગ, અમદાવાદના મંજુર કરી, કામગીરી કરાવવાનું તથા કામગીરી કરાવ્યા બાદ આવતાં બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૦૬ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૪૬</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા. હદ વિસ્તારમાં કલ્યાણબાગ સામેના વિસ્તારમાં ડીમોલીશન કરવા માટે તાત્કાલિક ધોરણે આર.સી.સી. સ્લેબ તોડવા માટે ભાડેથી વલસાડના સ્થાનીક કેરવેલ મોર્ટસ એન્ડ ઈન્ફ્રા પ્રા.લીમી.ગુંદલાવ,વલસાડ પાસેથી બ્રેકર જે.સી.બી.મંગાવીને કામગીરી કરાવવામાં આવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા.૧૭૦૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વ.ન.પા. હદ વિસ્તારમાં કલ્યાણબાગ સામેના વિસ્તારમાં ડીમોલીશન કરવા માટે તાત્કાલિક ધોરણે આર.સી.સી. સ્લેબ તોડવા માટે ભાડેથી વલસાડના સ્થાનીક કેરવેલ મોર્ટસ એન્ડ ઈન્ફ્રા પ્રા. લીમી. ગુંદલાવ, વલસાડ પાસેથી બ્રેકર જે.સી.બી.મંગાવીને ડીમોલીશન કામગીરી કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૧૭૦૦૦/–અંકે રૂા. સત્તર હજાર પુરાનું ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૦૭ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૪૭</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા. હદ વિસ્તારમાં કલ્યાણ બાગની સામેના વિસ્તારમાં ડીમોલીશન કરવા માટે તાત્કાલિક ધોરણે ભાડેથી વલસાડના સ્થાનીક કેરવેલ મોર્ટસ એન્ડ ઈન્ફ્રા પ્રા.લીમી.ગુંદલાવ,વલસાડ પાસેથી બ્રેકર જે.સી.બી.મંગાવીને કામગીરી કરાવવામાં આવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા.૨૮૦૨૫/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વ.ન.પા. હદ વિસ્તારમાં આવેલ કલ્યાણ બાગની સામેના વિસ્તારની કેબીનોનું ડીમોલીશન કરવા માટે તાત્કાલિક ધોરણે બ્રેકર જે.સી.બી.મંગાવવામાં આવેલ જે અંગેનું કેરવેલ મોર્ટસ એન્ડ ઈન્ફ્રા પ્રા. લીમી. ગુંદલાવ, વલસાડનું આવેલ બીલ રૂા. ૨૮૦૨૫/– અંકે રૂા. અઠ્ઠાવીસ હજાર,પચ્ચીસ પુરાનું ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૦૮ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૪૮

વિષયઃ– વ.ન.પા. હદ વિસ્તારમાં ઔરંગા નદી પાસે આવેલ કસ્ટમ ઓફીસ પાસે કન્ટેનર સીફટીગ કરવાની કામગીરી,વલસાડના સ્થાનીક કેરવેલ મોર્ટસ એન્ડ ઈન્ફ્રા પ્રા.લીમી.ગુંદલાવ,વલસાડ પાસેથી કરાવવવામાં આવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા.૪૭૨૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વ.ન.પા. હદ વિસ્તારમાં ઔરંગા નદી પાસે આવેલ કસ્ટમ ઓફીસ પાસે કન્ટેનર શીફટીગ કરવા માટે તાત્કાલિક ધોરણે વલસાડના સ્થાનીક કેરવેલ મોર્ટસ એન્ડ ઈન્ફ્રા પ્રા. લીમી. ગુંદલાવ, વલસાડ પાસેથી કામગીરી કરાવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૪૭૨૦/–અંકે રૂા. ચાર હજાર, સાતસો વીસ પુરાનું ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૦૯ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૪૯</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદમાં  કોર્ટ બિલ્ડીગના પાછળનો ભાગ, કલ્યાણ બાગની બહારના ભાગે, ગીતાંજલી સોસા.સામેના ભાગે, મ્યુનિ.હાઈસ્કુલ બિલ્ડીગ મુખ્ય ગેટપાસે ના.સરકારશ્રીની ૧૪ મું નાણાપંચની યોજના હેઠળ  પેવરબ્લોક નાખવાની કામગીરી કરાવેલ જેની કરાવેલ કામગીરીનો ખર્ચ રૂા.૫,૨૫,૭૪૩/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદમાં  નીચે જણાવેલ સ્થળોએ  પેવરબ્લોક નાંખવાની જરૂરીયાત હોય, સદરહુ કામગીરી કરવી અત્યંત  અને જરૂરી  હોવાથી હાલે નામદાર સરકારશ્રીની ૧૪ મું નાણાપંચની યોજના હેઠળના મંજુર થયેલા ભાવોથી  નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ પેવરબ્લોક નાખવાની કામગીરી ઠકેદારશ્રી  પુનમ કન્સ્ટ્રકશન, બીલીમોરાનું ટેન્ડર મંજુર થયેલ છે. સદરહું મંજુર થયેલ ટેન્ડરર પાસેથી નીચે જણાવ્યા મુજબની કામગીરી કરાવવામાં આવેલ છે. સદરહું  કરાવેલ કામગીરીનો ખર્ચ રૂા.૫,૨૫,૭૪૩/– અંકે રૂા. પાંચ લાખ, પચ્ચીસ હજાર, સાતસો તેતાલીસ પુરાનું થયેલ હોય, સદરહું કામગીરીનો ખર્ચ મંજુર કરી આવેલ બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૧૦ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૫૦</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૧૧ માં આવેલ સુધાનગર અબ્રામા ગરીબનવાઝ ગલીમાં બાકી રહેલ ડામર રસ્તાનું કામ કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, જ.બો.ઠ.નં.–૯૪૬ / તા.: ૧૫–૦૩–૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૧૧ માં આવેલ સુધાનગર, અબ્રામા , ગરીબનવાઝ ગલીમાં બાકી રહેલ ડામર રસ્તાનું કામ રૂા.૪,૧૬,૯૦૦/– થી મંજુર કરવામાં આવેલ છે. સદરહું કામગીરી કરવા વોર્ડ નં.–૧૧ ના સભ્યશ્રી ઝાકિરભાઈ પઠાણની રજુઆત મુજબ, ઠેકેદારશ્રી ભાવિન કન્સ્ટ્રકશન કંપની, વડોદરા ઘ્વારા તા.:૨૭–૦૬–૨૦૨૧ ના રોજ સદરહુ અબ્રામા વિસ્તારમાં ડામર રસ્તા કરવા માટે કારોબારી સમીતી ઠરાવ નં.–૧૩૯ / તા.:૧૯–૧૦–૨૦૨૦ થી કામગીરી કરવાની લેખિત સંમતિ આપેલ છે. સદરહુ મંજુર થયેલ ડામર રસ્તાનું કામ કરાવવા માટેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૧૧ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૫૧

વિષયઃ– ના.સરકારશ્રીની અમૃત યોજના સને : ૨૦૧૭–૨૦ ના વર્ષ દરમ્યાન અર્બન ટ્રાન્સપોર્ટેશન સેકટરમાં મલ્ટીલેવલ પાર્કિંગ ફોર પબ્લીક ( ગ્રાઉન્ડ ફલોર + એક માળ ) બનાવવાના કામની વધારાની કામગીરી પૂર્ણ કરવા સદરહું એજન્સીને વધુ ૩ મહિનાનો સમય વધારો આપવા અંગેના કામ બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીની અમૃત યોજના સને : ૨૦૧૭–૨૦ ના વર્ષ દરમ્યાન અર્બન ટ્રાન્સપોર્ટેશન સેકટરમાં મલ્ટીલેવલ પાર્કિંગ ફોર પબ્લીક ( ગ્રાઉન્ડ ફલોર + એક માળ ) બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતા મુદત દરમ્યાન કુલ–૨(બે) ટેન્ડરો આવેલ છે, સદરહુ કામની ટેન્ડર આઈ.ડી.નં.–૩૪૦૬૦૭ છે. સદરહુ આવેલ ટેન્ડર ડોકયુમેન્ટ તેમજ ઓનલાઈન ટેન્ડર તા.: ૧૮–૦૧–૨૦૧૯ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહું ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે મે. એસ.મે.સેલડીયા, સુરતનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂા.૨૦૦૦૬૯૫૬.૧૨/– કરતાં ૫.૩૬% નીચા ભાવથી આવેલ છે. જેથી નીચા ભાવ મુજબ રૂા.૧૮૯૩૪૫૮૩.૨૭/– પુરાનું સૌથી નીચા ભાવથી ટેન્ડર આવેલ છે, તો સદરહુ નીચા આવેલ ભાવ કા.સ.ઠ.નં.–૩૫૧ તા.: ૨૫–૦૨–૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે.

નગરપાલિકા ધ્વારા તા.:૦૭/૦૩/૨૦૧૯ ના વર્ક ઓર્ડર ૧૨ મહિનાના સમયગાળા માટે આપવામાં આવેલ હતો પરંતુ ઠેકેદારશ્રીની તા.:૦૪ / ૧૦ /૨૦૧૯ ની અરજીમાં જણાવ્યા મુજબ સદર જગ્યા પર ડ્રેનેજ પાઈપ લાઈન હોવાથી તેને સિફટિંગ કરવા માટે તેમજ ઠેકેદારશ્રીની તા.:૧૪/૧૦/૨૦૧૯ ની અરજીમાં તળાવની જગ્યા હોવાથી SBC લેવામાં તથા સ્ટ્રકચર ડીઝાઈન કરવામાં અને ખાતમુર્હત કરવામાં વિલંબ થતાં સદરહું કામગીરી તા.:૧૩/૦૨/૨૦૨૦ ના રોજ શરૂ કરવામાં આવેલ હતી. સરકારશ્રી ધ્વારા COVID-19 ને વૈશ્વિક મહામારી જાહેર કરતાં, સરકારશ્રીના નિયમોનુસાર વધુ 6 મહિનાનો સમય વધારો આપવાનો થાય છે. ઉપરોકત હકીકતને ધ્યાને લેતાં સદરહું કામગીરીનો તા.: ૧૩/૦૮/૨૦૨૧ ના રોજ સમયમર્યાદા પૂર્ણ થાય છે. જે હકીકત ધ્યાને લેતા એજન્સીના તા.:૩૦/૦૬/૨૦૨૧ ના અરજીમાં જણાવ્યા મુજબ વધારાના કામની મંજુરી મળેલ નહીં હોવાના કારણે કામગીરીમાં વિલંબ થાય છે. જે હકીકત જોતાં સોઈલ બેરીંગ કેપેસીટી ( SBC )ઓછી આવેલ છે અને અત્રે કચેરીએ જરૂરી ચર્ચા વિચારણા કરતાં તથા ભવિષ્યમાં પાર્કિંગની સમસ્યાને ધ્યાને લઈ મલ્ટીલેવલ પાર્કિંગ ફોર

પબ્લીકની સ્ટ્રકચર ડીઝાઈન કરવામાં આવેલ છે જેથી સદરહુ બાબતને ( બીજો માળ + ગ્રાઉન્ડ ફ્લોર) ઘ્યાને લેતા સ્થળ ઉપર ટેન્ડર એસ્ટીમેઈટમાં જણાવ્યા મુજબની સ્ટ્રકચર ડીઝાઈન કરતાં હેવી સ્ટ્રકચર મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવાના કામે સદરહુ ડીઝાઈન જરૂરી છે પ્રોજેકટના નિમણુંક પામેલ કન્સ્લટન્ટશ્રી ધવલ એન્જીનીયર,ગાંધીનગર ઘ્વારા એસ્ટીમેઈટમાં જણાવ્યા મુજબ સદરહુ કામમાં થયેલ વધારાની કામગીરીનો એસ્ટીમેઈટ મુજબ રૂા.૬૨,૨૮,૯૧૦/– થી વધારો થવા જાય છે. સદરહું ખર્ચ નગરપાલિકા ઘ્વારા કા.સ.ઠ.નં. ૫૩ / તા.: ૧૮/૦૭/૨૦૨૦ તથા જ.બો.ઠ.નં.૮૦૧ / તા.: ૦૯/૧૧/૨૦૨૦ થી મંજુર કરેલ છે. જે અંગે ગુજરાત શહેરી વિકાસ મિશન,ગાંધીનગર ખાતે જરૂરી આગળની મંજુરી મેળવવા અર્થે અત્રેની કચેરીએથી દરખાસ્ત સાદર કરેલ છે. અને હાલે સદરહુ દરખાસ્ત ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર ખાતે પેન્ડીગ છે. જેથી ઉપરોકત હકીકત ઘ્યાને લેતાં સદરહુ કામગીરી તથા વધારાની કામગીરી પૂર્ણ કરવા સદરહુ એજન્સીને વધુ ૩ મહિનાનો સમય વધારો આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૧૨ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૫૨</u>

<u>વિષયઃ–</u> ધનકચરા નિકાલની જુની ડમ્પીંગ સાઈટ ઉપર સ્વચ્છ ભારત મિશન તરફ મંજુર કરેલ DPR મુજબના કામો કરવાનું મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા ધન કચરાની ડમ્પીંગ સાઈટ પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં નગરપાલિકાની માલિકીના STP પ્લાન્ટવાળી જગ્યાની બાજુમાં ઔરંગા નદીના કિનારે આવેલ છે. નગરપાલિકાના નવા બનેલ STP પ્લાન્ટની બાજુવાળા જગ્યામાં નગરપાલિકા પોતાનો જુનો કમ્પોસ્ટ પ્લાન્ટ તેમજ નવું એમ.આર.એફ.સેન્ટર તથા દિવાલ બનાવવાની હોય જે માટે સે.ક.ઠ.નં.–૧૩૮ / તા.:૨૬–૦૨–૨૦૨૧ તથા કા.સ.ઠ.નં.–૩૫૨ / તા.:૦૪ / ૦૩/૨૦૨૧ તથા જ.બો.ઠ.નં. –૯૫૦ તા.:૧૫/૦૩/૨૦૨૧ થી સર્વાનુમતે ઉપરોકત કામો મંજુર થયેલ છે.

નગરપાલિકાને ભાગડાવડા ગ્રામપંચાયતની હદમાં ડમ્પીંગ સાઈટ માટે મે. કલેકટર સાહેબ, વલસાડના પત્ર ક્રમાંક : સીબી / એલએનડી / વશી–૧૪૧૮ / ૨૦૨૦ તા.:૦૭/૦૭/૨૦૨૦ થી ડમ્પીંગ સાઈટ માટેની જગ્યા ફાળવેલ હતી જેમાં ત્યાંના સ્થાનિક લોકોના વિરોધ હોવા ઉપરાંત જે જગ્યા મેળવવા પહેલાં નગરપાલિકાએ રૂા.૪૬૪/–લાખ જેવી મોટી રકમ ભરપાઈ કરવાની થતી હોય નગરપાલિકાની આર્થિક સ્થિતિ નબળી હોવાથી ભરી શકાય તેમ ન હોય જેથી આ બન્ને કારણોસર જગ્યા ફેરફાર અંગે ઠરાવમાં ફેરફાર કરવાની જરૂરીયાત હોય સદર પ્લાન્ટ ને મોજે પારડી સાંઢપોર ખાતે નગરપાલિકાની માલીકીની સર્વે નંબર.: ૧૭૬ SBM Plot ૪૯૬૮ સ્કે.મીટર જેટલી જગ્યામાં આ પ્લાન્ટ શીફટ કરવાની જરૂરીયાત હોય અને જે અંગે માર્ગ અને મકાન વિભાગની તા.:૨૦ / ૦૨ /૨૦૨૧ થી ટી.એસ.(T.S.) પણ મળેલ હોય તેમજ તા.: ૦૧/૦૬/૨૦૨૧ ના રોજ મળેલ N.G.T.ની મીટીગમાં આ કામ અંગે ચર્ચા થયેલ હોય જેથી ઉપરોકત કામે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૧૩ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૫૩

વિષયઃ– આરોગ્ય શાખામાં ખાલી પડેલ મીકેનીકની જગ્યા ઉપર નિમણુંક કરવા માટેની મંજુરી માંગતી દરખાસ્ત કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,નગરપાલિકાના આરોગ્ય શાખાના મહેકમ પત્રકે ટ્રેકટર મીકેનીકની જગ્યા ધોરણ–૧૨ પાસ, મીકેનીકલ ડીપ્લોમા, મીકેનીકલ સર્ટીફીકેટ ધરાવનારની કવોલીફીકેશનમાં મંજુર થયેલ છે. સદર જગ્યા ઉપર સને ૧૯૯૬ થી શ્રી બળવંતભાઈ ડી. પટેલ ફરજ બજાવતા હતા જેઓ તા.:૩૧/૦૩/ ૨૦૨૧ ના રોજની ફરજ બાદ નિવૃત થયેલ છે. જેને કારણે શાખાના મહેકમ પત્રકે ટ્રેકટર મીકેનીકની જગ્યા તા.:૦૧/૦૪/૨૦૨૧ થી ખાલી પડેલ છે. નગરપાલિકાના આરોગ્ય શાખા પાસે ધન કચરા નિકાલની કામગીરીમાં જોડાયેલ ૨૪ જેટલા ટ્રેકટર–ટ્રેલરો, મરેલા ઢોર જાનવર નિકાલના વાહનો, વેકયુમ ટેન્કર, દવા છંટકાવ વાહનો / સાધનો છે. આ વાહનોના રીપેરીંગ માટે નગરપાલિકા પાસે ગેરેજ પણ છે. શાખામાં મીકેનીકની જગ્યા ખાલી હોવાથી આટલા બધા વાહનો હોઈ રોજે રોજ કોઈને કોઈ વાહનો / સાધનોમાં રીપેરીંગ કામ આવતું જ રહેતું હોય છે. નગરપાલિકાએ તેના વિસ્તારમાં ડોર ટુ ડોર ધન કચરા નિકાલની, મરેલા ઢોર જાનવરોના નિકાલની કામગીરી હાલના કોવીડના સમયમા દવા છંટકાવની કામગીરી કરવી પડતી હોઈ તેવા સંજોગોમાં વાહનોનું ત્વરીત રીપેરીંગ કામ થઈ જાય ખાતાની સફાઈની કામગીરી સતત ચાલુ રહે તે માટે આરોગ્ય શાખામાં ખાલી પડેલ મીકેનીકની જગ્યા ઉપર કાયમી નિમણુંક થવી જરૂરી છે.

ઉપરોકત બાબતોથી વિદિત થતા નગરપાલિકાના મહેકમ પત્રકે ખાલી પડેલ મીકેનીકની જગ્યા ઉપર કાયમી ધોરણે નિમણુંક કરવા માટેની મંજુરી માંગતી દરખાસ્ત સક્ષમ સત્તાધિકારી તરફ સાદર કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૧૪ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૫૪</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં : ૫ ના વખારીયા હોલ પાછળ બનાવવામાં આવેલ શૌચાલયોનો ખર્ચ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકાના વોર્ડ નંબર.ઃ ૦૫ ના શાકભાજી મારકેટ સામે આવેલ વખારીયા હોલની પાછળ આવેલ સ્લમ વિસ્તારમાં રહેતા નાગરીકો માટે બે શૌચાલયો વર્ષો પહેલા બનાવવામાં આવેલ હતા. આ શૌચાલયો જર્જરીત થતાં તેમજ વારંવાર ડ્રેનેજ ઓવર ફલો થવાનો પ્રશ્ન ઉદભવતા અને જેને લઈને ખુબજ ગંદકી ફેલાતી હોઈ નગરપાલિકા ઘ્વારા જાહેર આરોગ્યના હીતમાં આ શૌચાલયોને તોડીને દુર કરવામાં આવેલ હતા. આ જુના શૌચાલયો તોડીને દુર કરાતા આ સ્લમ વિસ્તારમાં રહેતા નાગરિકોને શૌચાલયો બાબતે મુશ્કેલી પડતી હતી તે દુર કરવા માટે તેઓ ઘ્વારા તા.ઃ ૨૮ /૧/ ૨૦૨૧ ના રોજ મળેલ સમગ્ર સભામાં રજુઆત કરવા પણ આવેલ હતા. તેઓની રજુઆતને ઘ્યાને લઈ નગરપાલિકા ઘ્વારા આ ગરીબ અને આદિવાસી નાગરિકોને બે શૌચાલયો બનાવી આપી તેઓને સોંપી દેવાનું નકકી કરવામાં આવેલ હતું.

સદરહું બે શૌચાલયો બનાવવા માટે, ચીફ સેનેટરી ઈન્સ્પેકટર,વલસાડ નગરપાલિકાના રીપોર્ટમાં જણાવ્યા મુજબનો માલસમાનનો ખર્ચ અંદાજે રૂા. ૧૫,૦૦૦/– થી રૂા.૧૭,૦૦૦/– જેટલો થાય છે. જે સદરહું થયેલ ખર્ચ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૧૫ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૫૫</u>

<u>વિષયઃ–</u> આરોગ્ય શાખાના ફીકસ પગાર ઉપર નિમાયેલ ઝાડુવાળા / વાલ્મિકી સફાઈ કામદારોને કાયમી કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના ઝાડુવાળા / વાલ્મીકી સફાઈ કામદારોની તેઓના હુકમમાં જણાવેલ ૧ થી ૧૨ શરતોને આધીન તા.:૦૧/૦૮/ ૨૦૧૬ થી પાંચ વર્ષના ફીકસ પગારમાં નિમણુંક કરવામાં આવેલ હતી. તેઓની નિમણુંકનો પાંચ વર્ષનો સમયગાળો તા.: ૩૧/૦૭/૨૦૨૧ ના રોજ પૂર્ણ થાય છે. તેઓની નિમણુંકના ૧ થી ૧૨ શરતો પૈકી શરત નં.–૮" સફાઈ કામદાર તરીકે પસંદ થયેલા ઉમેદવારોના નગરપાલિકા હસ્તકના પાંચ વર્ષની સંતોષકારક સેવાપૂર્ણ થયા બાદ તેઓને નિયત પગાર ધોરણ રૂા.૪૪૪૦–૭૪૦૦( ગ્રેડ પે–૧૩૦૦) માં સમાવવા વિચારણા કરી શકશે " ની જોગવાઈ જોતાં તેઓએ પાંચ વર્ષની સેવા સતોષકારક રીતે બજાવેલ હોઈ તેઓને શરત નં.–૧૧ " આ કરાર આધારિત પાંચ વર્ષ સેવા રજા, પગાર, પેન્શન કેસ, સીન્યોરીટી જેવા કોઈપણ નાણાંકીય લાભો માટે નિયમિત નોકરી સાથે જોડી શકશે નહીં" ના જોગવાઈ જોતાં તેઓને તા.:૦૧/૦૮/૨૦૨૧ થી કાયમી ધોરણે નિમણુંક કરવા માટે નગરપાલિકાએ નિર્ણય કરવાનો થાય છે.

ઉપરોકત હીકકતોથી વિદીત થતાં ચીફ સેનેટરી ઈન્સ્પેકટર,વ.ન.પા.ની નીચે જણાવેલ અ.નં. ૧ થી ૪૮ યાદી મુજબના ઝાડુવાળા / વાલ્મીકી સફાઈ કામદારોએ તેમનો પાંચ વર્ષની ફરજ / સેવા સંતોષકારક રીતે બજાવેલ હોઈ તેઓને શરત નં.–૮ ની જોગવાઈ મુજબ નિયત – પગાર ધોરણમાં કાયમી કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | સફાઈ કામદારનું નામ | હોદ્દો | ઓર્ડર નંબર | નિમણુંક તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી ઉમેશભાઈ શંકરભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી જા.નં.૫૯૫/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૨ | શ્રી રાજેશભાઈ બાબુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી જા.નં.૫૯૬/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૩ | શ્રી અજયભાઈ છોટુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી જા.નં.૫૯૯/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૪ | શ્રી રમેશભાઈ મંગુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી | ૦૧/૦૮/૨૦૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જા.નં.૫૮૯/૧૬.૭.૨૦૧૬ | |
| ૫ | અરવિંદભાઈ લાલુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૯૮/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૬ | સુરેશભાઈ રમણભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૯૭/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૭ | મુકેશભાઈ ભીખુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૯૦/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૮ | પ્રવીણભાઈ છગનભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૦૫/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૯ | ઉમેશભાઈ બચુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૦૪/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૧૦ | સુરેશભાઈ દેવુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૦૦/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૧૧ | રાકેશભાઈ કીકાભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૮૮/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૧૨ | મહેશભાઈ મગનભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૦૩/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૧૩ | જગદીશભાઈ રમેશભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૦૬/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૧૪ | સુમનભાઈ શુકકરભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૦૭/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૧૫ | દિલીપભાઈ ભાણાભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૦૮/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૧૬ | રતિલાલ છગનભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૦૯/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૧૭ | સતિષભાઈ ભીખુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૧૦/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૧૮ | રાકેશભાઈ ઈશ્વરભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૧૧/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૧૯ | ગિરીશભાઈ શીલુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૧૨/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૨૦ | રમેશભાઈ ભીખુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૯૨/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૨૧ | મનાજીભાઈ બાબુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી | ૦૧/૦૮/૨૦૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જા.નં.૫૭૭/૧૬.૭.૨૦૧૬ | |
| ૨૨ | ઈશ્વરભાઈ વેસ્તાભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૭૮/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૨૩ | ધમુંભાઈ રમણભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૭૯/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૨૪ | શંકરભાઈ રવજીભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૮૦/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૨૫ | હસમુખભાઈ કાલિદાસભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૮૧/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૨૬ | મંગુભાઈ છનાભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૮૨/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૨૭ | રાકેશભાઈ મંગુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૮૩/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૨૮ | છગનભાઈ બાલુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૮૪/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૨૯ | કનુભાઈ રામસિંગભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૮૬/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૩૦ | વસંતભાઈ રવજીભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૮૭/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૩૧ | સુરેશભાઈ કાલિદાસ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૧૩/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૩૨ | ઠાકોરભાઈ કીકાભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૧૫/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૩૩ | રમેશભાઈ કાંતિભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૯૧/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૩૪ | રાકેશભાઈ હરિભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૫૯૩/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૩૫ | ધનસુખભાઈ નાનુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૦૧/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૩૬ | નવીનભાઈ છોટુભાઈ | ઝાડુવાળા સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૧૪/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૩૭ | દિપકભાઈ બાબુભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૧૭/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૩૮ | શૈલેષભાઈ રમેશભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી | ૦૧/૦૮/૨૦૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જા.નં.૬૨૪/૧૬.૭.૨૦૧૬ | |
| ૩૯ | જયંતિ  છનાભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૩૯/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૪૦ | જીતેન્દ્રભાઈ  બાબુભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૨૩/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૪૧ | મનીષભાઈ  મુકેશભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૩૩/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૪૨ | રજનીકાંત સુમનભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૧૯/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૪૩ | દિનેશભાઈ વસંતભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૩૪/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૪૪ | પ્રવીણભાઈ બાબુભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૩૮/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૪૫ | વસંતભાઈ પ્રતાપભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૪૦/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૪૬ | રોશનભાઈ સોહનભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૩૯/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૪૭ | જયેશભાઈ દિનેશભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૩૨/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |
| ૪૮ | વિનયભાઈ હરજીભાઈ | વાલ્મીકી સફાઈ કામદાર | વહીવટી<br>જા.નં.૬૩૦/૧૬.૭.૨૦૧૬ | ૦૧/૦૮/૨૦૧૬ |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૧૬ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૫૬

વિષયઃ– વોર્ડ નં : ૫ શાકભાજી મારકેટ વખારીયા હોલ પાછળના જુના શૌચાલયો તોડવામાં આવેલ છે. તે જગ્યામાં નવું પે એન્ડ યુઝ શૌચાલય શ્રી અજય કન્સ્ટ્રકશન પારનેરા પારડી, વલસાડની એજન્સી બનાવતી હોઈ આ કામે ગ્રાન્ટ મેળવવા દરખાસ્ત કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વોર્ડ નં : ૫,ના શાકભાજી મારકેટ, વખારીયા હોલ પાછળના જુના શૌચાલયો તોડવામાં આવેલ છે. તે જગ્યામાં નવું પે એન્ડ યુઝ શૌચાલય શ્રી અજય કન્સ્ટ્રકશન પારનેરા પારડી, વલસાડની એજન્સી બનાવતી હોઈ આ કામે ધોરણસરની દરખાસ્ત તૈયાર કરી, સરકારશ્રીમાં ગ્રાન્ટ મેળવવા અંગેની જરૂરી દરખાસ્ત સાદર કરવાની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૧૭ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૫૭</u>

<u>વિષય:–</u> સ્વચ્છ ભારત મિશન–૨૦૨૨ કાર્યક્રમ અંતર્ગત વાહનોમા જી.પી.એસ સીસ્ટમ તથા સી.એમ ડેશ બોર્ડ ઉપર **API** સીસ્ટમ બનાવવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રી ધ્વારા સને –૨૦૧૪ થી ચલાવાતા સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમને સને–૨૦૨૬ સુધી લંબાવવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ તમામ શહેરો, નગરો સ્વચ્છ બને, ૧૦૦% સફાઈ થાય, ડોર ટુ ડોર ઘન કચરાનો નિકાલ થાય, ઘન કચરાનું સુવ્યવસ્થિત એકત્રીકરણ, પરિવહન અને તેનું વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય અને આ કામગીરીનું મોનીટરીંગ થાય તેવા કોમ્પોનન્ટોમાં કામ કરવાનું થાય છે. તે પૈકી એક કોમ્પોનન્ટ નગરપાલિકાના ઘન કચરા નિકાલના વાહનમાં ટ્રેકીંગ માટે જી.પી.એસ.સીસ્ટમ લગાવવાની તથા **CM DESH BOARD** પર ડોર ટુ ડોર કલેકશનની લાઈવ લીંક તથા **API** સીસ્ટમ બનાવવાની કામગીરીના ભાવો મંગાવવામાં આવેલ હતા. જે એજન્સીના ભાવો આવેલ હતા તેનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | એજન્સીનું નામ સરનામું. | કામગીરીની વિગત | આવેલ ભાવો રૂા. |
|---|---|---|---|
| ૧ | પરિશ્રમ સોફ્ટવેર,<br>સત્તા બજાર, વેરાવળ. | ઘન કચરા નિકાલના વાહનો ઉપર જી.પી.એસ ટ્રેકીંગ સીસ્ટમ લગાવવા તથા **CM DESH BOARD** ઉપર ડોર ટુ ડોર કલેકશનની લાઈવ લીક **API** સીસ્ટમ બનાવવાના નંગ–૧ ના. | રૂા.૧૪,૩૦૦/– |
| ૨ | એ ટુ ઝેડ સોલ્યુશન,<br>રાવલીયા પ્લોટ, પોરબંદર. | ––"–– | રૂા.૧૫,૦૦૦/– |
| ૩ | સનરાઈઝ એજન્સી,<br>રેલ્વે સ્ટેશન સામે, ઉગન્ડા રોડ,<br>પોરબંદર. | ––"–– | રૂા.૯૬૪૦/– |

ઉપરોકત તુલનાત્મક પત્રક જોતાં શ્રી સનરાઈઝ એજન્સી, ઉગન્ડા રોડ, રેલ્વે સ્ટેશન સામે, પોરબંદરના ભાવો અન્ય આવેલ ભાવો કરતાં ઓછા હોઈ જે વ્યાજબી જણાતા હોઈ જે ભાવો મંજુર કરી તેમની પાસે જરૂરીયાત મુજબ આ કામગીરી કરાવવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૧૮ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૫૮</u>

<u>વિષયઃ–</u> લાંબા સમયથી ગેરહાજર રહેતા સફાઈ કામદારોને છુટા કરવા બાબતે નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકાના આરોગ્ય શાખામાં નીચે જણાવેલ યાદી મુજબના અને તેમાં જણાવેલ વિગતવાળા ઝાડુવાળા / વાલ્મિીકી સફાઈ કામદારો લાંબા સમયથી ફરજ ઉપર આવતા નથી. ફરજ ઉપર હાજર થવા નોટીશો પણ આપવામાં આવેલ છતાં કોઈને કોઈ બહાના હેઠળ ફરજ ઉપર આવતા નથી જેને કારણે ખાતાને તેની કામગીરીમાં પહોંચી વળવામાં મુશ્કેલી પડી રહી છે.

| અ.નં. | સફાઈ કામદારનું નામ. | હોદ્દો | નિમણુંક તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી પોલારામ મોડાજી | કાયમી વાલ્મિકી સફાઈ કામદાર | ૧.૧૧.૧૯૯૩ | તા.:૦૧/૦૧/૨૦૧૯ થી સતત ગે×હા(અમુક માસ બાદ કરતા ) |
| ૨ | શ્રી ટીનુભાઈ દીનેશભાઈ | ફિકસ પગારદાર વાલ્મિકી સફાઈ કામદાર | ૦૧/૦૮/૨૦૧૬ | સતત ગે×હા |
| ૩ | શ્રીનિતિનભાઈ ધનેશભાઈ | ફિકસ પગારદાર વાલ્મિકી સફાઈ કામદાર | ૦૧/૦૮/૨૦૧૭ | સતત ગે×હા |

ઉપરોકત બાબતોથી વિદિત થતાં સદર વાલ્મીકી સફાઈ કામદારોના તેમની ફરજમાંથી છુટા કરવા માટે જરૂરી નિર્ણય કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૧૯ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૫૯

વિષયઃ– જંતુ નાશક દવાના ટેન્ડર ખુલ્લા કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, સને ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે આરોગ્ય શાખા માટે જંતુનાશક દવા–પાવડર તથા અન્ય જરૂરી માલસામાનની ખરીદી વાર્ષિક કરારથી કરવા માટેના ભાવો તા.: ૦૮/ ૦૬ /૨૦૨૧ ના રોજના " સંદેશ " સમાચાર દૈનિક પત્રમાં માહીતી ખાતા વલસાડ મારફત જાહેરાત પ્રસિધ્ધ કરાવી ટેન્ડરો બહાર પાડી ભાવો મંગાવેલ હતા. સમય મર્યાદામાં કુલ–૦૪ (ચાર) ટેન્ડરો આવેલ હતા. આ ટેન્ડરો, મા.પ્રમુખશ્રી તથા મા.ચીફ ઓફીસરશ્રીની રૂબરૂમાં ખુલ્લા કરતા આવેલ હતા. આવેલ ભાવોનું નીચે જણાવ્યા મુજબના જે જે ટેન્ડરરના ભાવો ઓછા અને વ્યાજબી આવેલ છે જેની વિગતો નીચે મુજબ છે તેમના ભાવો મંજુર કરી જરૂરીયાત મુજબનો માલસામાન ખરીદવાનું ઠરાવવામાં આવે છે.

(૧) એજન્સી શ્રી સહલીયા એન્ટરપ્રાઈઝ જોધપુરના ટેન્ડરની આઈટમ નંબર.: ૧૫, ૩૬,૪૨,૪૬ ના ભાવો અન્ય આવેલ એજન્સીઓના ભાવો કરતા ઓછા આવેલ હોઈ

(૨) એજન્સી શ્રી સાંઈરાજ ટ્રેડર્સ, કિલ્લા પારડીના ટેન્ડરની આઈટમ નંબર.: ૪, ૧૦,૧૧, ૧૯,૨૯,૪૦, ૫૬ ના ભાવો અન્ય આવેલ એજન્સીઓના ભાવો કરતા ઓછા આવેલ હોઈ

(૩) એજન્સી શ્રી મારૂ ટ્રેડર્સ, સુરતના ટેન્ડરની આઈટમ નંબર.: ૧૨, ૧૬, ૧૭, ૨૦, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૭,૩૮,૪૯,૫૨,૫૪,૫૫ ના ભાવો અન્ય આવેલ એજન્સીઓના ભાવો કરતા ઓછા આવેલ હોઈ તથા

(૪) એજન્સી શ્રી કાજલ પ્રભાતભાઈ પટેલ બારડોલીના ટેન્ડરની આઈટમ નંબર.: ૧,૨,૩,૬,૭,૮,૯, ૧૩, ૧૪,૧૮,૩૦,૪૮,૫૦,૫૧,૫૩,૫૮ ના ભાવો અન્ય આવેલ એજન્સીઓના ભાવો કરતા ઓછા આવેલ હોઈ જે ભાવો મંજુર કરવાનું તથા તેઓ પાસે જરૂરીયાત મુજબની દવા, પાવડર તથા અન્ય માલસામાન ખરીદવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં, ટેન્ડરની આઈટમ નંબર : ૫, ૨૧,૨૨, ૩૯,૪૧,૪૩, ૪૪, ૪૫,૪૭,૫૭, ૫૯,૬૦,૬૧ ના ભાવો આવેલ ન હોય / સીગલ આવેલ હોઈ ના ભાવો મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૨૦ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૬૦

વિષયઃ– નેશનલ હાઈવે નં.–૪૮, ગીરીરાજ હોટલ અબ્રામાથી વાલિયા થઈ હિન્દી સ્કુલ મોગરાવાડીથી કૈલાસ રોડ ખેરગામ રોડ સ્ટેટ હાઈવે નં.૬૭ ને જોડતો રસ્તો બનાવવાના કામે ના.સરકારશ્રીમાં દરખાસ્ત મોકલવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના સભ્ય શ્રી ગીરીશ બી. દેસાઈની તા.: ૨૪–૦૬–૨૦૨૧ ની અરજીમાં જણાવ્યા મુજબ નેશનલ હાઈવે નં.–૪૮, ગીરીરાજ હોટલ અબ્રામાથી વાલિયા થઈ હિન્દી સ્કુલ મોગરાવાડીથી કૈલાસ રોડ ખેરગામ રોડ સ્ટેટ હાઈવે નં.૬૭ ને જોડતા રોડને ડામર રોડ બનાવવા અંગેની ભલામણ અરજી કરેલ છે. અને સદરહુ અરજીમાં જણાવ્યા મુજબ સદરહુ કામનો એસ્ટીમેઈટ બનાવી તે અંગેની ગ્રાન્ટની ફાળવણી કરવા અંગે નગરપાલિકા તરફથી રાજય સરકારને જરૂરી પત્રવ્યવહાર કરવા જણાવેલ છે.

ઉપરોકત જણાવેલ રસ્તાની સ્થળ તપાસ કરતાં નેશનલ હાઈવે નં.–૪૮, ગીરીરાજ હોટલ અબ્રામાથી વાલિયા થઈ હિન્દી સ્કુલ મોગરાવાડી સુધીના રોડની સ્થિતિ હાલે સારી હાલતમાં જણાય આવેલ છે. જયારે મોગરાવાડી હિન્દી સ્કુલથી કૈલાશ રોડ, ખેરગામ રોડથી સ્ટેટ હાઈવે નં.૬૭ ને જોડતો રોડ જ.બો.ઠ.નં. ૭૫૯ / તા.: ૨૮/૦૧/૨૦૨૦ થી નગરપાલિકા હસ્તક લીધેલ છે. તથા પંચાયત ( મા × મ) પેટાવિભાગ, વલસાડના જા.નં. પીબી–/૮૮૬ / ૨૦૨૦, ૦૧/૦૯/૨૦૨૦ થી વિલેજ રોડ તબદીલ કરી નગરપાલિકા હસ્તક લીધેલ છે. સદરહું રોડ ખુબજ ખરાબ હાલતમાં છે. જેથી સદરહું ખરાબ રોડને ડામર રોડ બનાવવાના કામે અંદાજિત ખર્ચ રૂા.૬૧,૮૮,૭૦૦/– પુરાનો થવા જાય એમ છે. જેથી સદરહું કામગીરી કરાવવા ના.સરકારશ્રીમાંથી ગ્રાન્ટની ફાળવણી કરવા રાજય સરકારશ્રીને જરૂરી પત્રવ્યવહાર કરવા અંગેની નિયમોનુસાર દરખાસ્ત કરવા આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૨૧ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૬૧</u>

<u>વિષયઃ–</u>તા.:૧૪/૦૭/૨૦૨૧ ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, વોર્ડ–૩,સંતોષ તેવળિયા ઘરથી રમણ બુધાના ઘર સુધીના આર.સી.સી.પાઈપ લાઈન ૨૮૪ ફુટ નાખવા અંગેનું કામ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ. નં.–૩૦ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, વોર્ડ–૩, સંતોષ તેવળિયા ઘરથી રમણ બુધાના ઘર સુધીમાં ૨૨૫ એમએમ ડાયા મીટરની આર.સી.સી. ડ્રેનેજ લાઈન ૨૮૪ ફુટ નાખવા અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૨,૫૮,૮૫૩–૮૨ અંકે રૂા. બે લાખ,અઠ્ઠાવન હજાર, આઠસો ત્રેપન, બ્યાંસી પૈસા પુરાનું મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૨૨ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૬૨</u>

<u>વિષયઃ–</u>તા.:૧૪/૦૭/૨૦૨૧ ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, વોર્ડ–૩, ફુલવાળી ગલી મુખ્ય રસ્તા સ્ટેન્ડ પોસ્ટ સુધીની સંતોષભાઈના નાકા સુધી આર.સી.સી.પાઈપ લાઈન ૩૦૦ ફુટ નાખવા અંગેનું કામ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ. નં.–૩૧ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, વોર્ડ–૩, ફુલવાળી ગલી મુખ્ય રસ્તા સ્ટેન્ડ પોસ્ટ સુધી સંતોષ ભાઈના નાકા સુધીના ૨૨૫ એમએમ ડાયા મીટરની આર.સી.સી. ડ્રેનેજ લાઈન ૩૦૦ ફુટ નાખવા અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૬૯,૦૪૩–૧૨ અંકે રૂા. બે લાખ,ઓગણા સીત્તેર હજાર, તેતાલીસ, બાર પૈસા પુરાનું મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૨૩ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૬૩</u>

<u>વિષયઃ–</u> તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, વોર્ડ–૩, રામઆશરે ઘરની સામેથી રાજેશ સોલંકીના ઘર સુધી આર.સી.સી.પાઈપ લાઈન ૨૪૦ ફુટ નાખવા અંગેનું કામ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ. નં.–૩૨ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, વોર્ડ–૩, રામઆશરેના ઘરની સામેથી રાજેશ સોલંકીના ઘર સુધી ૨૨૫ એમએમ ડાયા મીટરની આર.સી.સી.ડ્રેનેજ લાઈન ૨૪૦ ફુટ નાંખવા અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૨,૧૧,૯૭૧–૬૪ અંકે રૂા. બે લાખ,અગીયાર હજાર, નવસો એકોતેર, ચોસઠ પૈસા પુરાનું મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૨૪ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૬૪</u>

<u>વિષયઃ–</u> તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, વોર્ડ–૩, ઈસ્માઈલ રાણાના ઘરથી મુખ્ય રસ્તા સુધી આર.સી.સી.પાઈપ લાઈન ૩૦૦ ફુટ નાખવા અંગેનું કામ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ. નં.–૩૩ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, વોર્ડ–૩, ઈસ્માઈલ રાણાના ઘરથી મુખ્ય રસ્તા સુધી ૨૨૫ એમએમ ડાયા મીટરની આર.સી.સી.ડ્રેનેજ લાઈન ૩૦૦ ફુટ નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૨,૬૯,૦૪૩–૧૨ અંકે રૂા.બે લાખ, ઓગણાસીતેર હજાર, તેતાલીસ, બાર પૈસા પુરાનું મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૨૫ / તા.:૧૯–૦૭–૨૦૨૧

————————————————————————————————————————

કામ નં.–૬૫

વિષયઃ– તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, વોર્ડ–૪, અરૂણભાઈના ઘરથી ઘીરુકાકાના ઘર સુધીના પાંચ ગાળા દિનેશભાઈની ગલી જીતુની ગલી તથા રાજુભાઈની ગલીમાં આર.સી.સી.પાઈપ લાઈન ૪૨૦ મીટર નાખવા અંગેનું કામ મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

ડ્રે.ક.ઠ. નં.–૩૪ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, વોર્ડ–૪, અરૂણભાઈના ઘરથી ઘીરુકાકાના ઘર સુધીના પાંચ ગાળા દિનેશભાઈની ગલી જીતુની ગલી તથા રાજુભાઈની ગલીમાં, ૨૨૫ એમએમ ડાયા મીટરની આર.સી.સી.ડ્રેનેજ લાઈન ૪૨૦ મીટર નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧૧,૪૧,૩૬૧–૨૦ અંકે રૂા.અગીયાર લાખ,એકતાલીસ હજાર, ત્રણસો એકસઠ, વીસ પૈસા પુરાનું મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૨૬ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૬૬</u>

<u>વિષયઃ–</u> તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, વોર્ડ–૪, બાબુ મોબાઈલની ગલી મણિનગર વિસ્તારમાં આર.સી.સી.પાઈપ લાઈન ૫૦ મીટર નાખવા અંગેનું કામ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ. નં.–૩૫ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, વોર્ડ–૪, બાબુ મોબાઈલની ગલી મણિનગર વિસ્તારમાં ૨૨૫ એમ.એમ.ડાયા મીટરની આર.સી.સી. ડ્રેનેજ લાઈન ૫૦ મીટર નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૪૨,૬૭૩–૦૦ અંકે રૂા.એક લાખ,બેતાલીસ હજાર, છસો તોતેર પુરાનું મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૨૭ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૬૭</u>

<u>વિષયઃ–</u> તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, વોર્ડ–૪, મોટા તળાવ પાળ વિનોદ મામાની ગલી વિસ્તારમાં આર.સી.સી.પાઈપ લાઈન ૯૦ મીટર નાખવા અંગેનું કામ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ. નં.–૩૬ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, વોર્ડ–૪, મોટા તળાવ પાળ વિનોદ મામાની ગલી વિસ્તારમાં ૨૨૫ એમ.એમ.ડાયા મીટરની આર.સી.સી. ડ્રેનેજ લાઈન ૯૦ મીટર નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૬૪,૯૬૭–૪૦ અંકે રૂા.બે લાખ, ચોસઠ હજાર,નવસો સડસઠ પૈસા ચાલીસ પુરાનું મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૨૮ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૬૮

વિષયઃ– તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, વોર્ડ–૩, પ્રકાશભાઈ પોલિસવાળાની ગલી આર.સી.સી.પાઈપ લાઈન ૬૦ મીટર નાખવા અંગેનું કામ મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

ડ્રે.ક.ઠ. નં.–૩૭ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, વોર્ડ–૩, પ્રકાશભાઈ પોલિસવાળાની ગલી વિસ્તારમાં ૨૨૫ એમ.એમ.ડાયા મીટરની આર.સી.સી. ડ્રેનેજ લાઈન ૬૦ મીટર નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૮૩,૪૪૧–૬૦ અંકે રૂા.એક લાખ,ત્યાંશી હજાર, ચારસો એકતાલીસ પૈસા સાંઠ પુરાનું મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૨૯ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૬૯</u>

<u>વિષયઃ–</u> તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, વોર્ડ–૭, ધોબીઘાટ પાસેના વિસ્તારમાં નવી આર.સી.સી.પાઈપ લાઈન નાખવા અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૩,૪૧,૧૫૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ. નં.–૩૮ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, વોર્ડ–૭, ધોબીતળાવ ધોબીઘાટ પાસેના વિસ્તારમાં નવી ૨૨૫ એમ.એમ.ડાયા મીટરની આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૩,૪૧,૧૫૦/– અંકે રૂા.ત્રણ લાખ, એકતાલીસ હજાર, એકસો પચાસ પુરાનું મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૩૦ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૭૦</u>

<u>વિષયઃ–</u> તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, વોર્ડ નં.–૧,તરીયાવાડ પમ્પીગ સ્ટેશન તથા વલસાડ પારડી , ઝંખના એપાર્ટ સામે તથા વલસાડ પારડી રીક્ષા સ્ટેન્ડ આગળના ડ્રેનેજ મેઈન રાઈઝીંગના લીકેજ રીપેરીંગ કામનું આવેલ બીલ બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ. નં.–૩૯ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા સંચાલિત વોર્ડ નં.–૧, તરીયાવાડ પમ્પીગ સ્ટેશન તથા વલસાડ પારડી રોડ ઉપરના રાઈઝીંગ લાઈન લીકેજની કામગીરી તત્કાલિત કરવાની જરૂરીયાત સંદર્ભે તુલનાત્મક પત્રકમાં જણાવ્યા મુજબ એ.એ. એજીનીયર્સ, અમદાવાદના ભાવ સૌથી ઓછા હોય જે મંજુર કરી (૧) ૫૦૦ એમ.એમ. પાઈપ લિફિટીંગ ૬૦૦એમ.એમ.પાઈપ કટીંગ, ફીટીંગ તથા થસ બ્લોક કામગીરીના રૂા.૧,૭૩,૪૦૦/–(૨) વલસાડ પારડી રોડ રાઈઝીંગ લાઈન લીકેજ ૬૦૦×૬૦૦×૬૦૦ એમ.એમ. ૬ મીટર તથા થસ બ્લોક રૂા.૧,૧૩,૭૫૦/– (૩) વલસાડ પારડી રોડ રાઈઝીંગ લાઈન લીકેજ ( રિક્ષા સ્ટેન્ડ ) ૬૦૦ ×૫૦૦×૬૦૦ એમ.એમ. ૬ મીટર તથા થસ બ્લોક રૂા.૮૮,૫૦૦/– પુરાનું આવેલ બીલ મંજુર કરી, ચુકવણા કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૩૧ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૭૧</u>

<u>વિષયઃ–</u> તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, અમૃત યોજના હેઠળ ડ્રેનેજ સેકટરમાં GUDC ધ્વારા ડ્રેનેજ લાઈન હાઉસ ચેમ્બરની કામગીરી બાબતે નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ. નં.–૪૦ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, નામદાર સરકારશ્રીની અમૃત યોજના અંતર્ગત (૨૦૧૬/૧૭) (૨૦૧૬/૧૭)ડ્રેનેજ સેકટરમાં GUDC ગાંધનગર હેઠળ નિમણુંક કરેલ એજન્સી પી.સી. સ્નેહલ કન્સ્ટ્રકશન પ્રા.લી. અમદાવાદ અને એન.પી.પટેલ અમદાવાદ ધ્વારા વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ( અબ્રામા ઝોન / મોગરાવાડી ઝોન) ડ્રેનેજ નેટવર્ક પમ્પીંગ સ્ટેશન તથા ડ્રેનેજ હાઉસ ચેમ્બરની કામગીરી હાલે કાર્યરત છે તથા ઉપરોકત ઝોન વિસ્તારોમાં ઉપરોકત એજન્સી ધ્વારા મહંદઅંશેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે તથા ઉપરોકત એજન્સીના કર્મચારી તેમજ નગરપાલિકાના કર્મચારીઓ સાથે મળીને હાઉસ ચેમ્બરોનું સર્વે કરેલ છે તથા ઉપરોકત બંને ઝોન વિસ્તારમાં પમ્પીગ સ્ટેશનનું કામ હાલે કાર્યરત છે જેથી ઉપરોકત એજન્સી ધ્વારા કરવામાં આવેલ હાઉસ ટુ હાઉસ ડ્રેનેજ ચેમ્બર ડ્રેનેજ અંગેની પ્રાથમિક સુવિધાઓ આપવાની કામગીરી કરેલ છે. જે બાબત ધ્યાને લેતા અબ્રામાઝોન / મોગરાવાડી ઝોન વિસ્તારમાં (રહેણાંકો / એપાર્ટમેન્ટ / સોસાયટી રો.હાઉસ તથા ધંધાકીય ઓફીસ )માં તથા મકાનધારકો ધ્વારા ગેરકાયદેસર રીતે ડ્રેનેજ જોડાણોને ડ્રેનેજ શાખાના દફતરે એન્ટ્રી કરી ડ્રેનેજવેરો નાખવાની કાર્યવાહી કરવી.

ચેરમેનશ્રી રમેશભાઈ પટેલ એ જણાવ્યું કે, ઉપરોકત બંને ઝોન વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ ડ્રેનેજ ચેમ્બરની કામગીરી જે તે એજન્સી ધ્વારા ઘણીખરી પૂર્ણ કરવામાં આવેલ છે તથા આ બંને વિસ્તારોમાં પમ્પીગ સ્ટેશનની કામગીરી પણ પૂર્ણ થવાને આરે છે જેથી આ બંને ઝોન વિસ્તારમાં હમણાં હાલ પૂરતું ડ્રેનેજ જોડાણ હાલે કરવામાં આવેલ સર્વે મુજબની યાદીમાં જણાવેલ વિસ્તારોમાં જ ડ્રેનેજ જોડાણ આપવાના થાય છે તથા આ બંને વિસ્તારોમાં ડ્રેનેજ જોડાણ આપવા પહેલાં ડ્રેનેજ કમીટીની સેન્સ લઈ ડ્રેનેજ જોડાણ આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવી જેથી પાછળથી કોઈ પ્રશ્નો ઉપસ્થિત ન થાય.સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણે જણાવ્યું કે, અબ્રામા ઝોન તથા મોગરાવાડી ઝોન વિસ્તારોમાં ડ્રેનેજ જોડાણ અંગેના ફોર્મની મંજુરત અત્રેની ડ્રેનેજ શાખાની મુખ્ય કચેરીએથી જ આપવાની થાય છે.

ઉપરોકત સર્વે કરેલા બંને ઝોન વિસ્તારોમાં ડ્રેનેજની સુવિધા આપી ડ્રેનેજ વેરો વસુલ કરવા અંગેના આવેલ કામે ચર્ચા વિચારણા કરતાં, ડ્રેનેજ કને. ચાર્જ સને. ૨૦૨૧–૨૦૨૨ થી કરવા તેમજ ઘરગથ્થુ ડ્રેનેજ વેરો ચાલુ વર્ષથી અને એપાર્ટમેન્ટ, / કોર્મશીયલ મિલકતોના ડ્રેનેજ વેરો, કંમ્પલીશન સર્ટી.આપ્યા તારીખથી વસુલાત કરવા અંગેની આગળની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર...

કા.સ.ઠ.નં.૧૩૨ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૭૨

વિષયઃ– તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ,વેકયુમમશીન (ગલીમેન) ડ્રેનેજ શાખામાં મેઈન રોડ લાઈન ચોકબના કામે તથા ડ્રેનેજ અંગેની ફરિયાદના નિકાલ બાબતે ડ્રેનેજ શાખાને હસ્તક ફાળવવા બાબતે નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

ડ્રે.ક.ઠ. નં.–૪૧ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ,વલસાડ શહેરના આર્થિક વિકાસને કારણે શહેરની આગવી ઓળખ ઉભી થયેલ છે જેને લીધે શહેરની વસ્તીમાં વધારો તેમજ રહેણાંક એકમો તેમજ ધંધાકીય એકમો તેમજ ઉધોગોનો વિકાસના કારણે શહેરની વસ્તીમાં ઉત્તરોતર વધારો થવા પામેલ છે તેમજ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારને લાગુ અબ્રામા / મોગરાવાડી ઝોન વિસ્તારનો સમાવેશ થતાં રહેણાંક મકાનો / એપાર્ટ / દુકાન / કંપની કારખાના વિગેરેનો વધારો થવા પામેલ છે જેને કારણે શહેરની વસ્તી વધવા પામેલ છે અને વલસાડ શહેરની હાલની ડ્રેનેજ લાઈન વર્ષો જુની અને નાની લાઈનો હોવાના કારણે મેઈન રોડ ઉપર ચેમ્બરો ચોક–અપ અંગેના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

ડ્રેનેજ ચોક–અપ અંગે વેકયુમમશીન ( ગલીમેન) ઉપયોગ કરવામાં આવે તો ડ્રેનેજ પાઈપ લાઈન તથા ચેમ્બરોમાંની રેતી, કાદવ, કચરો વિગેરે પ્રેસરથી ખેંચી પાઈપ લાઈનની સફાઈ તેમજ ચોકઅપ જલ્દીથી દુર થઈ શકે વધુમાં વલસાડ શહેરના મુખ્ય રસ્તા ઉપરના મેઈન હોલ ચેમ્બર ૨૦ થી ૨૫ ફૂટ ઉંડા હોવાના કારણે સફાઈ કરવામાં કામદારોને તકલીફ પડે છે તથા સમયસર વ્યવસ્થિત સફાઈ થઈ શકિત નથી તથા નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કોઈપણ સફાઈ કામદારોને ચેમ્બરમાં ઉતારવા નથી તેમજ કોઈપણ પ્રકારની જોખમી કામગીરી થતી નથી જેથી ઉપરોકત વ્હીકલ ડ્રેનેજલક્ષી કામોમાં જરૂરી છે.

હાલે આરોગ્ય શાખામાં જે વેકયુમમશીન ( ગલીમેન) વ્હીકલ ફકત સેપ્ટીટેંકના ફેરા માટે થાય છે જે વ્હીકલ ડ્રેનેજ શાખાને ફાળવી આપવામાં આવે તો ડ્રેનેજ ચોકઅપ અંગેની ધણીખરી ફરિયાદોની નિકાલ સમયસર તેમજ સલામતીથી થઈ શકે એમ છે.

ઉપરોકત ચર્ચા વિચારણાના અંતે વેકયુમમશીન ( ગલી મેન ) વ્હીકલ ડ્રેનેજશાખાના હસ્તકે ફાળવવા તેમજ ખાળકુવા ફેરા અંગેની કામગીરી ડ્રેનેજ શાખામાંથી કરવા નકકી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૩૩ / તા.:૧૯–૦૭–૨૦૨૧

———————————————————————————————————————————

<u>કામ નં.–૭૩</u>

<u>વિષયઃ–</u> તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ,જુના વલસાડ શહેર ડ્રેનેજ લાઈન ખુબજ જુની લાઈન હોય A-ZONE હાલર ગૌરવપથ તથા B-ZONE ની મેઈન હોલ (r.c.c.arch વાળા) રીપેરીગ કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ. નં.–૪૨ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, જુના વલસાડ શહેર ડ્રેનેજ લાઈન ખુબજ જુની લાઈન હોય A-ZONE હાલર ગૌરવપથ તથા B-ZONE ની મેઈન હોલ (r.c.c.arch વાળા) રીપેરીગ કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૩૪ / તા.:૧૯–૦૭–૨૦૨૧

—————————————————————————————————————————————

<u>કામ નં.–૭૪</u>

<u>વિષયઃ–</u> તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, ડ્રેનેજનો A-ZONE માટે sub-pamping station તથા B-ZONE sub-pamping station અંગેની સર્વે વર્ક કરી જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ. નં.–૪૩ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, ડ્રેનેજનો A-ZONE માટે sub-pamping station તથા B-ZONE sub-pamping station અંગેની સર્વે વર્ક કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૩૫ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

કામ નં.–૭૫

વિષયઃ– તા.:૧૪/૦૭/૨૦૨૧ની ડ્રેનેજ કમીટીની ભલામણ મુજબ, મણિયાર એન્ડ કંપનીના આવેલ જેટિંગ તથા ગ્રેબ મશીન અંગેના એસ્ટીમેઈટ જ.બો.ઠ.નં. ૯૮૩ તા.: ૧૫/૦૩/૨૦૨૧ થી મંજુર થયા મુજબ નામદાર સરકારશ્રીની ગ્રાન્ટમાં લેવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

ઠરાવ.:–

ડ્રે.ક.ઠ. નં.–૪૪ / તા.:૧૪–૭–૨૦૨૧ની ભલામણ મુજબ, સદર કામ જ.બો.ઠ.નં.૯૮૩ / તા.:૧૫/૦૩/૨૦૨૧ થી મંજુર થયા મુજબ ડ્રેનેજ શાખા માટે જરૂરી વ્હીકલ ખરીદ કરવા અંગે તા.:૧૩/૦૭/૨૦૨૧ ના રોજ જેટીંગ મશીન નંગ–૧ રૂા.૪૬,૦૦,૦૦૦–૦૦ તથા ગ્રબ બોકેટ સિસ્ટમ મશીન નંગ–૧ રૂા.૧૨,૦૦,૦૦૦–૦૦ ના મનીયાર એન્ડ કંપની અમદાવાદના આવેલ નવા ભાવ પત્રક મુજબના ભાવો મંજુર કરી, ગ્રબ બોકેટ સિસ્ટમ મશીન ખરીદ કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું તથા મોટું જેટીંગ મશીન, નામદાર સરકારશ્રીની આગામી આવનાર ગ્રાન્ટમાંથી ઉપરોકત મશીનરી (વ્હીકલ) ખરીદ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૩૬ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૭૬</u>

<u>વિષયઃ–</u> શહીદચોક વિસ્તારથી રમેશ બેકરી વિસ્તાર સુધી વરસાદી ગટર બનાવવાના કામ અંગે નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ શહીદ ચોક ગ્રાઉન્ડના આજુબાજુના વિસ્તારનું વરસાદી સીઝનમાં વરસાદી પાણી થઈ સદરહુ વિસ્તારમાં વરસાદી પાણી શહીદ ચોક ચાર રસ્તા થઈ માજી વિધાનસભા અધ્યક્ષ માન. બરજોરજી પારડીવાલા ઘર થઈ રમેશ બેકરી સુધીના રસ્તા ઉપર પાણીનો ભરાવો થતો હોય, સદરહુ વિસ્તારના રહીશોને ચોમાસાની સીઝન દરમ્યાન ખુબજ મુશ્કેલીઓ પડતી હોય, સદરહુ વિસ્તારના રહીશોની વરસાદી પાણી ભરવા અંગેની ફરીયાદો અત્રેની કચેરીએ આવતી હોય, સદરહુ ફરીયાદને નિવારવા માટે સાગર એપાર્ટમેન્ટ, શહીદ ચોકથી રમેશ બેકરી સુધી વરસાદી ગટર ( બોક્ષ ડ્રેઈન ) બનાવવામાં આવે તો સદરહુ વિસ્તારના રહીશોની પાણી ભરાવા અંગેની ફરીયાદનો નિકાલ આવી શકે તેમ હોય, સદરહુ વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાના કામે સને : ૨૦૧૫–૧૬ ના SOR મુજબ એસ્ટીમેઈટ બનાવેલ છે. અને સદરહું એસ્ટીમેઈટની રકમ રૂા.૧૬,૫૩,૫૦૦/–અંકે રૂા.સોળ લાખ, ત્રેપન હજાર, પાંચસો પુરાનું આવેલ છે. સદરહુ આવેલ એસ્ટીમેઈટ મંજુર કરી, સદરહું કામગીરી આગામી વરસાદી સીઝનને ઘ્યાને લઈ તાકીદે કરવા માટેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૩૭ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>કામ નં.–૭૭</u>

<u>વિષયઃ–</u> ડ્રે.ક.ઠ.નં.૨૬ / તા.:૨૬ / ૦૨/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ સતિમાતા મંદિર બાજુમાં આવેલ દિલીપભાઈના ઘરથી મેઈન રોડ સુધીના માસ્તર રોડના આવેલ આર.સી.સી.ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૭૩,૧૦૬–૬૦ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં.૨૬ / તા.:૨૬ / ૦૨/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ ,સતિમાતા મંદિર બાજુમાં આવેલ દિલીપભાઈના ઘરથી મેઈન રોડ સુધીના માસ્તર રોડના આવેલ આર.સી.સી.ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૭૩,૧૦૬–૬૦ અંકે રૂા. એક લાખ, તોતેર હજાર, એકસો છ, પૈસા સાંઠ પુરા, સને ૨૦૨૦/૨૧ના વાર્ષિક મંજુર થયા ભાવે સદરહું કામગીરી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૩૮ / તા.:૧૯–૦૭–૨૦૨૧

——————————————————————————————————————————

<u>કામ નં.–૭૮</u>

<u>વિષયઃ–</u> ડ્રે.ક.ઠ.નં.૨૮/ તા.:૨૬ / ૦૨/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ હરિનગર વિસ્તારમાં નવી લાઈન આર.સી.સી.નાખવા અંગેના કામે આવેલ એસ્ટીમેઈટ રૂા.૩,૫૪,૪૯૦–૨૪ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં.૨૮ / તા.:૨૬ / ૦૨/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ, વોર્ડ નં.–૩, હરિનગર વિસ્તારમાં નવી લાઈન આર.સી.સી.નાખવા અંગેના કામે આવેલ એસ્ટીમેઈટ રૂા.૩,૫૪,૪૯૦–૨૪ અંકે રૂા.ત્રણ લાખ,ચોપ્પન હજાર, ચારસો નેવું પૈસા ચોવીસ પુરા, સને ૨૦૨૦ / ૨૧ના વાર્ષિક મંજુર થયા ભાવે સદરહું કામગીરી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૩૯ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>વ. કા. નં.–૧</u>

<u>વિષયઃ–</u>

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૦૫ / તા.:૦૮ / ૦૭ / ૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ, હોસ્પીટલ માટે જરૂરી એવો ઈલેકટ્રીક માલ–સામાન ખરીદીનું આવેલ ટેન્ડર મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૦૫ / તા.:૦૮ / ૦૭ / ૨૦૨૧ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા સંચાલિત હોસ્પીટલની નવી બિલ્ડીંગમાં આવેલ ઈમરજન્સી વોર્ડ મેલ / ફિમેલ જનરલ વોર્ડ તેમજ અન્ય રૂમમાં નાંખવામાં આવેલ ટયુબલાઈટ પૈકીની મોટા ભાગની ટયુબ લાઈટ, સળીઓ ઉડી ગયેલ છે. જયારે કેટલીક સળીઓ ઝબુકા મારે છે. તેને કારણે વોર્ડમાં દાખલ થતા પેશન્ટોને રાત્રીના સમયમાં સારવાર આપવાની ધણી અગવડતા પડે છે. સરકારશ્રીની સુચના અન્વયે કોવીડ–૧૯ ના ત્રીજા તબકકાની પૂર્વ તૈયારીના ભાગરૂપે હોસ્પીટલને રખ રખાવ તેમજ મરામત અન્વયે સને ૨૦૨૧–૨૦૨૨ નાં વર્ષ માટે મ્યુનિસિપલ હોસ્પીટલના મેન્ટેનન્સ માટે ઈલેકટ્રીક માલ સામાન ખરીદ કરવાના કામે વલસાડ નગરપાલિકા ધ્વારા જાહેર માહિતી વિભાગ મારફતે તા.: ૨૨/૦૫/૨૦૨૧ થી ગુજરાત સમાચારપેપર(સુરત આવૃતિ)માં પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે તા.:૦૪/૦૬/૨૦૨૧ ની સમય મર્યાદામાં ભાવો મંગાવતા કુલ–૨(બે) ટેન્ડરરના ભાવો મંગાવતા વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર– વલસાડ તથા વેરાઈટીઝ ઈલેકટ્રીકલ્સ, નાની ખત્રીવાડ, વલસાડના ભાવો આવેલ છે. જે પૈકી વેરાઈટીઝ ઈલેકટ્રીકલ્સ, નાની ખત્રીવાડ, વલસાડના ભાવો સૌથી ઓછા આવેલ હોય સદરહુ ઓછા ભાવોથી વેરાઈટીઝ ઈલેકટ્રીકલ્સ, નાની ખત્રીવાડ, વલસાડ પાસે ખરીદ કરવાનું ઠરાવવા કારોબારી સમિતિની મંજુરતની અપેક્ષાએ ખરીદ કરવાનું ઠરાવેલ. જેને બહાલ રાખવાનું તથા ખરીદ કર્યા બાદ આવતાં બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૪૦ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>વ. કા. નં.–૨</u>

<u>વિષયઃ–</u> જનરલ બોર્ડ ઠરાવ નં.–૮૬૯ /તા.: ૦૯–૧૧–૨૦૨૦ થી નીચે જણાવ્યા મુજબના ૦૩ કામો ખાનગી સોસાયટી હોવાથી સદરહું સોસાયટીના રસ્તા નગરપાલિકાને સુપ્રત નહીં કરેલ હોવાથી સદરહુ ૦૩ કામો રદ કરવામાં આવેલ. અને સદરહુ ૦૩ સોસાયટી ધ્વારા સોસાયટીના રસ્તા નગરપાલિકાને સુપ્રત કર્યેથી સરકારશ્રીની યોજનામાં સમાવેશ કરી કામગીરી કરવાનું મંજુર કરવામાં આવેલ.જે અન્વયે સદરહું સોસાયટીમાં ડામરરોડના કામો કરાવવા માટે સરકારશ્રીની ગ્રાન્ટમાં સમાવેશ કરી કામગીરી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, જ.બો.ઠ.નં.–૮૬૯ / તા.:૦૯–૧૧–૨૦૨૦ થી નીચે જણાવ્યા મુજબના ૦૩ કામો ખાનગી સોસાયટી હોવાથી સદરહુ સોસાયટીના રસ્તા નગરપાલિકાને સુપ્રત નહીં કરેલ હોવાથી સદરહુ ૦૩ કામો રદ કરવામાં આવેલ. અને સદરહું ૦૩ સોસાયટી ધ્વારા સોસાયટીના રસ્તા નગરપાલિકાને સુપ્રત કર્યેથી સરકારશ્રીની યોજનામાં સમાવેશ કરી કામગીરી કરવાનું મંજુર કરવામાં આવેલ. જેથી સદરહુ કામે અક્ષરધામ સોસાયટી, મોગરાવાડી તેમજ લક્ષ્મીનગર, મોગરાવાડીના રહીશો ધ્વારા તેઓશ્રીની સોસાયટીના મુખ્ય તેમજ આંતરિક રસ્તા નગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ, અને જે અન્વયે વલસાડ નગરપાલિકાના જનરલ બોર્ડ ઠરાવ નં.–૯૪૫ / તા.:૧૫–૦૩–૨૦૨૧ થી સદરહું બંને સોસાયટીના મુખ્ય તેમજ આંતરિક રસ્તાઓને સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવાનું ઠરાવવામાં આવેલ.

જેથી ઉપરોક્ત મંજુર થયા મુજબ નીચે જણાવ્યા મુજબની સોસાયટીમાં ડામર રોડના કામો કરાવવા માટે જરૂરી સરકારશ્રીની ગ્રાન્ટમાં સમાવેશ કરી, કામગીરી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ | કામનો પ્રકાર | સદર | રકમ |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય રસ્તાથી અક્ષરધામ નદી તરફનો જતો રસ્તો | ડામર રોડ | જનરલ | ૧૮,૨૧,૪૦૦/– |
| ૨ | મુખ્ય રસ્તાથી લક્ષ્મીનગર નાકે જતો રસ્તો | ડામર રોડ | જનરલ | ૧૧,૯૨,૪૦૦/– |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૪૧ / તા.:૧૯–૦૭–૨૦૨૧

———————————————————————————————————————

<u>વ. કા. નં.–૩</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭–૨૦) ( SAAP) ના વર્ષ હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં તિથલ રોડ ખાતે ધનલક્ષ્મી કોમ્પ્લેક્ષની બાજુમાં આવેલ ખુલ્લુ નાળુ (ગર્વમેન્ટ કોલોની ડ્રેનેજ પંપીગ સ્ટેશનની પાસે )ના કામો અંગે એસ્ટીમેઈટ બનાવી DPR બનાવવા માટે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭–૨૦) ( SAAP) ના વર્ષ હેઠળ રૂા. ૫.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ. સદરહુ ગ્રાન્ટ અન્વયે વલસાડ વલસાડ નગરપાલિકા હદમાં (૧) ઝરણા પાર્કથી ભંડાર વાસ તરફ જતો રોડ ( આર.સી.સી. પાઈપ સીંગલ સાઈડ ) (૨) ગીરીરાજ હોટલથી GIDC ક્રોસ રોડ (આર.સી.સી.પાઈપ સીંગલ સાઈડ ) વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહીતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતા મુદત દરમ્યાન કુલ–૧૮ ટેન્ડરો આવેલ છે, સદરહુ આવેલ ટેન્ડર ડોકયુમેન્ટ તા.: ૧૦–૧૦–૨૦૧૮ ના રોજ ખુલ્લા કરવામાં આવતા આવેલ કુલ–૧૮ ટેન્ડરો, ૪–ટેન્ડરર ડીસ્કોલીફાઈડ થયેલ છે. અને કુલ–૧૪ ઓનલાઈન ટેન્ડર તા.:૦૧–૧૧–૨૦૧૮ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ઠેકેદારશ્રી પરેશ એસ. પટેલ, મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂા.૪,૫૭,૦૧,૧૪૪.૧૨/– કરતાં ૩૨.૩૩% નીચા ભાવ આવેલ છે, જેથી નીચા આવેલ ભાવ મુજબ રૂા.૩,૦૯,૨૫,૯૬૪.૨૩/– પુરાનું ટેન્ડર આવેલ છે. અને સદરહુ મંજુર કરેલ ભાવોથી એજન્સી ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે. અને સદરહું મંજુર કરેલ ભાવોથી નગરપાલિકા ધ્વારા જાવક નં.૨૭૬૦/ તા.:૨૫/૦૨/૨૦૧૯ થી વર્ક ઓર્ડર આપેલ છે. જે અંતર્ગત એજન્સી ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે. ઉપરોકત યોજના અન્વયે મળેલ કુલ ગ્રાન્ટ અન્વયે કુલ કામો ૦૩–નું રૂા.૩,૦૧,૧૨,૨૭૧.૩૭ પુરાનું ચુકવણું કરી સદરહું પ્રોજેકટ પૂર્ણ કરેલ છે.

વધુમાં, વલસાડ નગરપાલિકા હદમાં નીચે જણાવ્યા મુજબના વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો વધુ થવાથી સદરહુ વિસ્તારના રહીશોને ખુબજ મુશ્કેલીઓ પડે છે. અને સદરહુ બાબતે સ્થળ તપાસ કરતાં સદરહુ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી નાળા નાખવામાં આવે તો સદરહુ મુશ્કેલીનો નિકાલ થઈ શકે એમ છે. જેથી સદરહુ હકીકતને ધ્યાને લેતા ઉપરોકત યોજના અન્વયે મળેલ કુલ ગ્રાન્ટ અન્વયે ઉપરોકત કુલ–૦૩

કામો કરવામાં આવેલ છે. જે કરેલ કામોની ગ્રાન્ટ પૈકી રકમ બચત થવા જાય છે સદરહુ કામને જરૂરી કમીટી લેવલે મંજુરી મેળવવા તથા  નીચે જણાવેલ કામ  નં.(૧) અને (૨) પૈકી, કામ નં.–(૨), રદ  કરી, સદરહું  યોજનાના નિમણુંક પામેલ કન્સ્લટન્ટશ્રી  ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગર ધ્વારા  સ્થળ તપાસ કરી જરૂરી એસ્ટીમેન્ટ બનાવી DPR બનાવવા માટે પત્ર વ્યવહાર કરવા  માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું  મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) તિથલ રોડ ખાતે ધનલક્ષ્મી કોમ્પ્લેક્ષની બાજુમાં આવેલ ખુલ્લુ નાળુ  (ગર્વમેન્ટ કોલોની ડ્રેનેજ પંપીગ સ્ટેશનની પાસે ).

(૨) અબ્રામા ખાતે સાકેટ સોસાયટીની બાજુમાં ચેઈન ફેકટરીની પાછળની ભાગ મણીબાગના હયાતના નાળાને જોડતી, ( ધોબી ધોવાણના વરસાદી પાણીને મણી બાગ થી પ્રમુખ શિવાલયથી તડકેશ્વર થઈ વાંકી નદીમાં નિકાલ કરવા ).

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૪૨ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>વ. કા. નં.–૪</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા. હદમાં આવેલ જુદા જુદા વિસ્તારમાં ખાનગી સોસાયટીઓનું ડેવલપમેન્ટ હાલે ચાલુ છે. જેથી ખાનગી સોસાયટીના રહીશો ધ્વારા વલસાડ નગરપાલિકાને તેઓની ખાનગી સોસાયટીના મુખ્ય રસ્તાઓ તેમજ આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કરવા સદર રસ્તા સાર્વ જનિક રસ્તા તરીકે જાહેર કરવા બાબતે કોઈપણ ઈસમ થી આ જમીનના માલિકને નગરપાલિકાના આ ઈરાદા સામે વાંધો કે વિરોધ હોય તેવા ઈસમો પાસેથી વાંધાસુચનો મેળવવા અંગે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

વલસાડ નગરપાલિકા હદમાં આવેલ જુદા જુદા વિસ્તારમાં ખાનગી સોસાયટીઓનું ડેવલપમેન્ટ હાલે ચાલુ છે. સદરહુ વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબની ખાનગી સોસાયટીના રહીશો ધ્વારા વલસાડ નગરપાલિકાને તેઓની ખાનગી સોસાયટીના મુખ્ય રસ્તાઓ તેમજ આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કરવા સ્ટેમ્પ પેપર પર લખાણ કરી નોટરી કરાવી અત્રેની કચેરીએ રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ જે તે ખાનગી સોસાયટીઓ ધ્વારા સદરહુ સોસાયટીના આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કર્યેથી નગરપાલિકા તરફથી જે તે પ્રકારની પાયાની સુવિધાઓ પૂરી પાડવા જણાવેલ છે. સદરહું વિસ્તારની ખાનગી સોસાયટીઓના રસ્તા સુપ્રત કરવા બાબતે ધી ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ ની કલમ–૧૪૮ હેઠળ મળેલ સત્તાની રૂએ સદર રસ્તા સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા બાબતે કોઈપણ ઈસમ થી આ જમીનના માલિકને નગરપાલિકાના આ ઈરાદા સામે વાંધો કે વિરોધ હોય તેવા ઈસમો પાસેથી વાંધા સુચનો (૦૧ માસ )મેળવવા અંગે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) બીના નગર સોસાયટી, અબ્રામા,(પ્લોટ નં.–૪૧ થી ૬૮ અને પ્લોટ નં.–૭૫ થી ૮૬ )

(૨) રોનક રો હાઉસ, તિથલ રોડ,

(૩) શ્રી રાજેશ્વરી કો.ઓ. હા.સો.લી.,તિથલ રોડ

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૧૪૩ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>વ. કા. નં.–૫</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની અમૃત યોજના સને : ૨૦૧૭–૧૮ ના વર્ષ દરમ્યાન રાખોડીયા તળાવ, સોના સરીતા આવાસ અને ઔરંગા નદી કિનારે ગાર્ડન બનાવવાના કામે એજન્સીના ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ ઉપર ૧૦% પેનલ્ટી ફાઈનલ બીલમાંથી વસુલ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની અમૃત યોજના સને : ૨૦૧૭–૧૮ વર્ષ દરમ્યાન રાખોડીયા તળાબ, સોના સરીતા આવાસ અને ઔરંગા નદી કિનારે ગાર્ડન બનાવવાના કામે નાયબ માહીતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતા મુદત દરમ્યાન કુલ–૪(ચાર) ટેન્ડરો આવેલ છે, સદરહુ કામની ટેન્ડર આઈ.ડી.નં.–૩૧૭૬૫૯ છે. સદરહુ આવેલ ટેન્ડર ડોકયુમેન્ટ તા.: ૨૫–૦૭–૨૦૧૮ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ઠેકેદારશ્રી કુલદેવી કન્સ્ટ્રકશન, સુરતનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂા.૮૩૮૯૯૧૯.૦૯/– કરતાં ૧૨.૯૭% નીચા ભાવથી આવેલ છે. જેથી નીચા ભાવ મુજબ રૂા.૭૩૦૧૭૪૬.૫૮/– પુરાનું સૌથી નીચા ભાવથી ટેન્ડર આવેલ છે, તો સદરહુ નીચા આવેલ ભાવ કા.સ.ઠ.નં.–૨૦૧ તા.: ૦૬–૧૦–૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ છે. જે અન્વયે
નગરપાલિકા ધ્વારા તા.:૧૯/૧૨/૨૦૧૮ ના વર્ક ઓર્ડર ૯ મહિનાના સમયગાળા માટે આપવામાં આવેલ છે. રાખોડીયા તળાવ ખાતે ગાર્ડન બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે. કા.સ.ઠ.નં. ૮૫ / તા.: ૨૦/૦૭/૨૦૧૯ થી ૬ મહિનાની સમય વધારો તા.: ૧૯/૦૩/૨૦૨૦ કરવામાં આવેલ હતો. ત્યારબાદ સરકારના નિયમોનુસાર કોરોના મહામારીના કારણે ૬ મહિનાની સમય વધારો આપતા તા.: ૧૯/૦૯/૨૦૨૦ના રોજ સદરહુ એજન્સીની સમય મર્યાદા પૂર્ણ થાય છે.

સદરહુ કામે મ્યુનિ. ઈજનેરશ્રી,વલસાડ નગરપાલિકાના આવેલ રીપોર્ટ વંચાણે લેતાં, કમીટીમાં ચર્ચા વિચારણા અંતે, ઠરાવ્યું કે, હાલે સરકારશ્રી ધ્વારા COVID-19 ને વૈશ્વિક મહામારી જાહેર કરાતાં, તેમજ ચાલુ સત્રમાં વાવાઝોડુ / વરસાદની આગાહીના કારણે સદરહુ કામગીરી કરવામાં વિલંબ થયેલ છે. જે ધ્યાને લેતાં, સદરહુ કામગીરી તથા વધારાની કામગીરી પૂર્ણ કરવા સદરહુ એજન્સીને વધુ ૬ મહિનાનો સમય વધારો આપવા તેમજ સદરહું એજન્સીના બાકી રહેલ બીલમાંથી ૧% પેનલ્ટી રકમ વસુલ કરવા,અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વિશેષમાં ઉપરોકત હકીકતને ધ્યાને લેતા સદરહુ એજન્સી ધ્વારા તા.:૨૨ / ૦૩ /૨૦૨૧ ના પત્રમાં જણાવ્ય મુજબ કામગીરી સંપૂર્ણ પણે પૂર્ણ થઈ ગયેલ છે. અને સદરહું એજન્સી ધ્વારા સદરહુ કામનું ફાઈનલ બીલ અત્રેની કચેરીએ રજૂ કરેલ છે. જેથી નગરપાલિકા ધ્વારા નિયત કરવામાં આવેલ ટેન્ડરની શરત નં.–૦૬માં જણાવ્યા મુજબ કોન્ટ્રાકટર ધ્વારા સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ ન થાય તો એજન્સી પાસેથી દૈનિક ૧% થી ૧૦% મુજબ દૈનિક પેનલ્ટી વસુલ કરવાની થાય છે. સદરહુ કામના PMC એજન્સી ધવલ એન્જીનીયર્સ,ગાંધીનગર ધ્વારા સદરહુ ફાઈનલ બીલના COP માં પેનલ્ટી વસુલ કરવાની જાણ કરવામાં આવેલ છે.

સદરહુ એજન્સીની કામગીરી તા.: ૧૯/૦૯/૨૦૨૦ ના રોજ કોન્ટ્રાકટ પુરો થાય છે. જયારે એજન્સી ધ્વારા તા.:૨૧/૦૩/૨૦૨૧ ના રોજ કામગીરી પૂર્ણ કરેલ છે. જેથી તા.:૨૦/૦૯/૨૦૨૦ થી તા.: ૨૧/૦૩/૨૦૨૧ સુધીનો સમયગાળાના દિન–૧૮૩ થાય છે. જેથી રૂા.૭૩૦૨/– પ્રતિ દિવસ પેનલ્ટી મુજબ રૂા.૧૩,૩૬,૨૬૬/–પુરા વસુલ કરવાપાત્ર થાય છે. જયારે ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ ઉપર ૧૦% પેનલ્ટી મુજબ રૂા.૮,૩૮,૯૯૨/– પુરા વસુલ કરવાપાત્ર થાય છે. માર્ગ અને મકાન વિભાગની મેન્યુઅલ મુજબ પેનલ્ટીની રકમ વસુલ કરવા પાત્ર રકમમાં જે રકમ ઓછી હોય તે રકમ રૂા. ૮,૩૮,૯૯૨/– પુરા સદરહુ એજન્સીના ફાઈનલ બીલમાંથી વસુલ કરવા અંગેના આવેલ કામે, કમીટીમાં ચર્ચા વિચારણા અંતે, હાલે સરકારશ્રી ધ્વારા COVID-19 ને વૈશ્વિક મહામારી જાહેર કરાતાં, સદરહુ કામગીરીમાં વિલંબ થયેલ છે. જે હકીકતોને ધ્યાને લેતાં, સદરહુ કામગીરી તથા વધારાની કામગીરી પૂર્ણ કરવા સદરહુ એજન્સીને વધુ ૬ મહિનાનો સમય વધારો આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

---

કા.સ.ઠ.નં.૧૪૪ /તા.:૧૯–૦૭–૨૦૨૧

---

વ. કા. નં.–૬

વિષયઃ– વાવ ફળીયામાં ૨૬ અરજદારોએ નવા છાપરા બનાવેલા છે. તેઓએ તે છાપરા મ્યુની. આકારણી દફતરે ચાલતા ન હોય તે છાપરાની આકારણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ, વાવ ફળીયામાં ૨૬ અરજદારોએ નવા છાપરા બનાવેલા છે. તેઓએ તે છાપરા મ્યુની. આકારણી દફતરે ચાલતા ન હોય તે છાપરાની આકારણી કરવા અરજી કરેલ હતી. તે કામ કારોબારી કમીટીમાં રજુ કરવામાં આવેલ હતું. કારોબારી કમીટીમાં થયેલ નિર્ણય મુજબ સ્થળ તપાસ કરતાં ૨–છાપરા માલિકની જમીનમાં જમીન માલિકે બનાવેલ છે. બાકીના ૨૪ છાપરાં સરકારી જમીનમાં બનાવેલ છે. જે ૨૬–છાપરાની આકારણી કરવા અરજી આવેલ છે તે બધા છાપરાનો ઉપયોગ રહેણાંક તરીકે ઘણા વર્ષોથી કરતા આવેલાનું અરજદારોએ જણાવેલ છે. સદર આવેલ કામે કમીટીમાં ચર્ચા વિચારણાંના સદરહું છાપરાના અરજદારો પાસે સ્ટાંપ પેપર ઉપર એફીડેવીટ મેળવી, સદરહું છાપરાઓ ફકત અમલાનાં માલીક તરીકે, ટેક્ષ પુરતી આકારણી કરી, સુપ્રીન્ટેન્ડન્ટ ડાયરેકટ ટેક્ષીસના રીપોર્ટમાં જણાવ્યા મુજબના અ.નં.–૧ થી ૨૬ નામો, હાઉસટેક્ષ દફતરે દાખલ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૪૫ / તા.:૧૯–૦૭–૨૦૨૧

———————————————————————————————————————

<u>વ. કા. નં.–૭</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર / વારસાઈરૂએ નામફેર કરવાની આવેલ અરજીઓ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર, વારસાઈરૂએ નામફેર કરવાની જુદી જુદી નીચે જણાવેલ આવેલ અરજીઓ, અ.નં.૧ થી ૫, લાયસન્સ ફી વસુલાત શાખા તેમજ ચીફ ઓફીસરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ તથા જણાવેલ શરતોને આધીન રહી નામ ટ્રાન્સફર કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | માર્કેટ / શોપીગ સેન્ટરનું નામ. | દુકાન નંબર | નામ. | |
|---|---|---|---|---|
| ૧ | ડી.એન.શોપીગ સેન્ટર, પ્ર.માળ | ૨૯ | વિજય જ્ઞાનદેવ ભીંસે | |
| ૨ | ડીસ્પેનસરી શોપીગ સેન્ટર, ભાગ–૨ | ૦૧ | મકસુદ મજીદ કસલી | |
| ૩ | એન.એસ.બી.શોપીગ સેન્ટર | ૪૫ | જીતેન્દ્ર ગીરધરલાલ મોદી | |
| ૪ | એન.એસ.બી.શોપીગ સેન્ટર, પ્ર.માળ | ૫૩ | અનિલ જવાહરભાઈ ટીકમાણી | |
| ૫ | શતાબ્દી માર્કેટ, સ્ટેશન રોડ, પ્ર.માળ | ૨૬,૨૭,૨૮,૨૯, ૩૦ | દિલીપકુમાર વસંતલાલ અગ્રવાલ | |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૪૬ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

વ. કા. નં.–૮

વિષયઃ– ડી.એન. શોપીંગ સેન્ટરમાં બીજા માળે આવેલ પ્રિમાઈસીસ નંબર–૩૫ ભાડા રજીસ્ટરે દફતરે ચઢાવવા અને ભાડુ વસુલ કરવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલીકીની ડી.એન.શોપીંગ સેન્ટરમાં બીજા માળે આવેલ ઓફિસ નં.–૩૫, અરજદારશ્રી નટવરભાઈ ડી. પ્રજાપતિનો કબજો ચાલી આવેલ છે. પરંતુ જયારથી સને ૧૯૯૭ થી આજની તારીખ સુધી અરજદારશ્રીએ કોઈ ભાડુ ભરવામાં આવેલ નથી.

વધુમાં, અરજદારશ્રીને જાવક નં.–૧૬ / ૨૦૦૭.૦૮ તા.:૧૦–૦૫–૦૭ થી સદર સ્ટોલ બાબતે ચીફ ઓફીસરશ્રીએ તા.:૧૧/૦૫/૨૦૦૭ ના રોજ સાંજે ૫.૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવાના પત્ર રવાના કરેલ છે અને જાવક નં. નં.–૩૩/ ૨૦૦૭.૨૦૦૮ તા.: ૨૨.૦૫.૨૦૦૭ થી સદર પ્રિમાઈસીસ બાબતે તા.:૦૧/૦૪/૯૭ થી ૧૨૦ માસના રૂા.૫૨૮૦૦/– ભાડું દિન–૧૦ માં જમા કરાવતો પત્રની જાણ કરવામાં આવેલ હોવા છતાં ભાડું ભરપાઈ કરવામાં આવેલ નથી. તેમજ જાવક નં.–૯૩૨ / ૨૦૦૭.૨૦૦૮ તા.:૦૧/૦૯/૨૦૦૭ થી આખરી નોટીશ પણ આપવામાં આવેલ હોવા છતાં ભાડું ભરપાઈ કરવામાં આવેલ નથી. જે બાબતે નાયબ કલેકટરશ્રી વલસાડની કોર્ટમાં ન ઈવીકેશન / કેસ. રજી.નં.૧૭ / ૨૦૦૮ તા.: ૧૬/૦૬/૨૦૦૮ થી ઈરીકેશન કેસ દાખલ કરવામાં આવેલ હતો.

અરજદારશ્રીને વારંવાર નોટીશોની બજવણી કરવા છતાં અને જ.બો.ઠ.નં. ૧૮૪૩ / ૨૯.૩.૯૪ માં શરત નં.–૦૩ માં જણાવ્યા મુજબ પણ લાઈસન્સ ફી ભરપાઈ કરેલ નથી અને વલસાડ નગરપાલિકાના કરારની શરતોમાં જણાવ્યા મુજબ એલોટમેન્ટ થયેથી મહિનાની પ્રથમ ૦૧ થી ૦૫ તારીખ સુધીમાં લાઈસન્સ ફી ભરપાઈ કરવાની થતી હોય અરજદારશ્રીએ તા.: ૦૧ /૦૪ / ૯૭ થી આજદીન સુધી કોઈ ભાડું ભરપાઈ કરવામાં આવેલ ન હોય આમ કરારની શરતોનો ભંગ કરેલ હોય તેમજ અરજદારશ્રીને ફાળવેલ એલોટમેન્ટ લેટર કે કબજા હકક ફીની રસીદ કે કોઈ કરારખત આ સાથે રજુ કરવામાં આવેલ નથી. જેથી સદર ડી.એન.શોપીંગ સેન્ટરમાં બીજા માળે આવેલ પ્રિમાઈસીસ નંબર–૩૫, ભાડા રજીસ્ટરે દફતરે ચઢાવવા અને નિયમોનુસાર બાકી ભાડુ વસુલ કરવા બાબતે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૪૭ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>વ. કા. નં.–૯</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હસ્તક કલ્યાણબાગ કોરોના વૈશ્વિક મહામારીના કારણે બંધ કરવામાં આવેલ. અને સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ સદરહુ ગાર્ડનને માર્ચ–૨૦૨૧ થી શહેરીજનો માટે ખુલ્લુ મુકવામાં આવેલ.જેથી સદરહું ગાર્ડનની સાવચેતી માટે તા.:૧૩–૩–૨૦૨૧ થી ૩૧–૦૩–૨૦૨૧ અને તા.:૦૧–૦૪–૨૦૨૧ થી તા.:૨૧–૦૪–૨૦૨૧ સુધી દિવસ તેમજ રાત્રિ દરમ્યાન સીકયુરીટી ગાર્ડની ગોઠવણ કરવામાં આવેલ. સદરહુ કામગીરી એજન્સી શ્રી ઉમેશ પટેલ,નનકવાડા,વલસાડ પાસેથી કરાવેલ.જેનું આવેલ બીલ રૂા.૫૩,૩૩૩/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હસ્તક કલ્યાણબાગ, કોરોના વૈશ્વિક મહામારીના કારણે બંધ કરવામાં આવેલ. અને સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ સદરહુ ગાર્ડનને માર્ચ–૨૦૨૧ થી શહેરીજનો માટે ખુલ્લુ મુકવામાં આવેલ.જેથી સદરહું ગાર્ડનની સાવચેતી માટે તા.:૧૩–૩–૨૦૨૧ થી ૩૧–૦૩–૨૦૨૧ અને તા.:૦૧–૦૪–૨૦૨૧ થી તા.:૨૧–૦૪–૨૦૨૧ સુધી દિવસ તેમજ રાત્રિ દરમ્યાન સીકયુરીટી ગાર્ડની ગોઠવણ કરવામાં આવેલ. સદરહુ કામગીરી એજન્સી શ્રી ઉમેશ પટેલ,નનકવાડા,વલસાડ પાસેથી કરાવેલ. જે કરાવેલ કામગીરીનું આવેલ કુલ બીલ રૂા.૫૩,૩૩૩/– અંકે રૂા. ત્રેપન હજાર, ત્રણસો તેત્રીસ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૪૮ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>વ. કા. નં.–૧૦</u>

<u>વિષયઃ–</u> સને ૨૦૨૧–૨૨ વર્ષ દરમ્યાન સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સના કામે ઈલેકટ્રીકલ મટીરીયલ સપ્લાય કરવાના કામનું ટેન્ડર મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકામાં સને : ૨૦૨૧–૨૨ ના વર્ષ દરમ્યાન વલસાડ નગરપાલિકાના સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સના કામે ઈલેકટ્રીકલ મટીરીયલ સપ્લાય કરવાના અંગે ઓફ લાઈન ટેન્ડર નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી બહોળી પ્રસિધ્ધી કરાવી ઓફલાઈન ટેન્ડરો મંગાવવામાં આવેલ, સદરહુ કામે મુદત દરમ્યાન કુલ ૦૪ (ચાર) એજન્સીના ટેન્ડરો આવેલ છે. સદરહું સીલબંધ કવરમાં આવેલ ટેન્ડરો તા.:૨૪–૦૬–૨૦૨૧ ના રોજ ચીફ ઓફીસરશ્રી, પ્રમુખશ્રી, ચેરમેનશ્રી,કારોબારી સમિતિ, તેમજ અધિકારીશ્રી અને પદાધિકારીશ્રી રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ છે.સદરહું ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરમાં ચકાસણી કરતાં કુલ–૦૪ ટેન્ડરર પૈકી ૦૨(બે) ટેન્ડરરશ્રી ધ્વારા ટેન્ડર સાથે ટેન્ડર ડીપોઝીટ પેટે બેન્ક ચેક સામેલ છે. જેથી સદરહુ ૦૨(બે) ટેન્ડરરશ્રી ટેન્ડરની શરત મુજબ ટેન્ડર રદ કરવાના થાય છે. તથા અન્ય આવેલ ૦૨(બે) ટેન્ડરરશ્રી ધ્વારા ડીમાન્ડ ડ્રાફટ સામેલ રાખેલ છે. જે અન્વયે આવેલ ૦૨(બે) ટેન્ડરરશ્રી ધ્વારા નગરપાલિકા ધ્વારા નિયત કરવામાં આવેલ ટેન્ડરમાં સદરહું ૦૨(બે) એટલે કે, (૧) શ્રી ધર્મેશ ઈલેકટ્રીકલ્સ, સરોધી તેમજ (૨) શ્રીયા ઈલેકટ્રોનીકસ, ૮૮, ડી.એન.શોપીગ સેન્ટર, વલસાડ ધ૯)શ્ર) ટેન્ડરમાં દર્શાવેલ કુલ–૧૫૨ આઈટમો પૈકી અનું.–૦૧ ના ટેન્ડરરશ્રી ધ્વારા –૯૩ આઈટમોના ભાવો ભરેલ છે તેમજ અનુ. નં.–૦૨ ના ટેન્ડરરશ્રી ધ્વારા –૯૨ આઈટમોના ભાવો ભરેલ છે. જેથી નગરપાલિકા ધ્વારા દૈનિક પેપરમાં જાહેર નિવિદામાં જણાવ્યા મુજબ અધુરી વિગતવાળુ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.એમ દર્શાવેલ છે. ઉપરોક્ત હકીકતોને ધ્યાને લેતા ૦૨(બે) ટેન્ડરરશ્રીઓના આવેલ ટેન્ડર અન્વયેના કામે કમીટીમાં ચર્ચા વિચારણાના અંતે, આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે, શ્રીયા ઈલેકટ્રોનીકસ, પારનેરા–પારડી,સરપંચ ફળિયું. વલસાડના ભાવો સૌથી આવેલ ઓછા હોય, જે સૌથી ઓછા ભાવો મંજુર કરી, શ્રીયા ઈલેકટ્રોનીકસ, પારનેરા–પારડી,સરપંચ ફળિયું. વલસાડ પાસે સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સના કામે ઈલે.મટીરીયલ ખરીદ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૪૯ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

વ. કા. નં.–૧૧

વિષયઃ– ના.સરકારશ્રીની અમૃત યોજના સને ૨૦૧૬–૧૭ ના વર્ષ દરમ્યાન અબ્રામા ઓવર બ્રીજથી ધરમપુર ચોકડી સુધી ફુટપાથ અને સાઈકલ ટ્રેક બનાવવાના કામે એજન્સીની સમયમર્યાદામાં વધારો કરવા અંગેની આવેલ અરજી બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીની અમૃત યોજના સને : ૨૦૧૬–૧૭ ના વર્ષ દરમ્યાન ઓવરબ્રીજ થી ધરમપુર ચોકડી સુધી ફુટપાથ અને સાઈકલ ટ્રેક બનાવવાના કામ બાબતનું ટેન્ઠર કા.સ.ઠ.નં.–૧૯૫ / તા.: ૨૪/૦૯/૨૦૧૮ થી ટેન્ડર એસ્ટીમેન્ટ કોસ્ટ રૂા.૩૫૪૪૬૭૫૮.૭૩ કરતાં ૧૯.૨૬% નીચા ભાવથી રૂા.૨૮૬૧૯૭૧૨.૭૩ થી મંજુર કરવામાં આવેલ છે.જે અન્વયે નગરપાલિકા ઘ્વારા તા.:૨૫ / ૧૧/૨૦૧૮ ના વર્કઓર્ડર ૧૨ મહિનાના સમયગાળા માટે આપવામાં આવેલ છે. કા.સ.ઠ.નં.૮૪ / તા.: ૨૦ /૦૭ / ૨૦૧૯ થી ૬ મહિનાની સમય વધારાની મંજુરી તા.:૨૫/૦૫/૨૦૨૦ કરવામાં આવેલ હતો ત્યારબાદ સરકારના નિયમોનુસાર કોરોના મહામારીના કારણે ૬ મહિનાની સમય વધારો આપતા તા.:૨૫ / ૧૧ / ૨૦૨૦ કરવામાં આવેલ હતો.

વધુમાં, એજન્સીના તા.: ૨૯ /૦૬/૨૦૨૧ ના પત્રમાં સમય મર્યાદામાં વધારો કરવા જણાવેલ છે. જે હકીકતને ઘ્યાને લેતાં સદરહુ કામગીરી માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રોડ પર ચાલી આવેલ છે. જે અંતર્ગત નાયબ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, વલસાડ ઘ્વારા સદરહુ કામગીરી શરૂ કરતાં વારંવાર સ્થળ પર કામગીરી અટકાવવામાં આવતા કામગીરીમાં વિલંબ થયેલ છે. જે અંતર્ગત તા.:૨૬ / ૧૦ / ૨૦૨૦ ના રોજ મે. કલેકટર સાહેબશ્રીના અઘ્યક્ષ સ્થાને થયેલ સંકલન મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ નાયબ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન પેટા વિભાગ ઘ્વારા જા. નં. પીબી / ૯૩૪ / ૨૦૨૦, તા.: ૨૬ / ૧૦ / ૨૦૨૦ થી ધરમપુર અબ્રામા રોડ પર રોડના મઘ્યથી ૧૧.૦૦ મીટરથી ૧૫.૦૦ મીટરમાં બ્યુટીફીકેશનની કામગીરી કરવા માટે પરવાનગી આપવામાં આવેલ છે. તથા મંજુર થયેલ જગ્યા ઓવરબ્રીજથી ધરમપુર ચોકડી સુધી જતાં રોડની બન્ને બાજુએ માર્ગ અને મકાન વિભાગ, વલસાડની હયાત બોક્ષ ડ્રેઈન બનાવવામાં આવેલ છે. જે હાલે કાર્યરત નથી તેમજ અમુક સ્થળ પર બોક્ષ ડ્રેઈન બનાવવામાં આવેલ નથી સદરહુ બાબતે માર્ગ અને મકાન વિભાગ, વલસાડ સાથે મૌખિક ચર્ચા કરતા તેમજ કન્સલ્ટન્ટ, નગરપાલિકા કચેરીએથી સ્થળ તપાસ કરતાં જણાય આવેલ છે.જે માટે ભવિષ્યમાં વરસાદી પાણીના નિકાલ માટે ત્યાં સ્ટ્રોમ લાઈન નાખવી આવશ્યક છે તથા ફુટપાથ તેમજ સાઈકલ ટ્રેક ને સમાંતર

જે છોડવા તેમજ વૃક્ષ રોપવામાં આવશે તેના માટે પાણીની ડ્રીપલાઈન નાખવી જરૂરી છે જેથી તેનો યોગ્ય ઉછેર થઈ શકે છે તથા છોડવા તેમજ વૃક્ષની જાળવણી માટે રેલીંગ કરવી પડે તેમ છે. જે માટેના વધારાની કામગીરી દરખાસ્ત અત્રેની કચેરીએથી તા.: ૧૯/૦૧/૨૦૨૧ ના રોજ ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર ખાતે જરૂરી આગળની મંજુરી મેળવવા અર્થે અત્રેની કચેરીએથી દરખાસ્ત સાદર કરેલ છે. અને હાલે સદરહું દરખાસ્ત ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર ખાતે જરૂરી આગળની મંજુરી મેળવવા અર્થે અત્રેની કચેરીએથી દરખાસ્ત સાદર કરેલ છે. તેમજ તા.: ૨૪/૦૪/૨૦૧૭ ના રોજ ગુજરાત શહેરી વિકાસ મિશન ખાતે મળેલ 10th SLTC ની મીટીંગના એજન્ડા–૨, અનુસાર ગ્રીન સ્પેસ અને અર્બન ટ્રાન્સપોર્ટેશન સેકટરના બધા અધિકાર નગરપાલિકાને સુપ્રત કરેલ છે જે અનુસાર કમીટીમાં ચર્ચા વિચારણા કરતાં ઉપરોક્ત પ્રોજેકટના વધારાની કામગીરીને મંજુર કરી તા.: ૩૦/૧૨/૨૦૨૧ સુધી એજન્સીને સમય મર્યાદામાં વધારો આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૧૫૦ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>વ. કા. નં.–૧૨</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકામાં છેલ્લા ૧૦ વર્ષથી વધુ વર્ષથી કામગીરી કરી રહેલ વર્ગ–૩ અને વર્ગ–૪ માં કાર્યરત એવા ફીકસ પગારના કર્મચારીઓના વેતનમાં વધારો કરવા બાબતની આવેલ અરજી અંગે નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, વલસાડ ના વર્ગ–૩ અને વર્ગ–૪ના કર્મચારીઓની તા.: ૧૪–૦૭–૨૦૨૧ ના રોજ આવેલ અરજી માં જણાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકામાં છેલ્લા ૧૦ વર્ષ કે તેથી વધુ વર્ષથી નિયમીત રીતે કામગીરી કરતા આવેલ છે અને કરીએ છીએ વલસાડ નગરપાલિકા ધ્વારા વખતો વખત ફીકસ પગારમાં ચાલતા કર્મચારીને પગારમાં વધારો કરવામાં આવેલ છે. છેલ્લો વધારો નગરપાલિકા તરફથી સને ૨૦૧૫ થી વધારો કરવામાં આવેલ છે. ત્યારબાદ છેલ્લા છ વર્ષથી કોઈપણ પ્રકારનો વધારો કરવામાં આવેલ નથી હાલની કારમી મોંઘવારીને ઘ્યાને લઈ કુટુંબનું ભરણપોષણ કરવુ અતિમુશ્કેલ છે. તેમજ સરકારશ્રીના વખતો વખતના ઠરાવોને ઘ્યાને લઈ હાલની મોંઘવારીને ઘ્યાને લઈ રોજમદારના પગાર કરતા પણ ઓછો પગાર અરજદારોને મળતો હોય જેને ઘ્યાને લઈ વર્ગ–૩ અને વર્ગ–૪ ના કર્મચારીઓ કે જેઓ વલસાડ નગરપાલિકામાં છેલ્લા ૧૦ વર્ષ કે તેથી વધુ વર્ષથી નિયમીત રીતે કામગીરી કરતાં કર્મચારીઓને સરકારશ્રીના ફીકસ પગારની નીતી પ્રમાણેનો પગાર આપવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવા / નિર્ણય કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૫૧ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>વ. કા. નં.–૧૩</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૯ ના ટી.વી. રીલે કેન્દ્ર વિસ્તારમાં થઈ નનકવાડા ગ્રામ પંચાયત વિસ્તાર સુધી વરસાદી પાણીના નિકાલ માટે અંદર ગ્રાઉન્ડ પાઈપો નાખવા અંગેનાં કામે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

વોર્ડ નં.–૯ ના વેસ્ટ રેલ્વે યાર્ડ તથા સી.બી.હાઈસ્કુલથી ટી.વી. રીલે કેન્દ્ર વિસ્તારમાં થઈ નનકવાડા ગ્રામ પંચાયત થઈ સિવિલ રોડ થઈ વાંકી નદીમાં વર્ષોથી વરસાદી પાણીનો નિકાલ થાય છે. જે અંતર્ગત સદરહું વિસ્તારમાં ડેવલોપમેન્ટની કામગીરીમાં વધારો થતાં સદરહું વિસ્તારનું વરસાદી પાણીનો ટી.વી. રીલે કેન્દ્ર વિસ્તાર તથા નનકવાડામાં ભરાવો થાય છે. સદરહું વરસાદી પાણીના નિકાલ માટે ટી.વી. રીલે કેન્દ્ર વિસ્તાર થઈ નનકવાડા ગ્રામ પંચાયત વિસ્તાર સુધી વરસાદી પાણીના નાળા નાખવાની જરૂરીયાત છે. જે અંતર્ગત નનકવાડા ગ્રામ પંચાયત ધ્વારા તા.:૦૩/૧૧/૨૦૨૦ ના રોજ અત્રેની કચેરીએ સદરહું વરસાદી પાણીના ભરાવાની રજુઆત કરેલ છે તેમજ નનકવાડા ગ્રામ પંચાયત ધ્વારા અંદર ગ્રાઉન્ડ પાઈપો નાખવા માટે કોઈપણ પ્રકારનો વાંધો નથી તેનો અરજીમાં ઉલ્લેખ કરેલ છે. જે હકીકતોથી વિદીત થતાં સદરહુ કામગીરી ના.સરકારશ્રીની અમૃત યોજનામાં આયોજન કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૫૨/ તા.:૧૯–૦૭–૨૦૨૧

———————————————————————————————————————————

વ. કા. નં.–૧૪

વિષયઃ– વોર્ડ નં.–૧૧માં વિવિધ વિસ્તારમાં જીએસબી  મટીરીયલ્સ ગાડી નંગ–૫૮ની જરૂરીયાત હોય, જે અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧૦.૧૫ લાખ થવા જાય છે. જે મંજુર કરવા અંગે જરૂરી  નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૧૧ ના સભ્યશ્રી મહેબુબ ઉર્ફે ઝાકીર પઠાણની તા.:૨૧–૦૬–૨૦૨૧ ના રોજની અરજીમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૧૧ માં જુદાજુદા વિસ્તારોમાં જી.યુ.ડી.સી. ધ્વારા  ડ્રેનેજ લાઈન નાખવાથી રસ્તા ખરાબ થઈ ગયેલ છે. જેથી સદરહુ વિસ્તારમાં અવર–જવર કરતાં રાહદારીઓને મુશ્કેલી ઉપસ્થિત થાય છે. તો સદરહું ખરાબ થયેલ રસ્તાઓ ઉપર આવનારી ચોમાસાની સીઝનમાં સદરહુ રસ્તા ઉપર કોઈ જાનમાલ / અકસ્માત ન થાય તેવા શુભ આશયથી તાકીદે રસ્તાઓને જી.એસ.બી. મટીરીયલ્સ નાખી શહેરીજનો સરળતાથી અવર–જવર કરી શકે તેવું આયોજન હાથ ધરવાની જરૂરીયાત છે. સદરહુ બાબતને ધ્યાને લઈ જરૂરીયાત મુજબ જી.એસ.બી.મટીરીયલ્સ નાખી સદરહુ રસ્તાને મરામત કરવાની જરૂરીયાત છે. સદરહુ અરજીમાં જણાવ્યા મુજબ વોર્ડ નં.–૧૧ ના વિસ્તારોમાં જરૂરીયાત મુજબ કામગીરી કરવા માટે કા.સ.ઠ.નં.–૧૮૫ / તા.:૧૯–૧૦–૨૦૨૦ થી સને : ૨૦૨૦–૨૧ ના વર્ષના બાંધકામ સાઈટ મટીરીયલ્સ સપ્લાય કરવાના કામનું આવેલ ટેન્ડરમાં મંજુર થયેલ ભાવોથી વલસાડ નગરપાલિકા હદમાં ખરાબ થયેલ રસ્તાઓને મરામત કરવા માટે જી.એસ.બી. મટીરીયલ્સ ગાડી નંગ–૫૮ ની જરૂરીયાત છે. અને જે અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧૦.૧૫ લાખ થવા જાય એમ છે. સદરહું કામે મંજુર કરવામાં આવેલ એજન્સીને મટીરીયલ્સ સપ્લાય કરવા  તેમજ ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ કામગીરી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૫૩ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

વ. કા. નં.–૧૫

વિષયઃ– વોર્ડ નં.–૦૩, અને ૦૪માં વિવિધ વિસ્તારમાં જીએસબી  મટીરીયલ્સ ગાડી નંગ–૯૯ તથા મેટલ મટીરીયલ્સ ગાડી નંગ–૧૭ની જરૂરીયાત હોય, જે અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૨૦.૩૮ લાખ થવા જાય છે. જે મંજુર કરવા અંગેજરૂરી  નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

ઈ.ચા.મોગરાવાડી ઝોન, વલસાડ નગરપાલિકાના તા.:૧૧–૦૬–૨૦૨૧ ના રીપોર્ટમાં જણાવ્યા મુજબ તેમજ સદરહું રીપોર્ટમાં વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૦૩ અને ૦૪ ના સભ્યશ્રી  ગીરીશભાઈ દેસાઈ વિગેરેની રીમાકર્સ અન્વયેના રીપોર્ટમાં  જણાવ્યા મુજબ, મોગરાવાડી વિસ્તારમાં ઉપરોકત રીપોર્ટમાં જણાવ્યા મુજબના વિસ્તારોના રસ્તા વરસાદના પાણીથી ખોદાયને ધોવાય ગયેલ હોય અને સદરહુ માર્ગો રાહદારીઓ તથા વાહન ચાલકો તેમજ સદરહુ વિસ્તારના સ્થાનિક રહીશોને માટે અકસ્માત નહી સર્જાય તે માટે સદરહુ તમામ રસ્તાઓ ઉપરજી.એસ.બી.મટીરીયલ તેમજ મેટલ મટીરીયલ નાખવા જણાવેલ છે. સદરહુ ઈ.ચા. મોગરાવાડી ઝોન તેમજ વોર્ડ નં.–૦૩ અને ૦૪ ના સભ્યશ્રીઓની ભલામણ મુજબના વિસ્તારોમાં ખરાબ થયેલ રસ્તાઓને મરામત કરવાની જરૂરીયાત હોય, અને આવનારી ચોમાસાની સીઝનમાં સદરહુ રસ્તા ઉપર કોઈ જાનમાલ / અકસ્માત ન થાય તેવા શુભ આશયથી તાકીદે રસ્તાઓને જી.એસ.બી.મટીરીયલ્સ તેમજ મેટલ મટીરીયલ નાખી શહેરીજનોને સરળતાથી અવર–જવર કરી શકે તેવું આયોજન હાથ ધરવાની જરૂરીયાત છે. સદરહું બાબતને ઘ્યાને લઈ રીપોર્ટમાં જણાવ્યા મુજબ જી.એસ.બી.મટીરીયલ્સ તેમજ મેટલ મટીરીયલ નાખી સદરહુ રસ્તાને મરામત કરવાની જરૂરીયાત છે. જે કામે કા.સ.ઠ.નં.–૧૮૫ / તા.:૧૯–૧૦–૨૦૨૦ થી સને : ૨૦૨૦–૨૧ ના વર્ષના બાંધકામ સાઈટ મટીરીયલ્સ સપ્લાય કરવાના કામનું આવેલ ટેન્ડરમાં મંજુર થયેલ ભાવોથી વલસાડ નગરપાલિકા હદમાં ખરાબ થયેલ રસ્તાઓને મરામત કરવા માટે જી.એસ.બી. મટીરીયલ્સ ગાડી નંગ–૯૯, તથા મેટલ મટીરીયલ્સ ગાડી નં.–૧૭ની જરૂરીયાત છે. અને જે અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૨૦.૩૮ લાખ થવા જાય એમ છે. સદરહું કામે મંજુર કરવામાં આવેલ એજન્સીને મટીરીયલ્સ સપ્લાય કરવા  તેમજ ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ કામગીરી  કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૧૫૪ / તા.:૧૯–૦૭–૨૦૨૧

---

<u>વ. કા. નં.–૧૬</u>

<u>વિષયઃ–</u> નગરપાલિકાના ધન કચરાની ડમ્પીંગ સાઈટ સુધી અંદાજે ૬૦૦ મીટર જેટલો રસ્તો બનાવવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી, સેનેટરી શાખા, વલસાડ નગરપાલિકાના તા.:૨૫–૦૫–૨૦૨૧ ના રીપોર્ટમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાની ધન કચરાની ડમ્પીંગ સાઈટ પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં અને નગરપાલિકાના STP પ્લાન્ટની બાજુમાં આવેલ છે. સદરહુ જગ્યા ઉપર નગરપાલિકા છેલ્લા ૨૩ વર્ષથી કચરાનો નિકાલ કરતી આવેલ છે. અને પહેલા ટ્રેકટરો જુના STP પ્લાન્ટવાળી જગ્યામાંથી ડમ્પ સાઈટ ઉપર જતાં હતા તેને બદલે હાલે રેલ્વે ધ્વારા બનાવવામાં આવેલ ફ્રેઈડ કોરીડોરની બાજુવાળી જગ્યા પાસેથી થાય છે. તો સદરહુ બાબતે STP પ્લાન્ટ થી ડમ્પીંગ સાઈટ સુધીનો અંદાજે ૬૦૦ મીટરનો રોડ હાલે કાચો હોય, અને સદરહુ કાચા રોડ ઉપર ચોમાસાની સીઝનમાં અવર–જવર કરવામાં મુશ્કેલી પડે છે. જેથી સદરહુ કાચા રોડને બનાવવા માટે જરૂરી ભલામણ કરવામાં આવેલ છે.

ના.સરકારશ્રીની ૧૪મું નાણાપંચ–૨૦૧૮–૧૯ ની યોજના હેઠળ કાશ્મીરનગર નાળા થી કલર ફેકટરી થઈ STP ના ગેટ સુધી ડામર રોડ બનાવવામાં આવેલ છે. પરંતુ STP ના ગેટથી કચરાની ડમ્પીંગ સાઈટ જતો રોડ કાચો હોય, અને સદરહુ કાચા રોડ ઉપર ચોમાસાની સીઝન દરમ્યાન સેનેટરી શાખાના ટ્રેકટરોને અવર–જવર કરવામાં મુશ્કેલી ઉપસ્થિત થાય એમ છે.હાલે ચોમાસાની સીઝન ખુબજ નજીક હોય, અને ચોમાસાની સીઝન શરૂ થાય એ પહેલા સદરહુ કાચા રોડને બનાવવામાં આવે તો ચોમાસાની સીઝનમાં અવર–જવર કરતાં ટ્રેકટરો વધુ મુશ્કેલી ન થાય એવા શુભ આશયથી સદરહુ રોડને જી.એસ.બી.મટીરીયલ્સ ધ્વારા રોડ બનાવવામાં આવે તો હાલ શરૂ થનાર ચોમાસાની સીઝનમાં અવર–જવર કરવામાં સરળતા રહે એમ છે. જેથી સદરહું કામગીરી કરવા અંગે કા.સ.ઠ.નં.–૧૮૫ / તા.:૧૯–૧૦–૨૦૨૦ થી મંજુર થયા મુજબ સને : ૨૦૨૦–૨૧ ના વર્ષના બાંધકામ સાઈટનો મટીરીયલ્સ સપ્લાય અંગેના આવેલ ઓનલાઈન ટેન્ડરના ભાવોથી એજન્સીને વર્કઓર્ડર આપી કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..